પાના ૮, કિંમત રૂ.૨, તા. ૧૮-૦૮-૨૦૨૬-મંગળવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૨૧૨ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# જેન-ઝી સાથે વાતચીત કરવી આવશ્યક : કિરણ રિજિજુ

## જેન-ઝી આપણા બાળકો છે, દીપકે વિદ્યાર્થી નથી, કોંગ્રેસ પાર્ટી માઓવાદી અને નક્લસવાદી પાર્ટી બનતી જાય છે : સંસદીય કાર્ય મંત્રી



નવી દિલ્હી, તા. ૧૮

કેન્દ્રીય સંસદીય કાર્ય મંત્રી કિરણ રિજિજુએ આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું છે કે Gen-Z આપણા પોતાના બાળકો છે અને તેમની સાથે સતત વાતચીત જરૂરી છે. તેમણે કહ્યું કે Gen-Z સાથે કનેક્શન જોડવામાં સરકાર કે ભાજપ તરફથી કોઈ કમી નથી.રિજિજુએ કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજીત દીપકે પર પણ પ્રહાર કર્યા. તેમણે કહ્યું- દીપકે AAP કાર્યકર્તા છે, વિદ્યાર્થી કેવી રીતે બની ગયા? રિજિજુએ કહ્યું- કોંગ્રેસ પાર્ટી માઓવાદી અને નક્સલવાદી પાર્ટી બનતી જઈ રહી છે.

રિજિજુએ જંતર-મંતર પ્રદર્શન પર દિલ્હી પોલીસની કાર્યવાહીનો બચાવ કર્યો. તેમણે કહ્યું કે હજારો લોકોના પ્રદર્શન છતાં એક પણ ગોળી ચાલી નહી અને કોઈ પ્રદર્શનકારીને ગંભીર ઈજા થઈ નહી. તેમણે કહ્યું- જો આવું આંદોલન કોંગ્રેસના સમયમાં થયું હોત, તો હજારો લોકોના મોત થઈ શક્યા હોત.

કેન્દ્રીય સંસદીય કાર્ય મંત્રી કિરણ રિજિજુએ ઈન્ટરવ્યુમાં રાહુલ ગાંધી, જંતર-મંતર પ્રદર્શન, સંસદમાં હોબાળો અને પીએમ મોદીના 'દિમાગી નક્સલ' વાળા નિવેદન પરના વિવાદ પર પ્રતિક્રિયા આપી. તેમણે રાહુલ ગાંધીને વિપક્ષ નેતાના પદની ગરિમા જાળવી રાખવાની સલાહ આપી.

જંતર-મંતર પ્રદર્શન મામલે રિજિજુએ આરોપ લગાવ્યો કે CJP ફાઉન્ડર અભિજીત દીપકે વિદ્યાર્થી બનીને આંદોલનમાં સામેલ થયો અને AAPએ તેના દ્વારા આંદોલનને હાઈજેક કરવાનો પ્રયાસ કર્યો.

રિજિજુએ કહ્યું, ''રાહુલ ગાંધીએ વિરોધ પક્ષના નેતાના પદની ગરિમા મુજબ કામ કરવું જોઈએ અને તે જ રીતે ગૃહમાં બોલવું જોઈએ. મારો તેમની સાથે કોઈ વ્યક્તિગત મુદ્દો નથી. અમે મળીએ છીએ અને વાતચીત કરીએ છીએ.''

તેમણે કહ્યું, ''રાહુલ ગાંધીએ એક ખાસ શૈલી અપનાવી છે અને તેમના સાંસદો પણ તે જ રીતે વર્તન કરવા લાગ્યા છે.''

રિજિજુએ કોંગ્રેસ પર સંસદમાં હોબાળો કરવાનો આરોપ લગાવતા કહ્યું, ''કોંગ્રેસના સાંસદોએ ચર્ચા કરવી જોઈએ. જો કોઈ સાંસદને માત્ર હોબાળો અને સૂત્રોચ્ચાર કરવા હોય તો પછી સાંસદ બનવાની જરૂર શું છે?''અમિત શાહના નિવેદનની વિપક્ષની માંગ પર રિજિજુએ કહ્યું - કોંગ્રેસ સંસદનો સામનો કરવાથી ડરી ગઈ છે. તેથી તેણે ચર્ચાથી ભાગી જવાનું બહાનું બનાવ્યું. જ્યારે સરકાર દરેક સવાલનો જવાબ આપવા અને પરિસ્થિતિઓની સંપૂર્ણ માહિતી આપવા માટે તૈયાર હતી, ત્યારે કોંગ્રેસ સત્યનો સામનો કરવાની સ્થિતિમાં ન હતી.રિજિજુએ કહ્યું - અમે કોંગ્રેસને વારંવાર સંસદમાં આવવા અને ચર્ચા કરવા માટે કહેતા રહ્યા, પરંતુ તેઓ આવું કરવા માંગતા નથી. કોંગ્રેસના સાંસદોને લાગે છે કે તેમનું કામ ફક્ત હોબાળો કરવો, બૂમો પાડવી અને ગાળો આપવી છે. જો કોઈ સાંસદને ફક્ત હોબાળો કરવો હોય તો સાંસદ બનવાની જરૂર શું છે? તેઓ રસ્તા પર પ્રદર્શન કરી શકે છે.

# ઈરાનને ત્રણ બાજુથી ઘેરવા ટ્રમ્પે નવી રણનીતિ અપનાવી

### ૬૦ દિવસનો કરાર સમાપ્ત થયો છતા ટ્રમ્પે હુમલો કરવાનો આદેશ આપ્યો નહીં

નવી દિલ્હી, તા. ૧૮

અમેરિકા અને ઈરાન વચ્ચે જૂનમાં થયેલો ૬૦ દિવસનો કરાર સોમવારે સમાપ્ત થઈ ગયો. તેનો હેતુ બંને દેશો વચ્ચે યુદ્ધ રોકવાનો અને ઈરાનના પરમાણુ કાર્યક્રમ પરના વિવાદનો ઉકેલ લાવવાનો હતો. ડેડલાઈન પૂરી થયા છતાં, ન તો કોઈ અંતિમ કરાર થયો, ન તો અમેરિકાએ ઈરાન પર મોટો હુમલો શરૂ કર્યો.૬૦ દિવસ દરમિયાન ટ્રમ્પે ઘણી વખત કહ્યું કે જો વાતચીત નિષ્ફળ જશે તો અમેરિકા લશ્કરી કાર્યવાહી માટે સંપૂર્ણપણે તૈયાર છે. એવું માનવામાં આવતું હતું કે ડેડલાઈન પૂરી થતાં જ અમેરિકા ફરી મોટો હુમલો કરી શકે છે.

સમયમર્યાદા પૂરી થવાના બરાબર પહેલા ટ્રમ્પનો દૃષ્ટિકોણ બદલાતો જોવા મળ્યો. એક્સિયોસને આપેલા ઈન્ટરવ્યુમાં ટ્રમ્પે કહ્યું, ''અમે પહેલાં કરતાં હળવો દૃષ્ટિકોણ અપનાવી રહ્યા છીએ.'' વોશિંગ્ટન પોસ્ટ અનુસાર, અમેરિકા ઈરાનને ત્રણ રીતે ઘેરી રહ્યું છે.

ટ્રમ્પની વર્તમાન રણનીતિને સમજવા માટે સૌથી મહત્વની વાત એ છે કે અમેરિકા યુદ્ધને સમાપ્ત થયેલું માનતું નથી.ટ્રમ્પને લાગે છે કે હાલમાં ઈરાન પર આર્થિક દબાણ વધારવું સૈન્ય હુમલા કરતાં વધુ અસરકારક હોઈ શકે છે.

અમેરિકી નૌકાદળની નાકાબંધીએ ઈરાનની આર્થિક મુશ્કેલીઓમાં વધુ વધારો કર્યો છે. ટ્રમ્પનું માનવું છે કે જો ઈરાન યુદ્ધમાં ફસાયેલું નહીં રહે તો તેને પોતાની વાસ્તવિક આર્થિક સ્થિતિનો સામનો કરવો પડશે. જેમ કે, બરબાદ માળખાકીય સુવિધાઓ, નબળી અર્થવ્યવસ્થા, મોંઘવારી અને પૈસાની અછત.

એટલે કે, અમેરિકાનો દાવ એ છે કે યુદ્ધ રોકીને ઈરાનને નબળું પડવા દેવામાં આવે. અમેરિકી ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સે શનિવારે જણાવ્યું હતું કે

અનુસંધાન પાના ૭ પર

# ચોમાસાની વિદાયના સંકેત દેશમાં ૧૩ ટકા વરસાદની ઘટ

### ઉત્તર-પશ્ચિમ ભારતમાં સૂકા પવનોને લીધે ભેજ ઘટશે

નવી દિલ્હી, તા. ૧૮

ભારતમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની ધીમે-ધીમે વિદાય થવાના પ્રારંભિક સંકેતો સ્પષ્ટપણે દેખાવા લાગ્યા છે અને હવામાન વિભાગના તાજા આંકડા અનુસાર આ વર્ષે જૂન મહિનાથી અત્યાર સુધીમાં દેશભરમાં સરેરાશ કરતાં ૧૩ ટકા ઓછો વરસાદ નોંધાયો છે.

પશ્ચિમ અને મધ્ય ભારતનાં કેટલાક વિસ્તારોમાં સામાન્ય કે સંતોષકારક વરસાદ થયો છે, પરંતુ ગંગાના મેદાની વિસ્તારો, ઉત્તર-પૂર્વના રાજ્યો અને દક્ષિણ ભારતમાં હજુ પણ ભારે વરસાદી ખાધ વર્તાઈ રહી છે.

હવામાન નિષ્ણાતોના જણાવ્યાં અનુસાર હાલ વાતાવરણમાં એક ખૂબ જ મોટો આબોહવાકીય ફેરફાર થઈ રહ્યો છે, જેમાં ઉત્તર-પશ્ચિમ ભારતમાંથી ભેજવાળા ચોમાસાનાં પવનો પીછેહઠ કરી રહ્યાં છે અને તેની જગ્યાએ સૂકા ઉત્તર-પશ્ચિમી પવનો ઝડપથી આગળ વધી રહ્યાં છે.આ ઉપરાંત સેટેલાઈટ ઈમેજરી અને હવામાનના મોડેલો દર્શાવે છે કે ચોમાસાની ટ્રફ રેખા પોતાનાં સામાન્ય સ્થાનથી ખસીને હિમાલયની તળેટી તરફ સરકી ગઈ છે, જે મેદાની વિસ્તારોમાં ચોમાસું નબળું પડવા માટેનો એક પ્રમુખ સંકેત ગણાય છે. આ પસ્થિતિને કારણે ઉત્તર, પશ્ચિમ અને ઉત્તર-પશ્ચિમ ભારતનાં મોટાભાગના વિસ્તારોમાં વાદળો બંધાવાની અને વરસાદ થવાની શક્યતાઓ ખૂબ જ નહિવત બની ગઈ છે.

અનુસંધાન પાના ૭ પર

# સીજેપી કાર્યકરના પિતાને ભાજપના કાર્યકરોએ ઢોર માર મારતા મોત

### શાળાની ખરાબ હાલતનો વિડીયો બનાવવા અંગે મારામારી કરનાર આઠની ધરપકડ

નવી દિલ્હી, તા. ૧૮

કોકરોચ જનતા પાર્ટી (CJP) ના નેતા આશુતોષ રાંકાએ દાવો કર્યો કે પાર્ટી કાર્યકર શેખ અબ્દુલ હફીઝના પિતાનું મૃત્યુ BJP કાર્યકરો દ્વારા માર માર્યા બાદ થયું હતું. CJP ની એક ટીમ સોમવારે પશ્ચિમ બંગાળના બાંકુડા પહોંચી અને હફીઝના ઘરે જઈને તેમના પરિવારને મળી.હફીઝના પિતા મફીક પર ૧૩ ઓગસ્ટે કેટલાક લોકોએ હુમલો કર્યો હતો. તેના બે દિવસ પછી તેમનું મૃત્યુ થયું. આ મામલે બાંકુડા પોલીસે અત્યાર સુધીમાં ૮ લોકોની ધરપકડ કરી છે. જેમાં ૩ નામિત આરોપીઓ અને ૫ અન્ય શંકાસ્પદ વ્યક્તિઓનો સમાવેશ થાય છે.પીડિત પરિવારનો આરોપ છે કે મફીક તેમના ગામ કરિસુંડાની સરકારી શાળામાં ઝત્ત ના 'સ્કૂલ ઠીક કરો' અભિયાનમાં જોડાયા હતા. તેમણે શાળાની ખરાબ હાલતનો વીડિયો બનાવ્યો હતો. તે જ સાંજે હથિયારબંધ લોકો ઘરમાં ઘૂસીને તેમને માર માર્યો હતો.રાંકાએ આરોપ લગાવ્યો કે હફીઝના પરિવારને ધમકી મળવા છતાં બંગાળ પોલીસે કોઈ કાર્યવાહી કરી નથી. હફીઝ ૧૮ જુલાઈએ પ્રદર્શનમાં સામેલ થવા માટે દિલ્હીના જંતર-મંતર ગયો હતો.ત્યાંથી પાછા ફર્યા પછી તે CJP ના 'સ્કૂલ ઠીક કરો' અભિયાન સાથે જોડાયો. આ પછી સ્થાનિક ભાજપના ધારાસભ્ય નિર્મલ ધારા અને તેમના સમર્થકોએ હફીઝને ધમકાવવાનું શરૂ કર્યું.બંગાળ પોલીસે આરોપોને નકારી કાઢતા કહ્યું કે અબ્દુલ હફીઝના પિતાને સામાન્ય ઈજા થઈ હતી, જેના માટે એક ટાંકો લગાવવામાં આવ્યો હતો.પોલીસે જણાવ્યું કે ૧૫ ઓગસ્ટની સવારે મફીકે બ્લડ પ્રેશરમાં અચાનક ઉતાર-ચઢાવ પછી પોતાને બર્દવાન મેડિકલ કોલેજમાં દાખલ કરાવ્યો. ડોકટરોએ તપાસ પછી જણાવ્યું કે તેમને જીવલેણ ઈજા નહોતી. જોકે, તે જ રાત્રે તેમનું મૃત્યુ થયું.પોલીસના જણાવ્યા મુજબ, ધરપકડ કરાયેલા આરોપીઓને ૮ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે. જ્યારે, અન્ય ૨ આરોપીઓની શોધખોળ ચાલુ છે. હાફિઝના ઘરે સુરક્ષા માટે એક પોલીસકર્મી પણ તૈનાત કરવામાં આવ્યો છે.

# કુલ ૩૨૬ સાંસદો અને ૧૪ મુખ્યમંત્રી સામે ફોજદારી કેસ

### સુપ્રિમ કોર્ટમાં રજૂ કરાયેલા રિપોર્ટમાં રાજકારણના ગંભીર સ્વરૂપનો ખુલાસો

નવી દિલ્હી, તા. ૧૮

રાજકારણમાં અપરાધીકરણ રોકવા માટે વખતોવખત દાવા થવા છતાં વાસ્તવિક-નકકર કદમ ઉઠાવાતા નથી ત્યારે સર્વોચ્ચ અદાલતમાં પેશ થયેલા રિપોર્ટમાં રાજકારણનું ગંભીર ચિત્ર ઉપસ્યુ છે. ભારતના ૩૨૪ સાંસદો તથા ૧૪ મુખ્યમંત્રીઓ સામે અપરાધીક કેસો હોવાનો ખુલાસો થયો છે.લોકસભા તથા રાજયસભામાં કુલ ૭૭૬ સદસ્યો છે. તેમાંથી ૩૨૬ સામે અપરાધીક કેસો છે તે પૈકીના ૨૧૦ સાંસદો સામેના કેસ પાંચ વર્ષ કે તેથી વધુની સજાની જોગવાઈ ધરાવતા ગંભીર પ્રકારના છે. ૧૪ મુખ્યમંત્રીઓ સામે પણ અપરાધીક કેસ છે.સુપ્રિમ કોર્ટમાં પેશ કરાયેલા સોગંદનામામાં આ ખુલાસો થયો છે. કોર્ટ સલાહકાર તરીકે નિયુક્ત કરેલા સીનીયર વકીલ વિજય હંસારિયા એ આ રિપોર્ટ પેશ કર્યો હતો. રિપોર્ટમાં એમ પણ કહેવાયુ છે કે વર્તમાન અને પુર્વ સાંસદો-ધારાસભ્યો સામે કુલ ૪૧૯૨ અપરાધીક કેસો પેન્ડીગ છે.એસોસીએશન ફોર ડેમોક્રેટીક રિફોર્મના રિપોર્ટને ટાંકીને એમ કહેવાયુ છે કે લોકસભામાં ૫૪૩માંથી ૨૫૧ સામે અપરાધીક કેસ છે. તેમાંથી ૧૭૦ ગંભીર પ્રકારના કેસ છે. રાજયસભાના ૨૩૩માંથી ૭૫ સામે અપરાધીક કેસ છે. તેમાંથી ૪૦ સામેના કેસ ગંભીર પ્રકારના છે.૨૦૧૬માં એડવોકેટ અશ્વિની ઉપાધ્યાયે જાહેરહિતની અરજી

અનુસંધાન પાના ૭ પર

# ભીંડ-ગ્વાલિયર હાઈ-વે પર વાન-ડમ્પર વચ્ચે ભયાનક ટક્કરમાં ૮ શ્રમિકોનાં મોત

### ગાયોને બચાવવા જતા પિક અપ વાન ડમ્પર સાથે અથડાતા ગમખ્વાર દુર્ઘટનામાં ૩૨ શ્રમિકો ઈજાગ્રસ્ત



નવી દિલ્હી, તા. ૧૮

ભીંડ-ગ્વાલિયર નેશનલ હાઈવે પર સોમવારે રાત્રે ૧ વાગ્યા દરમિયાન ગાયોના ટોળાને બચાવવાના ચક્કરમાં પિકઅપ ગાડી અને ડમ્પર વચ્ચે ભયાનક ટક્કર થતાં આ અકસ્માતમાં ૮ શ્રમિકોના ઘટના સ્થળે જ મૃત્યુ નિપજ્યા છે, જ્યારે ૩૨ શ્રમિકો ઘાયલ થયા છે.

આ અંગેની વિગત મુજબ મધ્ય પ્રદેશના ભિંડ-ગ્વાલિયર નેશનલ હાઈવે-૭૧૯ પર સોમવાર અને મંગળવારની મધ્યરાત્રિએ એક અત્યંત કણ અને ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો છે. છીમકા ગામ નજીક શ્રમિકોથી ભરેલી પિકઅપ ગાડી અને સામેથી આવી રહેલા ઝડપી ડમ્પર વચ્ચે ધડાકાભેર ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં ૮ કમનસીબ શ્રમિકએ સ્થળ પર જ પોતાના પ્રાણ ગુમાવ્યા હતા. જ્યારે ૩૨ જેટલા શ્રમિકો ગંભીર રીતે ઘાયલ થતાં વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

પોલીસ અને સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર આ દર્દનાક અકસ્માત રાત્રે આશરે ૧ વાગ્યાની આસપાસ બન્યો હતો. પ્રાથમિક તપાસમાં બહાર આવેલા તથ્યો મુજબ, હાઈવે પર અચાનક રસ્તા વચ્ચે બેઠેલા ગાયોના ટોળાને બચાવવાનો પ્રયાસ કરતી વખતે પિકઅપ ચાલકે નિયંત્રણ ગુમાવ્યું હતું અને સામેથી પૂરપાટ ઝડપે આવતા ડમ્પર સાથે ગાડી અથડાઈ પડી હતી.

અકસ્માત એટલો ભયાનક હતો કે પિકઅપનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને અડધી રાત્રે ચિચિયારીથી આખો હાઈવે ગૂંજી ઊઠ્યો હતો. મૃત્યુ પામેલા અને ઘાયલ થયેલા તમામ શ્રમિક ઉત્તર પ્રદેશના લખીમપુર ખીરી જિલ્લાના વતની હતા. તેઓ ડાંગરની રોપણી (ધાન કી રોપાઈ)નું મજૂરી કામ પૂં કરીને પોતાના વતન અને પરિવાર પાસે પરત ફરી રહ્યા હતા. પરંતુ કાળની ક્રૂરતા સામે તેઓ પોતાના

અનુસંધાન પાના ૭ પર

# હવે જુના ગ્રાહકોને પણ મળશે સસ્તી લોનનો ફાયદો

### વ્યાજ નક્કી કરવાની એકસરખી પદ્ધતિનો અમલ કરાશે

નવી દિલ્હી, તા. ૧૮

હવે બેંક અને લોન આપનારી કંપનીઓ (NBFCs) પોતાની મરજીથી લોન સ્પ્રેડ (બેન્ચમાર્ક રેટથી ઉપર વસૂલવામાં આવતો નફો) માં વારંવાર ફેરફાર કરી શકશે નહીં. અવારનવાર એવું જોવા મળે છે કે બેંકો નવા ગ્રાહકોને આકર્ષવા માટે વ્યાજદરો ઘટાડી દે છે, પરંતુ જૂના ગ્રાહકોને તેનો લાભ મળતો નથી. હવે ઈૈં ના નવા ડ્રાફ્ટ અનુસાર, બેંકોએ બેન્ચમાર્ક રેટ અને લોન રેટ વચ્ચેના આ તફાવત (સ્પ્રેડ) ને ઓછામાં ઓછા ત્રણ વર્ષ સુધી સ્થિર રાખવો પડશે.

પ્રસ્તાવિત નિયમો હેઠળ, તમામ લોન આપતી સંસ્થાઓ માટે વ્યાજની ગણતરીની પદ્ધતિ એકસરખી હશે. હવે વ્યાજ દર મહિને ગણાશે અને તેની ગણતરી દરરોજ ઘટતા બેલેન્સના આધારે કરવામાં આવશે. આમાં વર્ષના વાસ્તવિક દિવસોની સંખ્યાને જ આધાર માનવામાં આવશે.

ફ્લોટિંગ રેટ વાળી લોન માટે, મુખ્ય બેંકોએ દર ત્રણ મહિને ઓછામાં ઓછી એક વાર વ્યાજદરોની સમીક્ષા કરવી પડશે અને આ નિયમ સમગ્ર લોનગાળા દરમિયાન લાગુ રહેશે. ડ્રાફ્ટમાં એ પણ કહેવામાં આવ્યું છે કે લોનના વ્યાજદરના કેટલાક ભાગો (જેમ કે એડમિનિસ્ટ્રેશન ચાર્જ વગેરે) ને ત્રણ વર્ષ સુધી બદલી શકાશે નહીં.

જોખમ (રિસ્ક) ના આધારે લાગતા વધારાના વ્યાજ (ક્રેડિટ રિસ્ક

અનુસંધાન પાના ૭ પર

# ભારતની ચૂંટણી પ્રણાલીના વખાણ કરતા ટ્રમ્પ


### ભારતના મુખ્ય ચૂંટણી અધિકારી જ્ઞાનેશ કુમારના સવાલ પર અમેરિકામાં સેવ અમેરિકા એક્ટ પાસ કરાવવા પર ભાર મુકતા ટ્રમ્પ

નવી દિલ્હી, તા. ૧૮

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે ભારતની ચૂંટણી વ્યવસ્થાનો હવાલો આપતા 'સેવ અમેરિકા એક્ટ' પાસ કરવાની અપીલ કરી છે.ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર પોસ્ટમાં લખ્યું- આ મહિનાની શરૂઆતમાં, ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે અમારા પ્રશાસનને પૂછ્યું હતું કે અમેરિકામાં માન્ય ફોટો ID વિના ચૂંટણી કેવી રીતે થઈ શકે છે?

ટ્રમ્પે આગળ કહ્યું- આપણે હવે સેવ અમેરિકા એક્ટ પસાર કરવો પડશે. ટ્રમ્પે અમેરિકી ચૂંટણી પ્રક્રિયાને વધુ કડક બનાવવા પર ભાર મૂક્યો. તેમનું કહેવું છે કે તેનાથી અમેરિકી ચૂંટણીઓની સુરક્ષા અને વિશ્વસનીયતા વધશે.

સેવ અમેરિકા એક્ટ અમેરિકામાં મતદાર નોંધણી અને મતદાન સંબંધિત નિયમોને વધુ કડક બનાવતો એક કાયદાકીય પ્રસ્તાવ છે. આ અંતર્ગત, મતદાર નોંધણી



સમયે નાગરિકતાનો દસ્તાવેજી પુરાવો અને મતદાન સમયે ફોટો ID બતાવવું ફરજિયાત રહેશે.આ બિલમાં પોસ્ટ દ્વારા મતદાન કરવાની પ્રક્રિયાને ઘણી મર્યાદિત કરવાની વાત પણ કહેવામાં આવી છે. આ બિલ અમેરિકી પ્રતિનિધિ સભામાંથી પસાર થઈ ચૂક્યું છે, પરંતુ સેનેટમાં તેને હજુ સુધી મંજૂરી મળી નથી.આ મુદ્દે ડેમોક્રેટ અને રિપબ્લિકન, બંને પક્ષોમાં મતભેદ છે. ટ્રમ્પ સતત સેવ અમેરિકા એક્ટને પસાર કરાવવા પર ભાર મૂકતા રહ્યા છે. તેમનો દાવો છે કે તેનાથી ચૂંટણીની છેતરપિંડી પર રોક લાગશે.

અમેરિકામાં વોટર IDને લઈને લાંબા સમયથી રાજકીય ચર્ચા ચાલી રહી છે. તેના સમર્થકોનું કહેવું છે કે ફોટોં ઢ અને નાગરિકતાના દસ્તાવેજો ચૂંટણીની વિશ્વસનીયતા વધારવામાં મદદ કરશે.જ્યારે, વિરોધીઓનો તર્ક છે કે અમેરિકામાં બિન-નાગરિકોનું મતદાન પહેલેથી જ પ્રતિબંધિત છે અને કડક દસ્તાવેજી નિયમોને કારણે એવા મતદારો પણ પ્રભાવિત થઈ શકે છે, જેમની પાસે જન્મ પ્રમાણપત્ર અથવા માન્ય પાસપોર્ટ જેવા દસ્તાવેજો નથી.બાયપાર્ટિસન પોલિસી સેન્ટર અનુસાર, અમેરિકામાં લગભગ ૧૨% નોંધાયેલા મતદારો પાસે સામાન્ય રીતે સ્વીકાર્ય દસ્તાવેજી પુરાવા નથી.

# ઈન્ડોનેશિયામાં વધુ એક ૫.૭ની તિવ્રતા ધરાવતો ધરતીકંપ આવ્યો

### વિનાશક ૭.૭ના ભૂકંપમાં ૯૦૦ ઘરો સંપૂર્ણ નષ્ટ થઈ ગયા : કુલ ૫૩નાં મોત

નવી દિલ્હી, તા. ૧૮

ઈન્ડોનેશિયામાં અગાઉ આવેલાં વિનાશક ૭.૭ ની તીવ્રતાના ભૂકંપની તબાહી વચ્ચે આજે સવારે ઉત્તર-ઉત્તરપશ્ચિમ એન્ડે વિસ્તારમાં ૫.૭ ની તીવ્રતાનો વધુ એક આંચકો અનુભવાયો છે.યુએસ જિયોલોજિકલ સર્વે (USGS) ના જણાવ્યાં અનુસાર, આ નવા આંચકાનું કેન્દ્રબિંદુ જમીનથી ૩૫ કિલોમીટરની ઊંડાઈએ હતું. સદ્ભાગ્યે, આ તાજેતરનાં ૫.૭ તીવ્રતાના આંચકાથી કોઈ જાનમાલના નુકસાનની માહિતી મળી નથી.આ અગાઉ શનિવારે સવારે આવેલાં ૭.૭ ની તીવ્રતાના મુખ્ય ભૂકંપને કારણે મૃત્યુઆંક વધીને ૫૩ સુધી પહોંચી ગયો છે. રેસ્ક્યૂ ટીમોએ ફ્લોરેસ દ્વીપના કાટમાળ અને ભૂસ્ખલનવાળા વિસ્તારોમાંથી વધુ મૃતદેહો બહાર કાઢ્યાં છે.ભૂકંપ બાદ સુનામીની ચેતવણી પણ આપવામાં આવી હતી, જે પાછળથી હટાવી લેવામાં આવી હતી. જોકે, આફ્ટરશોક્સ (પશ્ચાત આંચકા) ના ડરથી હજારો લોકોએ ખુલ્લામાં રાત વિતાવવાની ફરજ પડી હતી.ઈન્ડોનેશિયાના પૂર્વ નુસા તેંગારા પ્રાંતમાં મંગરાઈ, ઈસ્ટ મંગરાઈ અને નાગેકેઓ સહિતનાં વિસ્તારો સૌથી વધુ પ્રભાવિત થયા છે. અહીં ભૂકંપના કારણે ૯૦૦ થી વધુ ઘરો સંપૂર્ણપણે નષ્ટ થઈ ગયા છે અને ૪૫૦ થી વધુ ઘરોને નુકસાન પહોંચ્યું છે, જેના કારણે આશરે ૫,૦૦૦ જેટલા લોકોને અસ્થાયી રાહત છાવણીઓમાં આશ્રય લેવો પડ્યો છે.હાલમાં સિક્કા વિસ્તારની સર્ચ એન્ડ રેસ્ક્યૂ ટીમ દ્વારા બંધ થઈ ગયેલાં રસ્તાઓ ખુલ્લા કરીને સંપર્કવિહોણા ગામડાઓ સુધી પહોંચવાના પ્રયાસો ચાલી રહ્યાં છે. જોકે, ક્ષેત્રમાં વીજળી ગુલ થવાથી અને સંદેશાવ્યવહાર (કોમ્યુનિકેશન) ખોરવાઈ જવાથી બચાવ કામગીરીમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

# ઝીલ ખાટીવાલાએ પીએચ.ડી.ની ડીગ્રી મેળવી

## અંગ્રેજી ભાષા શિક્ષણમાં ટ્રાન્સલેન્ગ્વેજિંગનું સફળ સંશોધન



સુરત, તા.૧૮

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU), સુરતના અંગ્રેજી વિભાગમાં ટેમ્પરરી આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે કાર્યરત ઝીલ ખાટીવાલાએ અંગ્રેજી ભાષા શિક્ષણમાં ટ્રાન્સલૅન્ગ્વેજિંગના નવીન શૈક્ષણિક ઉપયોગ અંગેનું સંશોધન સફળતાપૂર્વક પૂર્ણ કરીને પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. તેમનું સંશોધન અંગ્રેજી વિભાગના પ્રોફેસર ડૉ. સુનિલકુમાર શાહ ના માર્ગદર્શન હેઠળ તા. ૦૮ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ પૂર્ણ થયું છે.

તેમના સંશોધનનો વિષય "Efficacy of Translanguaging as a Pedagogical Approach to Enhance Language Proficiency of ESL Learners" છે. આ સંશોધનમાં વિદ્યાર્થીઓની વિવિધ ભાષાકીય ક્ષમતાઓ અને ભાષાકીય સંસાધનોનો વ્યૂહાત્મક ઉપયોગ કરીને અંગ્રેજી ભાષા શીખવાની પ્રક્રિયાને વધુ અસરકારક કેવી રીતે બનાવી શકાય તેનો અભ્યાસ કરવામાં આવ્યો છે. ટ્રાન્સલૅન્ગ્વેજિંગ એટલે શીખનાર વ્યક્તિ દ્વારા પોતાની એકથી વધુ ભાષાઓનો લવચીક અને હેતુપૂર્વક ઉપયોગ કરીને સમજણ, સંવાદ, અભિવ્યક્તિ અને શીખવાની પ્રક્રિયાને સરળ બનાવવી. પરંપરાગત રીતે અંગ્રેજી ભાષાના વર્ગખંડમાં માત્ર અંગ્રેજી ભાષાના ઉપયોગ પર ભાર મૂકવામાં આવે છે; જ્યારે આ સંશોધન વિદ્યાર્થીઓની અન્ય ભાષાઓને અંગ્રેજી શીખવામાં અવરોધ તરીકે નહીં, પરંતુ શૈક્ષણિક સંસાધન તરીકે જોવાનો અભિગમ રજૂ કરે છે.

ઝીલ ખાટીવાલાની પીએચ.ડી.ની સફળ પૂર્ણતા તેમની શૈક્ષણિક કારકિર્દીમાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે. આ પ્રસંગે તેમણે તેમના માર્ગદર્શક પ્રોફેસર ડૉ. સુનિલકુમાર શાહ, પરિવારજનો, શિક્ષકો, સહકર્મીઓ અને શુભેચ્છકોનો તેમના સતત સહકાર અને પ્રોત્સાહન બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

# વોલીબોલમાં જ્ઞાનદીપ વિદ્યાલયના બે ખેલાડીઓની જિલ્લા કક્ષાએ પસંદગી

સુરત, તા.૧૮

ડુમસ ઝોનની અન્ડર-૧૭ ભાઈઓની વોલીબોલ સ્પર્ધાનું આયોજન કેજી પીઠવાલા સ્કૂલ ખાતે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ડુમસ ઝોનની કુલ ૧૬ ટીમોના ૧૯૨ ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં સ્વ. એમ. એમ. એ. વશી મેમોરિયલ જ્ઞાનદીપ વિદ્યાલય, આભવાના બે પ્રતિભાશાળી ખેલાડીઓની જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે પસંદગી થઈ છે. ધોરણ-૧૦ના સોનુ પાસવાનની સ્મેશર તરીકે અને ધોરણ-૧૧ના જોય પટેલની લિફ્ટર તરીકે પસંદગી કરવામાં આવી છે. બંને ખેલાડીઓ હવે જિલ્લા કક્ષાની અન્ડર-૧૭ વોલીબોલ સ્પર્ધામાં ડુમસ ઝોનનું પ્રતિનિધિત્વ કરશે.




ખેલાડીઓની આ સિદ્ધિ બદલ વોલીબોલ કોચ અમિત પટેલને તથા બંને ખેલાડીઓને શાળાનું નામ રોશન કરવા બદલ શાળાના આચાર્ય સુનિલભાઈ પટેલ અને પ્રમુખ કાંતિભાઈ પટેલ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. બંને ખેલાડીઓ જિલ્લા કક્ષાએ પણ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# મહિલા વકીલો માટે શ્રાવણ માસ નિમિત્તે મહાદેવ પ્રવાસ

## સુરત, વડોદરા અને ગાંધીનગરની એક સાથે, એક દિવસે મહાદેવ પ્રવાસ યાત્રનું સફળ આયોજન

સુરત, તા.૧૮

એડવોકેટ પ્રીતિ જોષી દ્વારા દર વર્ષે મહિલા વકીલો માટે શ્રાવણ માસ નિમિત્તે મહાદેવ પ્રવાસનું મહિલા વકીલો માટે આયોજન કરવામાં આવે છે. આ વખતે પણ સુરતના મહિલા વકીલો સહિત વડોદરા અને ગાંધીનગર થી પણ મહિલા વડીલ મિત્રો માટે મહાદેવ પ્રવાસ માટે આયોજન કરવામાં આવેલું. સુરતથી એક લક્ઝરી બસ, બરોડાથી બે લક્ઝરી બસ અને ગાંધીનગરથી એક લક્ઝરી બસનું આયોજન કરવામાં આવેલું. સુરતથી એક બસ નિલકંઠ ધામ પોઇચા, ગુમાનદેવ અને કુબેરભંડારી દર્શને ગયેલા. વડોદરાથી બે બસો કાવી-કંબોઈ મહાદેવ દર્શને ગયેલા અને ગાંધીનગર થી ધોળેશ્વર મહાદેવ, પંચ મહાદેવ, મીની પાવાગઢ અને મીની અમરનાથનું આયોજન કરેલું. સમગ્ર ધાર્મિક કાર્યક્રમનું આયોજન



એડવોકેટ પ્રીતિ જોષીએ કરેલું અને વડોદરાથી સંચાલન એડવોકેટ નિમિષા ધોત્રે, વર્ષાબેન અને હેતલ ગજ્જરે કરેલું. ગાંધીનગરનું સંચાલન એડવોકેટ શોભના છાપીયા અને અમીતા વાઘેલાએ કરેલું. પ્રથમ વખત આ શ્રાવણ માસનાં પ્રથમ રવિવારે ૪ લક્ઝરી બસમાં અંદાજે ૨૦૦ મહિલા વકીલોએ ધાર્મિક લાભ લીધેલો. મહિલા વકીલોમાં સંગઠનની ભાવના. મજબુત બને અને આવા કાર્યક્રમ થકી બહેનોને પ્રોત્સાહન બળ મળે તે માટે એડવોકેટ પ્રીતિ જોષી સતત સક્રિય રહેતા હોય છે.



# પોદાર ઇન્ટરનેશનલ સ્કૂલ ખાતે સ્વાતંત્ર્ય દિવસની ભવ્ય ઉજવણી

## અતિથિ ડો. સારીકા મહેતાની ઉપસ્થિતિમાં ધ્વજ વંદન

સુરત, તા.૧૮

પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ, જહાંગીરાબાદ, સુરત ખાતે તા. ૧૫ ઓગસ્ટ ૨૦૨૬, શનિવારના રોજ ૮૦મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી દેશભક્તિ, ઉત્સાહ અને ગૌરવભેર કરવામાં આવી હતી. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ડૉ. સારિકા મહેતા – "ધ બાઈકિંગ ક્વીન"ઉપસ્થિત રહ્યા હતા. તેમની પ્રેરણાદાયી સફર, સાહસિકતા અને સિદ્ધિઓ વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ બની હતી. કાર્યક્રમની શરૂઆતમાં શાળાના આચાર્યશ્રીએ મુખ્ય અતિથિનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ ૮૦મા સ્વાતંત્ર્ય દિવસના પાવન અવસરનું મહત્વ સમજાવતા વિદ્યાર્થીઓને આપણા દેશની આઝાદી માટે શહીદ થયેલા સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાન, સંઘર્ષ અને દેશપ્રેમ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિની ભાવનાથી ઓતપ્રોત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, દેશભક્તિ ગીતો, નૃત્યો, વક્તવ્યો તથા અન્ય સુંદર રજૂઆતો કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓની અદભુત રજૂઆત દ્વારા ભારતની વિવિધતા, એકતા, સંસ્કૃતિ અને દેશ પ્રત્યેનો પ્રેમ સુંદર રીતે વ્યક્ત કરવામાં આવ્યો હતો. મુખ્ય અતિથિ ડૉ. સારિકા મહેતાએ પોતાના જીવનના અનુભવો અને સાહસિક સફર દ્વારા વિદ્યાર્થીઓને હિંમત, આત્મવિશ્વાસ, મહેનત અને પોતાના સપનાઓને સાકાર કરવાની પ્રેરણા આપી હતી. તેમના પ્રેરણાદાયી શબ્દોએ વિદ્યાર્થીઓમાં નવી



ઊર્જાનો સંચાર કર્યો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન શાળાનું વાતાવરણ દેશભક્તિ અને રાષ્ટ્રપ્રેમના રંગે રંગાઈ ગયું હતું. વિદ્યાર્થીઓ અને સ્ટાફે સાથે મળીને સ્વાતંત્ર્ય, એકતા, ગૌરવ અને રાષ્ટ્રપ્રેમની ભાવનાને ઉજાગર કરી હતી. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓને દેશના જવાબદાર નાગરિક બનીને રાષ્ટ્રની પ્રગતિ, એકતા અને અખંડિતતા માટે સતત યોગદાન આપવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા.

# પશ્ચિમ રેલ્વે બાંદ્રા ટર્મિનસ-જયપુર સ્પેશિયલ ટ્રેનને નિયમિત બનાવશે

## બાંદ્રા ટર્મિનસ-જયપુર સાપ્તાહિક એક્સપ્રેસ તરીકે કાર્યરત રહેશે

સુરત, તા.૧૮

પશ્ચિમ રેલ્વેએ મુસાફરોની સુવિધા માટે અને બાંદ્રા ટર્મિનસ અને જયપુર વચ્ચે નિયમિત રેલ કનેક્ટિવિટી પૂરી પાડવા માટે ટ્રેન નંબર ૦૯૭૨૪/૦૯૭૨૩ બાંદ્રા ટર્મિનસ-જયપુર સ્પેશિયલને નિયમિત બનાવ્યું છે. આ નિયમિત સેવા સુધારેલી ટ્રેન નંબર ૧૯૭૨૪/૧૯૭૨૩ બાંદ્રા ટર્મિનસ-જયપુર સાપ્તાહિક એક્સપ્રેસ તરીકે કાર્યરત રહેશે.

પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, ટ્રેન નંબર ૧૯૭૨૪ બાંદ્રા ટર્મિનસ-જયપુર સાપ્તાહિક એક્સપ્રેસ દર ગુરુવારે સવારે ૦૮:૩૫ વાગ્યે બાંદ્રા ટર્મિનસથી ઉપડશે અને બીજા દિવસે સવારે ૦૬:૪૫ વાગ્યે જયપુર પહોંચશે. આ ટ્રેન ૨૭ ઓગસ્ટ, ૨૦૨૬ થી નિયમિત સેવા તરીકે કાર્યરત થશે. તેવી જ રીતે, ટ્રેન નં. ૧૯૭૨૩ જયપુર-બાંદ્રા ટર્મિનસ સાપ્તાહિક એક્સપ્રેસ દર બુધવારે જયપુરથી ૦૮:૨૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૦૫:૧૦ વાગ્યે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. આ ટ્રેન ૨૬ ઓગસ્ટ, ૨૦૨૬ થી નિયમિત સેવા તરીકે કાર્યરત થશે.

આ ટ્રેન બોરીવલી, વાપી, સુરત, વડોદરા, રતલામ, મંદસૌર, નીમચ, ચિત્તોડગઢ, ભીલવાડા, માંડલ, વિજયનગર, નસીરાબાદ, અજમેર અને કિશનગઢ સ્ટેશનો પર બંને દિશામાં રોકાશે. આ ટ્રેનમાં ફર્સ્ટ એસી, એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, એસી ૩-ટાયર ઈકોનોમી, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે. ટ્રેન નં. ૦૯૭૨૪ બાંદ્રા ટર્મિનસ - જયપુર સ્પેશિયલમાં રિઝર્વેશન કરાવનારા મુસાફરોને વિનંતી છે કે નિયમિત થયા પછી, ટ્રેન નં. ૧૯૭૨૪ બાંદ્રા ટર્મિનસ - જયપુર સાપ્તાહિક એક્સપ્રેસ બાંદ્રા ટર્મિનસથી ૦૯.૩૦ કલાકને બદલે ૦૮.૩૫ કલાકે ઉપડશે, જે તેના વર્તમાન સમય કરતાં ૫૫ મિનિટ વહેલો છે. ટ્રેનોના સ્ટોપેજ સમય અને કોચ રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# રંગ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ૮૦મો સ્વાતંત્ર્ય પર્વ ઉજવાયો

## મહાનુભવોની ઉપસ્થિતિમાં ધ્વજ વંદન કાર્યક્રમ યોજાયો

સુરત, તા.૧૮

રંગ ઈન્ટરનેશનલ સ્કૂલ, અંકલેશ્વર ખાતે દેશના આઝાદી પર્વ (૧૫ ઓગસ્ટ) ની ઉજવણી અત્યંત ઉત્સાહ, ઉમંગ અને દેશભક્તિસભર માહોલમાં કરવામાં આવી હતી. આ વર્ષે આ રાષ્ટ્રીય પર્વ "Yuva Shakti fro Viksit Bharat@2047" ની થીમ પર ઉજવવામાં આવ્યો હતો. ઉજવણી દરમિયાન ભારતને વિશ્વગુરુ અને વિકસિત દેશ બનાવવા માટે યુવા શક્તિના સંકલ્પ તેમજ રાષ્ટ્રપ્રેમની અદ્ભુત ઝાંખી જોવા મળી હતી. કાર્યક્રમના પ્રારંભે શાળા પરિવાર દ્વારા તમામ અતિથિઓનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પધારેલા મુખ્ય અતિથિઓના વરદહસ્તે આન-બાન અને શાન સાથે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું અને ઉપસ્થિત સૌએ તિરંગાને સલામી આપી હતી. ધ્વજારોહણ બાદ સમગ્ર શાળા પરિસરે એકસૂરે રાષ્ટ્રગાન ગાઈને વાતાવરણને દેશભક્તિના રંગે રંગી દીધું હતું. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ડૉ. આકૃતભાઈ મોદી (M.S. Orthopedics, M.B.B.S.) તેમજ ડૉ. ખ્યાતીબેન મોદી (M.D. Psychiatry, M.B.B.S.) ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત નિવૃત શિક્ષકો અને સામાજિક કાર્યકર્તાઓએ પણ ગરિમાપૂર્ણ હાજરી આપી હતી. મુખ્ય અતિથિઓએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં યુવા શક્તિને દેશનું સાચું ભવિષ્ય ગણાવી, ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે પૂર્ણ નિષ્ઠા અને રાષ્ટ્રપ્રેમ સાથે યોગદાન આપવા વિદ્યાર્થીઓને પ્રેરિત કર્યા હતા.

# અંકલેશ્વર પબ્લિક સ્કૂલમાં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી

અંકલેશ્વર, તા.૧૮



અંકલેશ્વર પબ્લિક સ્કૂલ ખાતે આજે ૮૦માં સ્વતંત્રા દિવસ નીમીત્તે ધ્વજ વંદન નો કાયઁકમ યોજાયો. ઉધોગપતી કે એ માલે ના ટેકનીકલ ડાયરેકટર દીપકકુમાર દુબે દ્વારા રાષ્ટ ધ્વજને સલામી આપી ધ્વજારોહણ કયુઁ હતું.. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ નાઝુ ફડવાલાએ ૮૦માં સ્વતંત્રા દિવસ ની શુભેચ્છા પાઠવી હતી અને ઉપસ્થીત મહેમાનો, શિક્ષકો અને વિધ્યાથીઁઓને જણાવ્યું હતું ભારત દેશ વિશ્વ માં સૌથી યુવાનો નો દેશ છે. આપણા યુવાનો દુનીયાને શીક્ષા અને જ્ઞાનથી પોતાનું મહત્વુનું યોગદાન આપી રહ્યા છે. આપણે વિશ્વ માં આગવું સ્થાન બનાવયુ છે. મુખ્ય મહેમાન દીપકકુમાર દુબેએ જણાવ્યું કે આપણા શીક્ષીત યુવાનો એ દુનીયામાં ના વિકાસમાં ખુબ મોટુ યોગદાન આપી રહ્યા છે. જેનું જીવંત ઉદાહરણ છે કે દુનીયા આજે આશાની નજરે ભારત તરફ જોઇ રહ્યું છે. આપણો દેશ આજે દુનીયાની ચોથા નંબર ની ઈકોનોમી બની ગયું છે અને આવનાર થોડા સમયમાં ત્રીજા નંબર પર હશે. તેઓએ દેશની સ્મૃધ્ધી અને ખુશાલી માટે શુભેચ્છા પાઠવી હતી. વિધ્યાથીઁઓ દ્વારા દેશ ભકતી ગીતો રજુ કરાયા હતાં.

# શાન્તનું વિદ્યાલય ખાતે સ્વતંત્રતા દિન ઉજવાયો

અંકલેશ્વર, તા.૧૮



શાન્તનું વિદ્યાલય (અંગ્રેજી માધ્યમ-ગુજરાતી માધ્યમ), અંદાડા ખાતે ૮૦ માં સ્વતંત્રતા દિવસની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી. શાળા દ્વારા તિરંગા યાત્રા ની રેલી કાઢી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. શાળાના આચાર્યાશ્રી શેહનાઝ કે. શેખ મેડમના હસ્તે ઝંડો ફરકાવવામાં આવ્યો NCCના કેડેડ દ્વારા પરેડ કરી ધ્વજને સલામી આપવામાં આવી. ત્યાર બાદ આચાર્યા મેડમશ્રીએ પ્રસંગને અનુરૂપ આઝાદીના લડવૈયાઓ અને દેશભક્તિ પર સરસ વક્તવ્ય રજૂ કર્યું, ત્યારબાદ શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા પણ પ્રાસંગિક ઉદબોધન રજૂ કર્યું. વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ દેશભક્તિ ગીતો ઉપર સુંદર કૃતિઓની રજૂઆત કરવામાં આવી હતી. અંતમાં શિક્ષક દ્વારા આભારવિધિ વ્યક્ત કરી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

# ભારતમાં ૧૩.૮ કરોડ લોકો ક્રોનિક કિડની રોગથી પીડિત : ડો. હર્ષિત પટેલ

## ચીન પછી વિશ્વમાં ભારત બીજા નંબરે હોવાનો નેફ્રોલોજિસ્ટ્સનો ઘટસ્ફોટ

સુરત, તા.૧૮

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (SGCCI)ની પબ્લિક હેલ્થ કમિટી દ્વારા રવિવાર, તા. ૧૬ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે વરાછા સ્થિત લોક સમર્પણ રક્તદાન કેન્દ્ર ખાતે 'હેલ્ધી કિડની, હેલ્ધી લાઈફ' વિષય પર એક વિશેષ હેલ્થ અવેરનેસ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેશનમાં જાણીતા નેફ્રોલોજિસ્ટ ડો. જયદીપ હિરપરા અને ડો. હર્ષિત પટેલ (ખૂંટ)એ કિડનીની સંભાળ અને તેના ગંભીર રોગોથી બચવાના ઉપાયો અંગે વિસ્તૃત વૈજ્ઞાનિક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

હેલ્થ સિરીઝનો લાભ દરેક વિસ્તારના લોકો સુધી પહોંચાડવાનો લક્ષ્યાંકઃ અશોક જીરાવાલા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, "ચેમ્બર દ્વારા ચલાવવામાં આવતી આ હેલ્થ અવેરનેસ સિરીઝનો લાભ શહેરના પ્રત્યેક વિસ્તારના નાગરિકોને સરળતાથી મળી રહે તેવા શુભ આશયથી આ વખતે નિયમિત સ્થળ નાનપુરા 'સમૃદ્ધિ' ને બદલે વરાછા વિસ્તારમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું જેમાં લોકસમર્પણ રક્તદાન કેન્દ્રનો સહયોગ મળ્યો છે. કહેવત છે ને કે પહેલું સુખ તે જાતે નર્યા. જીવનમાં ધન-સમૃદ્ધિની સાથે નિરોગી શરીર હોવું સૌથી મોટું સુખ છે. કિડની માનવ શરીરનું કુદરતી ફિલ્ટર છે, ખૂબ જ મહત્વનું અંગ છે."

ડો. જયદીપ હિરપરાએ જણાવ્યું હતું કે, "કિડની રોગના મુખ્ય બે પ્રકાર છે—એક્યુટ કિડની ઈન્જરી (જે અચાનક ડિહાઈડ્રેશન કે ઈન્ફેક્શનથી થાય છે) અને ક્રોનિક કિડની ડિસીઝ (જે વર્ષો સુધી ધીમે-ધીમે વકરે છે). શરૂઆતના તબક્કામાં લક્ષણો ન દેખાતા હોવાથી તેને 'સાયલન્ટ ડિસીઝ' કહેવાય છે." તેમણે પગ-ચહેરા પર સોજો, સતત નબળાઈ, યુરિનમાં ફીણ કે લોહી આવવું અને શ્વાસ લેવામાં તકલીફ, ચામડીમાં ખંજવાળ જેવા લક્ષણો દેખાય તો તુરંત ડોક્ટરનો સંપર્ક કરવા અને બ્લડ પ્રેશર-શુગર નિયંત્રણમાં રાખવા સલાહ આપી હતી.

નેફ્રોલોજિસ્ટ ડો. હર્ષિત પટેલ (ખૂંટ)એ ચોંકાવનારી વિગતો આપતાં જણાવ્યું હતું કે, "ભારતમાં અંદાજે ૧૩.૮ કરોડ લોકો ક્રોનિક

અનુસંધાન પાના ૭ પર

# મુક્તિ પર્વમાં આંતરિક સ્વતંત્રતા અને બ્રહ્મજ્ઞાનનો સંદેશ

## મનના બંધનોમાંથી આઝાદી જ વાસ્તવિક મુક્તિ : નિરંકારી સતગુરુ માતા સુદીક્ષાજી મહારાજ

સુરત, તા.૧૮

સમગ્ર ભારતવર્ષ જ્યાં સ્વતંત્રતા દિવસને રાષ્ટ્રભક્તિ, ગૌરવ અને ઉલ્લાસ સાથે ઊજવી રહ્યું હતું, ત્યાં સંત નિરંકારી મિશને આ ઐતિહાસિક અવસરે બ્રહ્મજ્ઞાન દ્વારા પ્રાપ્ત આંતરિક સ્વતંત્રતાના દિવ્ય સંદેશને પણ જન-જન સુધી પહોંચાડ્યો. આ પર્વ એ સત્યને સાકાર કરે છે કે વાસ્તવિક મુક્તિ બાહ્ય બંધનોમાંથી નહી, પરંતુ અજ્ઞાન, અહંકાર અને ભેદભાવથી મુક્ત થઈને આત્મબોધ અને પરમાત્મબોધની અનુભૂતિમાં નિહિત છે. આ આયોજનમાં શ્રદ્ધાળુઓને સંબોધિત કરતાં




સતગુરુ માતા સુદીક્ષા જી મહારાજે ફરમાવ્યું કે સાચી મુક્તિ બાહ્ય બંધનોમાંથી નહી, પરંતુ નફરત, અહંકાર, નાની વિચારધારા અને પૂર્વગ્રહોમાંથી મુક્ત થવામાં છે.

અનુસંધાન પાના ૭ પર



# આર.એમ.પી.એસ. ઇન્ટરનેશનલ સ્કૂલમાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી

## ધ્વજ વંદન કાર્યક્રમમાં એનસીસી કેડેટની માર્ચ પાસ્ટ

અંકલેશ્વર, તા.૧૮

આ ઉજવણી એક યાદગાર પ્રસંગ હતો જેણે વિદ્યાર્થીઓ, શિક્ષકો, મહાનુભાવો અને શાળા સમુદાયને સ્વતંત્રતા અને દેશભક્તિની ભાવનાનું સન્માન કરવા માટે એકઠા કર્યા. કાર્યક્રમની શરૂઆત એન.સી.સી. એસ્કોર્ટથી થઈ, ત્યારબાદ ઔપચારિક ધ્વજવંદન થયું, જેનાથી વાતાવરણ ગર્વ અને દેશભક્તિની ભાવનાથી ભરાઈ ગયું. એન.સી.સી. કેડેટ્સની આગેવાની હેઠળ માર્ચ પાસ્ટ પરેડ અને ત્યારબાદ શાળાના વિદ્યાર્થીઓએ વિદ્યાર્થીઓના શિસ્ત, આત્મવિશ્વાસ અને સમર્પણનું પ્રદર્શન કર્યું. બાદમાં શાળાના સમુદાય દ્વારા મહાનુભાવોનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું. શાળાને મુખ્ય મહેમાન બ્રિગેડિયર સત્ય પ્રકાશ રાવતની હાજરીથી સન્માનિત કરવામાં આવ્યું, જેમની હાજરીએ ઉજવણીમાં ખૂબ મહત્વ ઉમેર્યું. ખાસ આમંત્રિત શ્રી બલદેવભાઈ પ્રજાપતિ અને શ્રી ચિરાગ ચોક્સીએ પણ આ પ્રસંગે હાજરી આપી અને વિદ્યાર્થીઓને તેમની હાજરીથી પ્રોત્સાહિત કર્યા.

અનુસંધાન પાના ૭ પર

# આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીને વિશ્વ સત્સંગ સમ્રાટની પદવી

સુરત, તા.૧૮

શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન, શ્રી સ્વામિનારાયણ મંદિર, ન્યુ જર્સીના શ્રી ઘનશ્યામ મહારાજ રજત પ્રતિષ્ઠા મહોત્સવ, ન્યુ જર્સી ખાતે યોજાયેલ સંત સંમેલનમાં પધારેલા જગદગુરુ કે જેઓ ભારતીય સંત સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષ છે જેમાં ૧૨૫થી વધુ સંપ્રદાયોનું સંગઠન છે એવા અવિચળ દેવાચાર્યજી મહારાજ, મહામંડેલેશ્વર પ્રતાપુરીજી મહારાજ - રાજસ્થાન, યોગાચાર્ય શ્રી અખિલેશદાસજી મહારાજ - હરિદ્વાર, મહામંડેલેશ્વર શ્રી હરીશચંદ્રપુરીજી મહારાજ તથા બી.એ.પી.એસ સંસ્થાના પૂજનીય સંતોની ઉપસ્થિતિમાં પરમ પૂજ્ય જ્ઞાનમહોદધિ આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજને "વિશ્વ સત્સંગ સમ્રાટ"

અનુસંધાન પાના ૭ પર





# તાપી જીલ્લાનાં વ્યાવલ અને સરવાળામાં કરોડોના ભ્રષ્ટાચારના આક્ષેપ

તાપીજીલ્લાનાં વ્યાવલ અને સરવાળામાં થયેલ કરોડોના ભ્રષ્ટાચારના આક્ષેપ સાથે જિલ્લા પંચાયત સભ્ય નિલેશ ગામીત દ્વારા ડીડીઓ ને લેખિત રજુઆત કરી તપાસ ની માંગણી કરતા ચકચાર મચી ગઇ હતી.

તાપી જિલ્લા પંચાયત ના સભ્ય નિલેશ ગામીતે ડીડીઓ ને કરેલી લેખિત ફરિયાદ માં કરેલા ઉલ્લેખ મુજબ વ્યાવલ અને સરવાળા ગ્રામ પંચાયતમાં વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૫ દરમિયાન થયેલી ?૧૧ કરોડની કથિત ગ્રાન્ટ ઉચાપત, બોગસ મંડળીઓ, ફોર્જરી અને નાણાકીય ગેરરીતિઓ અંગે ત્વરિત કાયદાકીય, ફોજદારી અને વહીવટી આકરાં પગલાં ભરવા માંગણી કરી હતી. તાપી જિલ્લાના વ્યાવલ ગ્રામ પંચાયત (અંદાજિત ?૭ કરોડ) અને સરવાળા ગ્રામ પંચાયત (અંદાજિત ?૪ કરોડ) માં વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૫ ના સમયગાળા દરમિયાન મંજૂર થયેલું કૂલ ?૧૧ કરોડનું સરકારી ભંડોળ વહીવટી અધિકારીઓ, કર્મચારીઓ અને વગદાર રાજકીય તત્વોની સાઠગાંઠથી પચાવી પાડવામાં આવ્યું હોવાના ગંભીર આરોપો ગ્રામજનો દ્વારા મૂકવામાં આવ્યા છે.ગરીબ અને આદિવાસી વિસ્તારના સર્વાંગી વિકાસ માટે ફાળવાયેલી ગ્રાન્ટનો આ પ્રકારે ખુલ્લેઆમ દુરુપયોગ એ માત્ર નાણાકીય ગેરરીતિ નથી, પરંતુ પ્રજાના વિશ્વાસ પરનો સીધો ઘા છે. જિલ્લા પંચાયતના જવાબદાર લોકનીતિ પ્રતિનિધિ તરીકે આપની કચેરી સમક્ષ પાંચ મુખ્ય અને અતિ-ગંભીર મુદ્દાઓ પર ત્વરિત અને આક્રમક કાયદાકીય કાર્યવાહીની માંગણી કરું છું જેમાં બંને પંચાયતોના ૨૦૨૨ થી ૨૦૨૫ સુધીના તમામ ગ્રાન્ટ રજિસ્ટર, ચેક્સ, વર્ક ઓર્ડર, માપપોથી અને બેંક સ્ટેટમેન્ટ્સનું થર્ડ-પાર્ટી special Froensic Audit તાત્કાલિક કરાવવામાં આવે. અગાઉ થયેલા ઓડિટ અહેવાલો સાર્વજનિક કરવામાં આવે અને જો તેમાં ગેરરીતિ છુપાવવામાં આવી હોય તો સંબંધિત ઓડિટર સામે પણ કાર્યવાહી થાય. સહાયક ઇજનેર (S.O.) ની માપપોથી અને તાલુકા વિકાસ અધિકારી (T.D.O.) ની વહીવટી મંજૂરી વિના આટલી મોટી રકમ ઉપડી ન શકે, તેથી સંબંધિત S.O. અને T.D.O. સામે પણ તુરંત ખાતાકીય તપાસ શરૂ કરી ગુનાહિત જવાબદારી નક્કી કરવામાં આવે તથા કૌભાંડમાં શંકાસ્પદ ભૂમિકા ધરાવતી અનુજ એન્ટરપ્રાઇઝ, અનુજ મજૂર અને કામદાર મંડળી અને દેવાળા મજૂર અને કામદાર મંડળી ના જી.એસ.ટી. રજિસ્ટ્રેશન, ઇન્કમટેક્સ રિટર્ન અને બેંક એકાઉન્ટ સ્ટેટમેન્ટ્સની તપાસ કરવામાં આવે. મજૂરોના નામે ચાલતી આ મંડળીઓમાં સ્થાનિક મજૂરોને રોજીરોટી મળી છે કે કાગળ પર બોગસ નામો દર્શાવી નાણાં ચાંઉ કરવામાં આવ્યા છે, તે સ્પષ્ટ કરવા મજૂરોના નામો અને હાજરી પત્રક જાહેર કરવામાં આવે.તથા સરપંચને અંધારામાં રાખી, તેમની બોગસ સહીઓ કરીને નાણાં ઉપાડી લેવાયા હોવાના આરોપ અંગે હસ્તાક્ષર નિષ્ણાંત દ્વારા ફોરેન્સિક રિપોર્ટ મેળવી દોષિતો સામે તુરંત F.I.R. નોંધવામાં આવે. આ મામલામાં સંકળાયેલા APMC નિઝરના ચેરમેન તથા સુમુલ ડેરીના ડિરેક્ટર યોગેશ રાજપુત અને સોનુ રાજપુતની ભૂમિકા સામે આંગળી ચિંધાઈ રહી હોય, તમામ વગદાર ચહેરાઓ સામે કોઈપણ રાજકીય દબાણ વગર તટસ્થ તપાસ કરવામાં આવે.તથા કાગળ પર દર્શાવેલા રસ્તાઓ, નાળાઓ અને અન્ય ભૌતિક કામોના સ્થળ પર જિલ્લા કક્ષાના ઉચ્ચ અધિકારીઓની ટીમ મોકલી વિડિયોગ્રાફી અને ફોટોગ્રાફિક પંચનામું કરવામાં આવે. માત્ર કાગળ પર પૂરા થયેલા કામો અંગે ગુનાહિત કાવતરાનો કેસ દાખલ કરી, દોષિતો સામે ફોજદારી કાર્યવાહી કરવામાં આવે તેમજ લૂંટાયેલા સરકારી નાણાંની તેમની મિલકતો ટાંચમાં લઈને કડક રિકવરી કરવામાં આવે.તથા તપાસ શરૂ થાય તે પૂર્વે જ બંને ગ્રામ પંચાયતો તથા તાલુકા પંચાયતના સંબંધિત શાખાઓના મૂળ દસ્તાવેજો, ફાઈલો અને ડિજિટલ રેકોર્ડ સાથે છેડછાડ ન થાય તે માટે તમામ રેકોર્ડ તાત્કાલિક જિલ્લા પંચાયતની સુરક્ષિત કસ્ટડીમાં લેવામાં આવે.

## મુખ્ય માંગણીઓ અને વિનંતી

આ સમગ્ર પ્રકરણમાં ત્વરિત એક નિષ્પક્ષ તપાસ સમિતિની નિમણૂક કરવામાં આવે. આ તપાસ સમિતિમાં કોની કોની નિમણૂક કરવામાં આવી છે તેની લેખિત જાણ ફરિયાદીને કરવામાં આવે. તપાસ સમિતિનો અહેવાલ રજૂ કરવા માટેની એક ચોક્કસ સમયમર્યાદા નક્કી કરી તેની જાણ અમોને કરવામાં આવે.

જો આપ દ્વારા નિયત સમયમર્યાદામાં યોગ્ય અને આકરાં કાયદાકીય પગલાં ભરવામાં નહીં આવે, તો આ મુદ્દાને ઉચ્ચ સચિવાલય કક્ષાએ, લોકાયુક્ત સમક્ષ અને જનતા સમક્ષ લઈ જઈ આંદોલનાત્મક માર્ગ અપનાવવાની ફરજ પડશે. આશા છે કે આપ કાયદાનું શાસન સ્થાપિત કરવા યોગ્ય કાર્યવાહી કરશો.ઉપરોક્ત ઉલ્લેખ લેખિત ફરિયાદમાં કરાયો હતો.

**તાપી જિલ્લા પંચાયત ના સભ્ય નિલેશ ગામીતે ડીડીઓ ને કરેલી લેખિત ફરિયાદ માં કરેલા ઉલ્લેખ મુજબ વ્યાવલ અને સરવાળા ગ્રામ પંચાયતમાં વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૫ દરમિયાન થયેલી ?૧૧ કરોડની કથિત ગ્રાન્ટ ઉચાપત, બોગસ મંડળીઓ, ફોર્જરી અને નાણાકીય ગેરરીતિઓ અંગે ત્વરિત કાયદાકીય, ફોજદારી અને વહીવટી આકરાં પગલાં ભરવા માંગણી કરી હતી.**

# કોઈ પણ માણસ સાથે જાતિ આધારિત ભેદભાવ નહી કરીએ : લીમધ્રા ગામના સ્નેહ મિલનમાં લેવાયો અનોખો સંકલ્પ

**માણસ તકલીફના સમયમાં એકલો ન પડે અને કપરા સમયે તૂટી ન જાય, તે માટે ગામનું સ્નેહમિલન ખૂબ જ જરૂરી : પ્રવીણ ભાલાળા**

સુરતના સરથાણા વિસ્તારમાં આવેલ વેસ્ટન વિલા પાર્ટી પ્લોટ ખાતે જૂનાગઢ જિલ્લાના લીમધ્રા ગામનો નવમો સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. જેમાં જાતિ-પાતિના વાડા તોડી એક ગામ એક પરિવારના સંકલ્પ લેવાયા હતા. જાતિ, પાતી, ઊંચ-નીચના ભેદભાવ થી ઉપર ઊઠીને એકબીજાને પોતાના પરિવારના સભ્ય સમજે. આપણી જાત અલગ હોઈ શકે, પરંતુ આપણું ગામ એક છે. આપણી અટક અલગ હોઈ શકે, પરંતુ આપણા ગામનું નામ એક છે.

ગામના દરેક સમાજને સમાન સન્માન આપશું " આમ એક ગામ, એક પરિવારના સંકલ્પ સાથે સમારોહમાં મોટી સંખ્યામાં ગામના લોકો હાજર રહ્યા હતા.

આ અવસરે ગામના તેજસ્વી બાળકોનું સન્માન કરવામાં આવ્યુ હતુ. બાળકોમાં શિક્ષણ પ્રત્યે વધુ રસ અને ઉત્સાહ વધે તથા અભ્યાસમાં સારું પરિણામ લાવવા માટે પ્રોત્સાહન મળે તે હેતુથી ગામના આગેવાન પ્રવીણભાઈ ભાલાળા અને લલીતભાઈ હપાણી દ્વારા ગયા વર્ષે ધોરણ ૧૦ અને ૧૨માં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીઓને ૩૬.હજારના રોકડ પુરસ્કારથી સન્માનિત કરવાનો એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો હતો. આ પ્રોત્સાહનના ખૂબ જ સારા પરિણામો જોવા મળ્યા. અગાઉ ધોરણ ૧૦ અને ૧૨માં ઘણા બાળકો ૬૦–૭૦% જેટલા ગુણ મેળવતા હતા, પરંતુ પ્રોત્સાહન મળતાં આ વર્ષે અનેક બાળકોએ મહેનત કરીને ૮૦–૯૦% કે તેથી વધુ ગુણ મેળવી શૈક્ષણિક પ્રગતિ કરી છે. એટલે બાળકોમાં આ ઉત્સાહ અને સ્પર્ધાત્મક ભાવના વધુ મજબૂત બને અને તેઓ ભવિષ્યમાં વધુ સારું પરિણામ પ્રાપ્ત કરે તે માટે ગામની કમિટીએ હવે આગામી વર્ષથી આ પુરસ્કારની રકમ આગળના વર્ષોમાં પણ ચાલુ રાખવાનો નિર્ણય કર્યો છે.

સમસ્ત લીમધ્રા ગામના પ્રમુખ પ્રવીણ ભાલાળાએ જણાવ્યું કે જન્મભૂમિની સાથે કર્મભૂમિ પણ મારી જવાબદારી છે. મારું શહેર સ્વચ્છ શહેર, સ્વચ્છતા મારી જવાબદારી. સ્વચ્છતા માત્ર સફાઈ કામદારોની જવાબદારી નથી દરેક નાગરિકની પણ ફરજ છે. સરકાર પણ સ્વચ્છતા અભિયાન પર ભાર મૂકે છે પરંતુ સરકાર ક્યાં સુધી પહોંચી શકશે ? હવે તો આપણે પણ જાગવું પડશે.

જગદીશભાઈ બોઘરાએ ગામલોકો પાસે હું રસ્તા પર કચરો ફેંકીશ નહીં, પાન-માવા ખાઈને જાહેર જગ્યાએ થૂંકીશ નહીં. પાનની પિચકારી મારીને દિવાલો અને જાહેર સ્થળોને ગંદા કરીશ નહીં જેવા સંકલ્પ લેવડાવ્યા હતા.

લલીતભાઈ હપાણીએ વધુમાં જણાવ્યું કે રોડ પર નિયમોનું પાલન માત્ર પોલીસના દંડથી બચવા માટે નહીં, પરંતુ પોતાનું અને પરિવારનું જીવન બચાવવા માટે કરવું જોઈએ. ઓવરસ્પીડ, મોબાઈલનો ઉપયોગ, નશામાં ડ્રાઈવિંગ, રોંગ સાઈડ, સિગ્નલ તોડવું અને હેલ્મેટ/સીટબેલ્ટ ન પહેરવા જેવા કારણો અકસ્માતોમાં મહત્વની ભૂમિકા ભજવે છે. બાઈક પર હેલ્મેટ અને કારમાં સીટબેલ્ટ ફરજિયાત રીતે વાપરીશું. ડ્રાઈવિંગ કરતી વખતે મોબાઈલનો ઉપયોગ નહીં કરીએ.દારૂ કે નશાની હાલતમાં વાહન નહીં ચલાવીએ. રોંગ સાઈડ અને ઓવરસ્પીડથી દૂર રહીશું. ટ્રાફિક સિગ્નલ અને રોડના નિયમોનું પાલન કરવા પણ લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા આજના સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે અલ્પેશભાઈ કથીરિયા, ધાર્મિકભાઈ માલવિયા, ચીમનભાઈ વોરા, પંકજભાઈ સિદ્ધપરા સહિત અન્ય સામાજિક અને આગેવાનો હાજર રહ્યા હતા.

# ઉચ્છલ પોલીસ સ્ટેશનના પ્રોહિબિશન ગુનામાં નાસતા ફરતા વોન્ટેડ આરોપીને LCB તાપી/પેરોલ ફર્લો સ્કોડે ઝડપી પાડ્યો

તાપી જિલ્લા પોલીસ દ્વારા નાસતા ફરતા આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવાની સૂચના અંતર્ગત LCB તાપી તથા પેરોલ ફર્લો સ્કોડ તાપીની ટીમે સોનગઢ વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે કાર્યવાહી કરી હતી.સોનગઢ નવા RTO નજીકથી ઉચ્છલ પોલીસ સ્ટેશનના પ્રોહિબિશન ગુનામાં વોન્ટેડ આરોપી કિરણભાઈ રાજુભાઈ દાને (ઉં.વ. ૨૦, રહે. ઉકાઈ)ને તા. ૧૬/૦૮/૨૦૨૬ના રોજ સાંજે ઝડપી પાડવામાં આવ્યો હતો.આરોપી સામે પ્રોહિબિશન કલમો તેમજ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધાયેલ હતો. આરોપીને આગળની કાર્યવાહી માટે સોનગઢ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.આ કામગીરી LCB PI બી.જી. રાવલ તથા પેરોલ ફર્લો સ્કોડેં જે.બી. આહિરના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમ દ્વારા કરવામાં આવી હતી.



# વધુ પડતું પ્રોટીન શરીર માટે હાનિકર્તા

પ્રોટીન આપણા શરીરતંત્રમાં મહત્વનો ભાગ ભજવે છે, ઉર્જા માટે સંતુષ્ટિ માટે, સ્નાયુઓના નિર્માણ અને સુધાર માટે, પોષક તત્વો પર પ્રક્રિયા કરવા માટે અને સૌથી મહત્વનું પ્રતિકારકશકિત વધારવા માટે. જેઓ વજન ઘટાડવા માંગતા હોય તેઓ ખાસ કરીને પ્રોટીન ડાયેટ અપનાવે છે કારણ કે એ મેટાબોલિક રેટ વધારવામાં મદદ કરે છે અને આથી પેટ લાંબો સમય સુધી ભરેલું લાગતું હોવાથી વારેઘડીએ ખાવાની ઈચ્છા થતી નથી. પરંતુ એનો અર્થ આપણને આહારમાં જેટલા પ્રમાણમાં પ્રોટીન લેવાનું સુચવવામાં આવ્યું હોય એનું અનુસરણ કરવાનું ટાળી શકાય ? ગમે તેટલું પ્રોટીન લઈ શકાય ? શરીરના દર એક કિલોગ્રામ વજનદીઠ એક ગ્રામ પ્રોટીનની જરૂર હોય છે. વધુ પડતા પ્રોટીનથી એની હકારાત્મકધ અસર વિપરીત થઈ શકે છે. અહીં કેટલાક લક્ષણો વિશે જણાવ્યું છે જે શરીરમાં વધુ પડતું પ્રોટીન હોવાનું સૂચવે છે

ડિહાઈડ્રેશન : આહારમાં વધુ પડતું પ્રોટીન લેવાથી એને પેશાબ વાટે બહાર કાઢવા માટે કિડનીને બમણું કામ કરવું પડે છે જેનો પરિણામે તરસ લાગે છે. આ રીતે શીરર મેગ્રેશિયમ પોટેશિયમ, સોડિયમ જેવા ખનિજ તત્વો ગુમાવે છે તેથી પ્રોટીન વધુ લેવાનું કહેવામાં આવ્યુ હોય તો પણ એ સાથે વધુ પ્રમાણમાં ફળો અને શાકભાજી ખાવા જોઈએ, જેમાં વધુ પ્રમાણમાં ખનિજ તત્ત્વો અને પાણી હોય છે.

આંતરડાની સમસ્યાઓ : વધુ પ્રોટીન અને ઓછા કાર્બોહાઈડ્રેટવાળા આહાર આંતરડામાંથી સારા બેકટેરિયાને સરળતાથી નષ્ટ કરી શકે છે કારણ કે તમે પૂરતા પ્રમાણમાં પીર- બાયોટિકસ નથી લેતા હોતા. પ્રી- બાયોટિક- રેષા સારા બેકટેરિયાને ઉછેરવામાં મદદ કરે છે. સારા બેકટેરિયા નષ્ટ થવાથી આંતરડાની સમસ્યાઓ થઈ શકે જેમાં કબજિયાત અને ડાયરિયા, પેટમાં ચૂક આવવી તથા પેટ ફૂલી જવું સામાન્ય છે.

મૂડ બદલાવો : પ્રોટીન ડાયેટ અપનાવવાથી કાર્બોહાઈડ્રેટના પ્રમાણ પર અસર પડી શકે. કાર્બોહાઈડ્રેટ ઓછું લેવાથી વ્યક્તિના મિજાજ મૂડ પર ઘણી અસર પડી શકે. ઓછા કાર્બનો અર્થ મગજમાં સેરાટોનિનનું સ્તર ઘટવાથી વ્યક્તિને સુસ્તી લાગે અને આખો દિવસ મૂડ બદલાયા કરે.

વજન વધારો : આહારમાં કાર્બોહાઈડ્રેટનું પ્રમાણ ઘટાડવાથી આંતરડામાંના સારા બેકટેરિયા પર એની અસર થાય છે,




પાચનક્રિયામાં અવરોધ ઉભો થાય છે. ઉપરાંત વ્યક્તિ પ્રાણીજ પ્રોટીન વધુ પ્રમાણમાં લેતી હોય તો વાસ્તવમાં વધારાની ચરબી શરીરમાં જતી હોવાની શકયતા વધી જાય છે અને આ કેલેરી ચોકકસપણે વજનમાં વધારો કરશે. આથી સંતુલન માટે આહારમાં કાર્બોહાઈડ્રેટ સાથે ચરબી વગરના પ્રોટીનનો સમાવેશ કરવો જોઈએ.

શ્વાસમાં દુર્ગંધ : હાઈ પ્રોટીનનો અર્થ એવો થતો નથી કે ઈંડા, દૂધ અને ચિકન વધુ પ્રમાણમાં લેવા જઈએ. એનાથી શરીરમાં ખરાબ કોલેસ્ટ્રોલનું પ્રમાણ વધી શકે. વધારાના પ્રોટીન માટે લો ફેટ દૂધ, ઈંડાની સફેદી, કઠોળ, દાળ, ટોકુ વગેરે લઈ શકાય. વધુ પ્રોટીનયુક્ત આહાર લાંબો સમય લેવાથી આરોગ્ય સંબાંધિત અનેક સમસ્યાઓ ઉદભવી શકે. ૧. કેટલાક હાઈપ્રોટીન ડાયેટ કાર્બોહાઈડ્રેટને એટલે સુધી સીમિત કરી શકે કે શરીરમાં ફાઈબર અથવા પોષક તત્ત્વોની ઉણપ સર્જાઈ શકે. ૨. કેટલાક હાઈપ્રોટીન ડાયેટમાં માં અને ફુલ ફેટવાળા દૂધ ઉત્પાદનો હોય છે જેને લીધે હદયરોગનું જોખમ વધી શકે. ૩. કિડનીના રોગથી પીડિત લોકોમાં હાઈપ્રોટીન ડાયેટથી કિડનીની કામગીરી વધુ બગડી શકે કારણ કે શરીરને પ્રોટીન સંબાંધિત નકામા પદાર્થથી છુટકારો મેળવવામાં મુશ્કેલી થઈ શકે. આથી આ મુજબના કોઈ ચિહ્ન જોવા મળતા હો યતો શરીરમાં પ્રોટીનનો ઓવરડોઝ જતો હોય એવી શકયતા છે.

# ડાયાબિટીસ અને હાઈપરટેન્શન

ડાયાબિટીસ અને હાઈપરટેન્શન અથવા હાઈબ્લડ પ્રેશર જોડિયા ભાઈઓની જેમ મોટા ભાગે સાથે જોવા મળે છે. ડાયાબિટીસ ધરાવતાં ઘણાં લોકોને હાઈબ્લડ પ્રેશર પણ હોય છે. આ બંને રોગ સાથે હોય તો સ્થિતિ વધુ વણસી શકે છે. હાઈ બ્લડ પ્રેશરનાં લક્ષણો ઘણીવાર દેખાતાં ન હોવાથી ઘણા લોકો પોતાને હાઈબ્લડ પ્રેશરહોવાથી અજાણ હોય છે. ડાયાબિટીસના દર ત્રણમાંથી ઓછામાં ઓછા એક દરદીને હાઈ બ્લડ પ્રેશર પણ હોય છે. જ્યારે હાઈ બ્લડ પ્રેશર અને ડાયાબિટીસ બંને સાથે હોય છે. ત્યારે એક રોગની અસરથી ચીજો વધુ વણસી શકે છે.

હાઈ બ્લડ પ્રેશર અને ડાયાબિટીસ સામાન્ય રીતે સાથે હોય છે કારણ કે તેઓ સમાન જોખમી પરિબળો ધરાવે છે જેમાં, સ્થૂળતા, અયોગ્ય આહાર અને બેઠાડું જીવનશૈલીનો સમાવેશ થાય છે. ટાઈપ વન ડાયાબિટીસ ધરાવતાં લોકોમાંથી પચીસ ટકા અને ટાઈપ ટુ ડાયાબિટીસ ધરાવતાં લોકોમાંથી ૮૦ ટકા લોકોને હાઈ બ્લડ પ્રેશર હોય છે. ડાયાબિટીસથી હૃદયરોગ, સ્ટ્રોક, કિડની રોગ અને અન્ય રોગનું જોખમ વધી જાય છે. જો ડાયાબિટીસ અને હાઈ બ્લડ પ્રેશર બંને સાથે હોય તો એનાથી અન્ય સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓનું જોખમ હજી વધી જાય છે.નોન કમ્યુનિકેબલ ડિસીઝ રિસ્ક ફેક્ટર (એનસીડી-આરઆઈએચસી)ના અંદાજ મુજબ ૧૯૮૦થી ૨૦૧૪ દરમિયાન ભારતના પુરુષોમાં ડાયાબિટીસ અને હાઈપરટેન્શનનો ફેલાવો અનુક્રમે ૩.૭ ટકાથી વધીને ૯.૧ ટકા અને ૨૪.૫ ટકાથી વધીને ૨૬.૬ ટકા જેટલો થઈ ગયો છે. સ્ત્રીઓમાં આ પ્રમાણ અનુક્રમે ૪.૬ ટકાથી વધીને ૮.૩ ટકા અને ૨૨.૭ ટકાથી વધીને ૨૪.૭ ટકા થઈ ગયું છે. આ બંને પ્રમાણ હજી વધી જવાની શક્યતા છે કારણ કે શહેરીકરણ ઝડપથી થઈ રહ્યું છે અને જીવનધોરણ સુધરી રહ્યું છે જેને સ્થૂળતા સાથે સંબંધ છે અને જેને કારણે ડાયાબિટીસ અને હાઈ બ્લડ પ્રેશર સહિત કાર્ડિયોવેસ્ક્યુલર રોગ થવાનું જોખમ રહે છે.૨૦૧૮માં જર્નલ ઓફ અમેરિકન મેડિકલ એસોસિએશનમાં પ્રકાશિત અહેવાલ મુજબ ભારતમાં ડાયાબિટીસનો દર છ ટકાથી વધુ હતો અને એક ચતુર્થાંશથી વધુ લોકો હાઈ બ્લડ પ્રેશર ધરાવે છે. મધ્યમ વયના લોકો અને વૃદ્ધોમાં હાઈ બીપી અને ડાયાબિટીસનું પ્રમાણ વધુ જોવા મળ્યું છે. રિપોર્ટ મુજબ ભારતમાં ડાયાબિટીસનો ફેલાવો મહિલાઓમાં ૬.૧ ટકા અને પુરુષોમાં ૬.૫ ટકા જેટલો છે. બીજી તરફ હાઈ બ્લડ પ્રેશરનું પ્રમાણ સ્ત્રીઓમાં ૨૦ ટકા અને પુરુષોમાં ૨૪.૫ ટકા રહ્યું હતું. ડાયાબિટીક લોકોમાં હાઈ બ્લડ પ્રેશરનો ફેલાવો ડાયાબિટીસના પ્રકાર, ડાયાબિટીસનો સમયગાળો, વય, બીએમઆઈ, બ્લાયસેમિક કન્ટ્રોલનો ઈતિહાસ, કિડની રોગ વગેરે પર આધાર રાખે છે. ડાયાબિટીસ અને બ્લડ પ્રેશર ધરાવતાં મોટાભાગનાં દરદીઓનો ઈલાજ, સિસ્ટોલિક બ્લડપ્રેશર, અને ડાયાસ્ટોલિક બ્લડપ્રેશર ૯૦નું લક્ષ્યાં રાખીને કરવો જોઈએ. જે દર્દીઓનું સિસ્ટોલિક બ્લડ પ્રેશર ૮૦ હોય તો તેઓ જો સૂથળ હોય તો વજનમાં ઘટાડો કરવો જોઈએ, આહારશૈલી બદલવી જોઈએ, પોટેશિયમનું પ્રમાણ વધારવું જોઈએ ફળ-શાકભાજીનું સેવન વધારવું જોઈએ.મદ્યપાન પર નિયંત્રણ અને શારીરિક પ્રવૃત્તિ વધારવી જોઈએ તથા નિયમિત રીતે બ્લડ પ્રેશર ચેક કરતા રહેવું જોઈએ. જીવનશૈલીમાં આ પરિવર્તન હાઈ બ્લડ પ્રેશરનું જોખમ ઘટાડવાનો અને બ્લડ સુગર તથા બ્લડ પ્રેશર સામાન્ય સ્તરે જાળવી રાખવાનો શ્રેષ્ઠ માર્ગ છે. સ્વાસ્થ્યપ્રદ જીવનશૈલીથી લોકો હાઈપરટેન્શનને નિયંત્રિત રાખી શકે છે, જેમાં કસરત, ઓછી ચરબી, ઓછા મીઠાવાળા આહારનો સમાવેશ કરી શકાય. જરૂર પડે તો હાઈબ્લડ પ્રેશરના દરદીઓ દવા દ્વારા હાઈ બ્લડ પ્રેશર ઘટાડી શકે.



તંત્રી લેખ...

મંગળવાર, તા. ૧૮ ઓગષ્ટ ૨૦૨૬

# ટેરિફ ટ્રબલ અને તેલનો ખેલ

રશિયા પાસેથી તેલ-ગેસ ખરીદતા પાંચ દેશ ચીન, સ્લોવાકિયા, અઝરબૈજાન, હંગેરી તથા ભારત પર ૧૦૦ ટકા ટ્રમ્પ ટેરિફ લાગુ કરવાનો ખરડો અમેરિકાની સેનેટમાં ૮૯ વિરુદ્ધ ૧૧ મતોથી પસાર થતાં ફરી એકવાર ભારત-અમેરિકા વેપારી અને રાજદ્વારી સંબંધોમાં ફરી તાણ સર્જાઈ છે. જો કે, આ ખરડો યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં પસાર થાય અને એ પછી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ તેના પર હસ્તાક્ષર કરે ત્યારે તે કાયદો બનશે. એવું થાય એ પછી ટ્રમ્પના હાથમાં રશિયા પાસેથી તેલ ખરીદનારા દેશો પર વધારાનો ટેરિફ નાખવાની સત્તા આવશે. ભારતને રશિયા પાસેથી સસ્તું ક્રૂડ મળે છે એનાથી અમેરિકાના પેટમાં કડકડતું તેલ રેડાય છે. આ પહેલાં પણ ટ્રમ્પે ટેરિફનું શત્ર ઉગામ્યું હતું અને ચાલુ વર્ષે માર્ચમાં ૩૦ દિવસ માટે રશિયન ઓઈલ પર ભારતને ટેરિફમાં રાહત આપી હતી અને બે એક્સ્ટેન્શન આપી ડેડલાઈન સત્તરમી જૂન સુધી વધારી હતી. જૂન મહિનામાં ભારતની કુલ ક્રૂડતેલ આયાતમાંથી ૪૮ ટકા હિસ્સો રશિયન તેલનો હતો. આ પગલું ભારત પર વ્યૂહાત્મક દબાણ લાવવા માટે હોવા છતાં નિષ્ણાતોનું માનવું છે કે, રશિયન ક્રૂડ પર ભારતનો મદાર દેખાય છે એટલો એકતરફી નથી. વળી, વિશ્વમાં ક્રૂડતેલની તંગી નથી અને ભારતે આ પહેલાં પણ અન્ય દેશો પાસેથી ક્રૂડની ખરીદી કરી ટ્રમ્પ ટેરિફને ચકમો આપ્યો હતો. જો કે, ૧૦૦ ટકા ટેરિફની અસર કાપડ, એન્જિનીયારિંગ ગૂડ્સ, દવાઓ અને હીરા-દાગીનાં જેવાં ક્ષેત્રો પર પડી શકે છે. જો કે, આનાં કારણે અમેરિકન નાગરિકો માટે પણ આ વસ્તુઓ મોંઘી થશે. રશિયા-યુક્રેન યુદ્ધ પહેલાં ભારત રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદતું નહોતું. રશિયા પાસેથી ખરીદી કરવાનું સૌથી મોટું કારણ ઓછો ભાવ અને વધુ ઉપલબ્ધિ હતી. આપણી પાસે સપ્લાયરોની કમી નથી અને બજારમાં ક્રૂડની તંગી પણ નથી. હા, રશિયાને બદલે અન્યત્રથી ખરીદી કરવામાં વધારે ભાવ આપવા ઉપરાંત ક્રૂડ લાવવાનું નૂર ભાડું વધી શકે છે અને ક્રૂડના બ્લેન્ડિંગમાં ફરકને કારણે રિફાઈનરીઓના નફાના ગાળા પર અસર પડી શકે છે. જો કે, સારી વાત એ છે કે, આપણી રિફાઈનરીઓ વિશ્વના વિવિધ ક્રૂડ ગ્રેડ્સ પર પ્રક્રિયા કરવા માટે સજ્જ છે. અમેરિકાની નજર ભારતના કૃષિ અને ડેરી ઉદ્યોગમાં પગપેસારો કરવા પર છે, જેમાં અમેરિકન કંપનીઓને પૂર્ણ પ્રવેશની છૂટ નવી દિલ્હી આપી રહી નથી, આથી ટ્રમ્પ વારંવાર ભુરાટા થાય છે. ભારત અને ચીન રશિયન ક્રૂડ ખરીદવાનું બંધ કરે તો એની અસર યુરોપિયન માર્કેટ પર થઈ શકે છે, જે રશિયન ક્રૂડમાંથી આ બે દેશોની રિફાઈનરીઝમાં બનેલાં પેટ્રોલિયમ ઉત્પાદનો પર મદાર રાખે છે. શક્યતા એવી છે કે, શિયાળામાં યુરોપને ડીઝલની તંગીનો સામનો કરવાનો આવી શકે છે. ટૂંકમાં, અમેરિકાનો દાવ ભારતનું નાક દબાવવાનો છે, પણ એમાં યુરોપનો શ્વાસ અદ્ધર થઈ શકે છે અને એની અમેરિકન ગ્રાહકોને પણ પેટ્રોલિયમ પેદાશોની વધતી કિંમતોની ઝાળ લાગી શકે છે.

# નાલાસાર વિવાદથી સર્જાઈ અનિચ્છનીય કડવાશ

કોકરોચ જનતા પાર્ટી (સીજેપી) તેનાં આંદોલન બાદ યુવાનોમાં સતત વિરોધની આગ ભડકાવવામાં કોઈ તક જતી કરતી નથી. નેશનલ એકેડેમી ઓફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચ યુનિવર્સિટી ઓફ લો (નાલાસાર) દ્વારા તેના દીક્ષાંત સમારંભમાં દેશના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતને અપાયેલાં આમંત્રણનો અમુક વિદ્યાર્થીઓએ વિરોધ કરતાં વિવાદ જાગ્યો છે. આમ તો આ વિવાદ વધી પડતાં મુખ્ય ન્યાયાધીશે પોતે આ આમંત્રણનો સ્વીકાર કર્યે ન હોવાની સ્પષ્ટતા કરીને વાતનો અંત આણવાનો પ્રામાણિક પ્રયાસ કર્યો છે. જો કે, દેશના મુખ્ય ન્યાયાધીશને આમંત્રણનો વિરોધ કરવાના ઘટનાક્રમે દેશમાં મોટાભાગના વર્ગોમાં નારાજગી જગાવી છે. આના અનુસંધાનમાં બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (બીસીઆઈ)એ નાલાસારના તમામ વિદ્યાર્થીઓની સામે શિક્ષાત્મક પગલાં લેવાના આદેશે દેશભરમાં વિરોધ અને વિવાદનો નવો મોરચો ખોલી નાખ્યો છે. ઉલ્લેખનીય છે કે, મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે થોડા સમય અગાઉ યુવાનોના એક વર્ગને કોકરોચ સાથે સરખાવતી કહેવાતી ટિપ્પણીએ સીજેપી આંદોલનના બીજ વાવ્યા હોવાના આક્ષેપ થઈ રહ્યા છે. નાલાસારમાં દીક્ષાંત સમારોહમાં ચીફ જસ્ટિસ સૂર્યકાંતને મુખ્ય અતિથિ તરીકે આમંત્રણ અપાયાનો અમુક વિદ્યાર્થીઓએ વિરોધ કર્યો હતો. સીજેપીએ આ વિદ્યાર્થીઓને સમર્થન જાહેર કર્યું હતું. આને પગલે દેશભરમાં નરાજગી પણ જાગી હતી. બીસીઆઈના અધ્યક્ષેં વિદ્યાર્થીઓની સામે વિચિત્ર આદેશ જાહેર કરીને નાલાસારના ૨૦૨૬માં સ્નાતક થયેલા તમામ વિદ્યાર્થીઓને નવો આદેશ અપાય નહીં ત્યાં સુધી દેશભરની બાર કાઉન્સિલોમાં વકીલ તરીકે નોંધણી સામે મનાઈ ફરમાવી દીધી હતી. હાલત એવી થઈ છે કે, અમુક વિદ્યાર્થીઓ દ્વારા વિરોધ કરવા સામેની નારાજગી વિસરાઈ ગઈ છે અને બીસીઆઈ દ્વારા કરાયેલા આદેશ સામે વિરોધ વધી રહ્યો છે. અમુક વિદ્યાર્થીએ મુખ્ય ન્યાયાધીશનો વિરોધ કર્યો એટલે બાકીના તમામ વિદ્યાર્થીઓને દોષી ગણીને તમામની સામે પગલાં લેવાના બીસીઆઈના આદેશે તેમના ભવિષ્યને જોખમમાં મૂક્યું હોવાની ચર્ચા છેડાઈ છે. ફરી એક વખત વિરોધના અધિકારની વાતો થવા લાગી, વધતા વિવાદને રોકવા બીસીઆઈએ આ આદેશને રદ કર્યો છે. ખુદ મુખ્ય ન્યાયાધીશે પોતે આવાં આમંત્રણનો સ્વીકાર કર્યો ન હોવાનો ખુલાસો કરીને પોતે વિદ્યાર્થીઓના અધિકારની તરફેણમાં હોવાની વાત કરી છે. હવે બીસીઆઈ અને તેનું લાંબા સમયથી અધ્યક્ષપદ સંભાળતા ભાજપના રાજ્યસભાના સાંસદ ધારાશાત્રી મનનકુમાર મિશ્રાની સામે વિરોધનો મોરચો ખૂલ્યો છે. મિશ્રા આ આદેશ પર લઈને દિલગીરી પણ વ્યકત કરી ચૂક્યા છે, પરંતુ વિરોધના નવા મોરચામાં બીસીઆઈની કાર્યપદ્ધતિ સામે પણ સવાલ ઊભા થવા લાગ્યા છે. હાલે યુવાનોના મિજાજને ધ્યાનમાં લઈને સરકાર હોય કે ન્યાયતંત્ર હોય તમામે તેમની લાગણીઓને જાળવીને કોઈ પણ નિર્ણય કે વલણ લેવાની કાળજી રાખવી જોઈશે.

આન્ધ્ર પ્રદેશમાં, અત્યારના તેલંગણા (આજે સ્વતંત્ર રાજય)માં તો સ્ત્રી આંદોલન ૧૯૫૦થી સક્રિય હતું.

# નારી ચળવળનો વિકાસ, વ્યાપ અને ઈતિહાસ

## યુનિવર્સિટીઓમાં સ્ત્રી વિષયક અભ્યાસક્રમ તથા સ્ત્રી અભ્યાસ કેન્દ્ર શરૂ થયા.

સ્ત્રી ચળવળ કે મહિલાઓ સંબંધિત મુદ્દાઓ માટે ચલાવાતા આંદોલનોમાં ૧૯૭૭ બાદ એટલે કે કટોકટીનું રાજકીય ગ્રહણ છૂટતાં નવો પ્રાણ ફૂંકાયો હોવાનું એક નિરીક્ષણ છે. એ વખતે અનેક સ્ત્રી સંગઠનો ઊભાં કરવામાં ડાબેરી ચળવળે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. સ્ત્રીઓની સમસ્યા આમ તો વર્ગસાપેક્ષ છે એટલે કે વર્ગાનુસાર છે તેમ છતાં તેમને પ્રાયોરિટી ઝોનમાં નાખવામાં આવી હતી. જેમ ટ્રેડ યુનિયનો, કૃષિ સમિતિઓ અને રાજકીય પક્ષોની મહિલા શાખાઓનો ઉદય થયો એવી જ રીતે સ્ત્રીઓની સમસ્યાઓનો ઉકેલ લાવવાના આશયે સ્વતંત્ર, સ્વાયત્ત અને બિનસરકારી સંસ્થાઓ (એનજીઓ) મોટા પ્રમાણમાં સ્થપાઈ હતી. તે સંસ્થાઓને દેશ તેમજ પરદેશમાંથી અનુદાનો-સખાવતો મળતી થઈ હતી. ૧૯૭૭માં મહિલા દક્ષતા સમિતિને જનતા દળનો ટેકો હતો તથા સ્ત્રીઓના મુદ્દે સતત આંદોલનો ચલાવનારાં અને સ્ત્રી તરીકેની સભાનતા ધરાવનારાં પીઢ નેતા પ્રેમીલા દંડવતેનું નેતૃત્વ હતું. તેમને કારણે સ્ત્રીઓનો અવાજ સંસદ સુધી પહોંચી શક્યો હતો અને કેટલાક કાયદા સંબંધી સુધારા પણ જોવા મળ્યા હતા.

આન્ધ્ર પ્રદેશમાં, અત્યારના તેલંગણા (આજે સ્વતંત્ર રાજય)માં તો સ્ત્રી આંદોલન ૧૯૫૦થી સક્રિય હતું. કટોકટી સમાપ્ત થયા પછી વધારે સબળ બન્યું હતું. સરકારે આ ક્ષેત્ર અશાંત જાહેર કર્યું હતું. કરીમનગર જિલ્લામાં મહિલાઓ સાઠની સાલથી ભૂમિહીન મજૂરોના આંદોલનમાં સંઘર્ષ કરતી હતી. ત્યાં દેવમ્મા નામની એક મહિલાનું ત્યાંના જમીનદારે કરેલું અપહરણ અને તેના પરનો બળાત્કાર, આગળ જતા તેના પતિની થયેલી હત્યા વગેરે મુદ્દા સ્ત્રી-શક્તિ સંગઠને ઉપાડી લીધા હતા. આ સંગઠને ગામેગામ મહિલા સંઘમનાનામે પત્નીની સતામણી તથા જમીનમાલિકો દ્વારા કરતા બળાત્કારના વિરોધમાં મોરચા કાઢ્યા હતા.

આ જ સમયગાળામાં બિહારમાં બોધગયા જિલ્લામાં જયપ્રકાશ નારાયણની વિચારસરણીથી પ્રભાવિત થયેલી છાત્ર યુવા સંઘર્ષ સમિતિની મહિલા શાખાએ મંદિરના મહંતોના કબજામાં રહેલી કેટલીય જમીન ભૂમિહીનોને અપાવી હતી. આ જ સમયગાળામાં પુરુષોના વર્ચસ્વના મુદ્દા પણ ચર્ચામાં આવ્યા હતા. ત્યારે બોધગયામાં એક સ્ત્રીશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું અને તેમાં જમીનના માલિકી હકમાં પુરુષની સાથે સ્ત્રીનું પણ નામ નાખવામાં આવે એવી જોરદાર માગણી કરાઈ હતી. જોકે સંગઠન ફક્ત સ્ત્રીઓનું કે સ્ત્રીઓ માટેનું ન હોઈને મહિલાઓની માગણીનો પ્રભાવ પડી શક્યો નહોતો.

વળી રાજકીય પક્ષો સાથે સંબંધિત સ્ત્રી પાંખ કે સ્ત્રી શાખાની કામગીરીને હંમેશા મર્યાદા આવતી અને જે તે રાજકીય પક્ષોની વિચારસરણીની બહાર જઈને કામ કરવું પણ શક્ય નહોતું. સિત્તેરના દશકના પાછલા કાળમાં નવી દિલ્હીમાં સમતા અને સ્ત્રી સંઘર્ષના નામે સર્જાયેલા જૂથમાં કોઈ પણ સ્ત્રી રાજકીય પક્ષની ન હોય એવી કાળજી લેવામાં આવી હતી. એક જૂથનો ઉદય દિલ્હી યુનિવર્સિટીમાં અને બીજા જૂથનો જન્મ જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટીમાં થયો હતો. ૧૯૭૮માં મુંબઈમાં ભરાયેલા સ્ત્રીવાદી-સમાજવાદી સંમેલનમાં દિલ્હીના સંગઠનોએ મોટા પાયે હિસ્સો લીધો હતો. આ સંમેલનની વિશેષતા એવી હતી કે તેમાં ગાંધીવાદી, ડાબેરી વિચાસરણીની તથા અન્ય વિચારસરણીની મહિલાઓ ચર્ચા માટે પહેલીવાર જ એકત્ર થઈ હતી. તેમાં સ્ત્રીઓમાં જાગૃતિ-જાણકારી માટે એક સમાયિક કાઢવાનું નક્કી કરાયું હતું.

સ્ત્રીવાદી ચળવળનો વ્યાપ અને કાર્યક્ષેત્રમાં દિવસે દિવસે વધારો થતો રહ્યો હતો. મોરચા, આંદોલનો,ઘેરાવ, હડતાળ વગેરે કાયમી શસ્ત્રો તો તેમનાં હાથમાં હતા જ, પણ સકારાત્મક પરિવર્તન લાવવા માટે શિક્ષણ, સ્વાસ્થ્ય જેવી અન્ય મૂળભૂત બાબતોની જરૂર લાગવા માંડી હતી. તેમાંથી જ સ્ત્રી-ચળવળને અનેક નવા પરિમાણો મળ્યા હતા. ૧૯૮૦ બાદ કાયદા સંબંધી મફત સલાહ કેન્દ્રો ખૂલ્યાં, બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રી કે છૂટાછેડા પામેલી સ્ત્રીઓ માટે તેમના એવા મુશ્કેલીના દિવસોમાં હંગામી આશરા તરીકે હોસ્ટેલો કાઢવામાં આવી હતી. પીડિત મહિલાઓ માટે સ્વયંરોજગાર કેન્દ્રો કાઢીને તે મહિલાઓને આત્મનિર્ભર બનવાની તક અને તાકાત આપવામાં આવી હતી. ઉપરાંત આરોગ્ય, માનવ હક, પર્યાવરણ, ધર્મ-જાતિ ભેદ, સાંપ્રદાયિકતા, વૈકલ્પિક વિકાસ, દલિત આદિવાસીઓની ઝુંબેશ વગેરે અનેક બાબતો સાથે પોતાનો તંતુ જોડવાનો પ્રયાસ ત્યારનાં સ્ત્રી સંગઠનોએ આદર્યા હોવાનું જોવા મળે છે.

અનેક મોટા શહેરોમાં શેરી નાટકો સ્ત્રીઓ પર થતા જાતભાતના દમન-અત્યાચાર-શોષણના મુદ્દા લોકોના મન-અંતરને સ્પર્શે એમ પહોંચાડ્યા હતા. વળી લગભગ દરેક ભારતીય ભાષાઓમાં-ગુજરાતી, કન્નડ, મલયાલમ, અંગ્રેજી, બંગાળી, હિન્દી, મરાઠીમાં-સ્ત્રીઓની સમસ્યાઓને પ્રગટ કરતા સામયિકો પ્રકાશિત થવા લાગ્યા હતા. મોટાભાગના સ્ત્રીઓ દ્વારા સંપાદિત કરાનારા આ માસિકો-સામયિકોમાં વિચાર-વૃત્તિને જાગ્રત કરાતું સાહિત્ય આવવા લાગ્યું હતું. જેને પગલે અનેક સ્ત્રી સમસ્યા-સવાલો લોકોના ધ્યાન પર આવવા લાગ્યા હતા અને સક્ષમ સ્ત્રીઓના દાખલા અન્યોને પ્રેરણા આપવા લાગ્યા હતા. સખી મંડળો, મહિલા મંડળો, ભાષણો, ચર્ચા સત્રો, સંમેલનો વગેરે માધ્યમો દ્વારા સ્ત્રી સમસ્યા, સ્ત્રી સાહિત્ય, સ્ત્રી વિષયક કાયદા વગેરે મુદ્દે સ્ત્રી દ્વારા જ અભ્યાસપૂર્ણ અભિપ્રાયો રજૂ થવા લાગ્યા હતા. મહિલા પત્રકાર, મહિલા ડોક્ટર, મહિલા વકીલ અને મહિલા પોલીસ વગેરે અગ્રણી સ્થાનો પરની મહિલાઓએ આંખો ખુલ્લી રાખીને મહિલાઓ પર થનારા અત્યાચારો-અન્યાયનું નિરાકણ કર્યું. યુનિવર્સિટીઓમાં સ્ત્રી વિષયક અભ્યાસક્રમ તથા સ્ત્રી અભ્યાસ કેન્દ્ર શરૂ થયા. વળી સંશોધનના સ્તરે સ્ત્રીઓની સમસ્યા હોઈને સ્થૂળ અને સૂક્ષ્મ એમ બેઉ સપાટી પર ગામડાની સ્ત્રીઓના જીવતરથી માંડીને ઊચ્ચસ્તરની મહિલાઓની જીવનશૈલી સંબંધી અનેક વાસ્તવિકતાઓ પ્રકાશમાં આવવા લાગી અને લગભગ બધા જ સ્તરેથી સ્ત્રીઓનાં શોષણ સંબંધે વિવિધ સામાજિક શાસ્ત્રોના સંદભમાં અભ્યાસ શરૂ થયો હતો. પિતૃ પ્રધાન બહુમતી, જેન્ડર કે જાતિભેદનું માનસશાસ્ત્ર, નૃવંશશાસ્ત્ર, સમાજશાસ્ત્રના દૃષ્ટિકોણથી નવું સંશોધનને ગતિ મળવા લાગી હતી. સ્ત્રી-ચળવળના પાયા પર જ સ્ત્રીવાદી સાહિત્યની ઈમારત ઊભી રહી. લગભગ ભારતીય ભાષામાં સ્ત્રી સંબંધી અનેક મુદ્દા પર કવિતા, વાર્તા, નવલકથા દ્વારા સ્ત્રી જગતની હકીકત જગત સામે આવી હતી. દહેજ મૃત્યુ, હિંસાચાર, બળાત્કાર, એક તરફી પ્રેમમાં હત્યા, જાતિય શોષણ, ગર્ભજાતિ પરીક્ષણ, સ્ત્રી-ભૃણ હત્યા. મહિલાનું વિકૃત ચિત્રીકરણ, કૌટુંબિક અત્યાચાર, સ્ત્રીઓનો વેપાર અને વેચાણ, ત્યક્તા સ્ત્રીઓની સમસ્યાઓ, અંધશ્રદ્ધાને કારણે કુંવારી કધયાનો અપાતો બલિ, બાલિકાઓનું જાતિય શોષણ... મહિલાઓની સમસ્યાઓનો આ પ્રવાહ ક્યારેય રોકાવાનો નથી. સ્ત્રી આંદોલનામોં, ચળવળોમાં, ઝુંબેશોમાં છેલ્લા ૩૫ -૪૦ વર્ષથી એક એક સમસ્યા ઉપાડીને લડત ચલાવાતી રહી છે. લગભગ ચાર દશકથી ચાલતી આ લડતને કારણે મહિલાઓના પ્રશ્નો, સમસ્યાઓ સમાજના કેન્દ્રમાં આવી. આમાં તો પુરુષોએ માનસિકતા બદલવી જરૂરી છે. સ્ત્રી ચળવળની આવી ભવ્ય પરંપરા અને આવો વિશાળ વ્યાપ છે ત્યારે ચોક્કસપણે પુરુષોએ સાથ આપવો જોઈએ. ગણતરીના દિવસોમાં મધર્સ ડે છે અને મધર એ પહેલી સ્ત્રી છે એવું જાણીએ તો પણ અનેક મહિલા સમસ્યાનો ઉકેલ મળી જશે.

માણસ પ્રમાણસ વચ્ચે વાચાળતા અને અબોલાના રંગ તો હોય જ આ વિશેષતા જ માણસની છે અને એમાં પણ બે પ્રેમીઓ.

# વાદળ જો રીસે ભરાય તો 'રેઈનકોટ'નું શું થાય?

**વાસ્તવ જગતમાં એ જ વર્ષા જ્યારે ગ્રામપ્રકૃતિ અને નગરપ્રકૃતિ વચ્ચે ઘૂમે છે ત્યારે એનું સ્વરૂપ જ જાણે બદલાઈ જાય છે. આ મોસમ પ્ર એની સનાતન મોસમ બનીને હૈયે વસી જતી હોય છે.**

આ ઋતુ વિષેની આપણી ઝંખનાને મધુર બનાવી છે. આકાશ, જિંદગી અને આંખોમાંથી વરસતી ધારા પાસે સ્પર્શની ભાષા છે. આપણી સંચિત્ વ્યાકુળતા, વિષાદ જામે ઊર્મિમય બનીને આ રચનાઓને પોતીકી બનાવે છે. દરેકના હૃદયમાં ધીમે ધીમે આ 'મેઘદૂત'નો યક્ષ જાગે છે અને લાગણીનાં ઈન્દ્રધનુને સાકાર કરે છે.

વિશ્ર્વકવિ રવીન્દ્રનાથની 'કાવ્ય વિરહિણી' તો દૂરથી પ્રિયતમને આવતો જોઈ જાણે આંખોની અશ્રુધારાના સળિયા પાછળ એ પ્રેમીને બંદી બનાવે છે. આ તો થઈ કવિઓની કલ્પનાની પ્ર ઊડતી ઊર્મિઓની દુનિયા.

વાસ્તવ જગતમાં એ જ વર્ષા જ્યારે ગ્રામપ્રકૃતિ અને નગરપ્રકૃતિ વચ્ચે ઘૂમે છે ત્યારે એનું સ્વરૂપ જ જાણે બદલાઈ જાય છે. આ મોસમ પ્ર એની સનાતન મોસમ બનીને હૈયે વસી જતી હોય છે. શાંતિનિકેતન એ રવીન્દ્રનાથ ટાગોરનું સાકાર સપનું. એની નિયમોની પરંપરા પણ જુદી. પહેલો વરસાદ આવે ત્યારે માથા પર કોઈએ છત્રી નહીં ઓઢવાની અને પગમાં ચપ્પલ નહીં પહેરવાનાં તો જ વર્ષાના સ્પર્શની ભાષાનો આનંદ લઈ શકાય અને મન મૂકીને ગીતો ગાઈ શકાય. એક વસ્તુ સહજ બનીને આપણી સામે ઘૂમતી આવે છે અને એ છે મીઠો અજંપો. વરસાદની વાછટથી બચવા બારી બંધ કરીએ પણ મનની બારીનું શું? એ તો બધા આગળાને તોડી નાંખે એવી છે? પહેલી વર્ષાનાં અમીછાંટણાં લેવા એ હથેળી લંબાવે છે અને મનમાં સાચવેલી કાગળની હોડીમાં આનંદની સંવેદના નાચે છે.

બસ પછી તો માનવ લાગણી હિલોળે ચડે છે, એમાં ઓગળી જાય છે. પંડિતની ભાષા અને ગામડાની ભાષા. તળપદી વાણી જાણે સોળે શણગાર સજી આપણી સાથે મનનો તાર જોડે છે. 'ઓણ સાલ', 'બુચ્ચાપ્રક્રિ્યા'ની તોફાની દુનિયામાં આ કવિતા ગોળધાણા ખવડાવતી ખવડાવતી આપણને આંટો મારવા લઈ જાય છે.

કવિ જતીન બારોટ પાસે બુલંદ લાગણી છે. એ તો કવિતાને જ પોતાની નિકટની સહિયર બનાવનાર આશાસ્પદ કવિ છે. કવિતાની વાતો કરતાં કરતાં આપણને પણ આનંદના ઓવારે એ પલકવારમાં પહોચાડે છે. પાછા કવિ વાત કરે છે તો વાદળની. એ તો વરસીનેય જાણે આસક્તિ ખંખેરી નાખતું જણાય છે. મુઠ્ઠીમાં પકડવા જાય તોયે આર્દ્રતા સિવાય કંઈ નથી આપતું. ફૂલો સાથે પણ ઝાકળ રૂપે સંવાદ સાધે છે. આ વાદળો પણ ભારે નટખટ છે! શ્ર્ચીસ' નાખીને શ્ર્રીસ' પ્રગટ કરે છે! વચ્ચેના આવરણ જેવો 'રેઈનકોટ' છે અરે એ પહેરીને વર્ષાની મજા થોડી લૂંટાય છે! આપણી પ્રકૃતિ સાથેની મસ્તી જાણે આ બખ્તરથી ઝંખવાય છે, પરાજિત થાય છે. એની રીસ માણસને તો ચડતાં ચડશે પણ એ પહેલાં પેલું વાદળ રિસાળ બની જાય છે એ જો રીસે ભરાય તો શ્ર્રેઈનકોટ'નું શું થાય? કેટલો મોટો સંદેશો છે, જાણે વાદળ જીવનસાથી બનીને આપણને સાથ આપે એ વાત શ્ર્ગોળધાણા' કરતાં પણ વધુ શુકનવંતી મીઠી છે. સમગ્ર માનવજાતિને સંભળાવી શકે એવું જોમ કવિની વાણીમાં છે. માણસમાં પણ કેવાં પગથિયાં! મીરાંની ભક્તિમય કવિતા અને મેવાડી મહેલાતોમાં રાચતા રાણા આ બે વિરોધી દિશાઓની વાત ત્યાગીને કવિ પ્રકૃતિનો અનુબંધ સાધે છે. આધુનિક કવિતામાં આવતી પ્રકૃતિએ જાણે વળાંક લઈ લીધો છે. માનવપ્રકુદરતનો આ ઋણાનુબંધ સભર વૈભવ માણો! આ વૃક્ષ પરનાં તાજાં, લીલાં પાન એ તો માનવે વૃક્ષનાં ઓવારણાં લેતાં લેતાં આપેલા આશીર્વાદ છે. બુચ્ચાપ્રક્રિયા દ્વારા માનવના ગમાપ્રઅણગમાનો નિર્દેશ છે. જાણીબૂઝીને માણસ મૌન રાખે, પાણીને કાબૂમાં રાખે પણ એની આંખોમાં છલકાતી લાગણીની ઝંખના મૂંગી રહેતી નથી. દરિયો અને આંસુનું ટીપું આ બંને આમ તો ખારા જળનાં પ્રતીકો છે, પણ વચ્ચે અનુભવોનો સાગર છલકાય છે. આંસુનું ટીપું ભલેને તર્જની પર રમતું કારુણ્ય હોય પણ એ માણસની માણસ તરીકેની ઓળખાણ છે. સાગર એ ટીપાંઓનો સંચય છે.હવે આ ગીતપ્રરચનાની બીજી એક બાજુ જોઈએ... દંપતીની વાત છે. એકબીજાથી રીસભરી વાત છે. માણસપ્રમાણસ વચ્ચે વાચાળતા અને અબોલાના રંગ તો હોય જ આ વિશેષતા જ માણસની છે અને એમાં પણ બે પ્રેમીઓ. અહીં રેઈનકોટ એ તો હૃદય પરનું આવરણ છે. આવાં આવરણ સહ લાગણીનો સંબંધ જોડાતો નથી, પણ પ્રેમની વર્ષા તો એવી ને એવી છે. ભલે વાણીની કિ્રાપ્રબુચ્ચા હોય પણ હૈયાનાં પ્રેમે તો વૃક્ષને આશીર્વાદ આપ્યા છે એને લીલું છમ્મ રાખ્યું છે. આ પ્રેમનો વરસાદ તો ઓણનો હોય કે પોરનો પ્ર એ માણસને સ્પર્શવાનો જ છે. આવા દરિયામાં ક્યારેય ઓટ આવવાની નથી. કવિએ આંખોમાં તગતગતી લાગણીની ભીનાશને ઓળખી છે. વાદળનું કામ વરસવાનું હોય. શ્ર્ગોળધાણા' એ તો નવા સંબંધોનો શુભ પ્રારંભ છે. હા, વાદળો ગડગડીને ચીસ નાખે પણ એ આનંદની ચીસ છે. કવિતાની માર્દવપૂર્ણ ભાષા ભલેને રચનાને પ્રિયતમાને મોઢે મુકાયેલી ફરિયાદ બનાવે પણ વાસ્તવમાં તો શ્ર્ભાઈ' સંબોધનથી એ સમગ્ર માનવજાત સાથે જ વાત કરે છે. આ કવિની ઝંખના છે અને અભિવ્યક્તિ પામેલી લાગણીની વ્યથા છે. આપણે એને માણીએ એ જ સમાનધર્મની સમજણ છે. બાકી વર્ષાઋતુ એકલી નથી આવતી એ પોતાના પરિવારને પણ સાથે લેતી આવે છે. એના પરિવારનું સહુથી પ્રિય સ્વજન છે કવિતા. એની સાથે લીલાં પર્ણો સભર પ્રકૃતિ છે અને સમગ્ર વાતાવરણને સભર કરતું ભાવપ્રસંગીત છે. આ બધામાં વિહરતું, એકબીજાને ચાહતું, છતાં ફરિયાદ કરતું અને તોયે એ ફરિયાદની પ્રણયસભર ક્ષણોને ફરી યાદ કરતું યુગલ છે. આ આંખોમાંથી ટપકતો નેહ જ વરસે છે.

ડેટા એકત્રિત કરીને પણ નાણાં ઉભા કરી શકાય છે કારણ કે...

# ડેટા જમા કરવા ઉપર જંગી ખર્ચ

**કોઇ વધારે ચોરીના બનાવો તો નથી બનતા ન. સ્વાભાવિક છે કે આ બાબતને જાણવા માટે અમે અમારા મિત્રો અને ઓળખીતા લોકોને પ્રશ્ન કરીએ છીએઓ**

જો અમે કોઇ નવા શહેરમાં અથવા તો કોઇ ચોક્કસ વિસ્તારમાં જ્યારે પોતાનુ અથવા તો ભાડા પર મકાન લઇએ છીએ ત્યારે કેટલીક બાબતોમાં ચોક્કસપણે ધ્યાન આપીએ છીએ. બાકીની તમામ વાતોની સાથે એક વાત અમે ચોક્કસપણે જોઇએ છીએ કે આસપાસના વિસ્તારમાં કોણ રહે છે અને આસપાસના વિસ્તારમાં વાતાવરણ કેવુ છે. સુરક્ષા વ્યવસ્થા કેવી પ્રકારની રહેલી છે.

કોઇ વધારે ચોરીના બનાવો તો નથી બનતા ન. સ્વાભાવિક છે કે આ બાબતને જાણવા માટે અમે અમારા મિત્રો અને ઓળખીતા લોકોને પ્રશ્ન કરીએ છીએઓ. પરંતુ જો તમે લંડન અથવા તો ન્યુયોર્કમાં કોઇ જગ્યાએ રહેવાનુ પસંદ કરો તો આવી માહિતી માહિતી એકત્રિત કરવા માટેની કોઇ જરૂર હોતી નથી. શહેર તો ખુબ દુરની વાત છે તમામ વિસ્તારો અને મકાનોની માહિતી ઓનલાઇન તમને મળી રહેશે. કયા વિસ્તારમાં કેવા પ્રકારના અપરાધ બને છે અને શાંતિ છે કે કેમ તે તમામ માહિતી મળી રહેશે. કેટલા અપરાધી પકડી પાડવામાં આવે છે દરેક પ્રકારની માહિતી ટુંકમાં મળી જાય છે. જો કે આને માટે થોડીક રકમ ચુકવવાની જરૂર હોય છે. સુચનામાં શક્તિ છે આ બાબતોને અગાઉની સદીમાં લોકો જાણી ગયા હતા. પરંતુ સુચના આપવામાં પણ રોકડ રકમ મળે છે તે બાબતઅંગે માહિતી ન હતી. ગુગલ અને ફેસબુક દ્વારા આ બાબતને અમને શિખવાડી છે. પ્રાઇવેસીના ખતરાના સંબંધમાં માહિતી હોવા છતાં રાત દિવસ આ કંપનીઓને અમે પોતાની અંગત માહિતી આપતા રહીએ છીએ. આજ મફતમાં આપવામાં આવેલી માહિતી આજે દુનિયામાં કમાણીના મોટા સાધન તરીકે છે. સુચનામાં પૈસા છે તે બાબત જાણવાની બાબત એક અલગ બાબત છે અને સુચનામાંથી પૈસા લેવા તે એક જુદી બાબત છે. વસ્તીની દ્રષ્ટિએ આજે ભારત વિશ્વમાં બીજા સ્થાન પર છે. સ્વાભાવિક છે કે અમારી પાસે માહિતીનો ભંડાર છે. પરેશાની એ છે કે અમારી મફતમાં આપવામાં આવી રહેલી માહિતીથી દુનિયા પૈસા કમાવી રહી છે. લેખક અને અધિકારી અરૂણ બોથરાએ એક અગ્રણી અખબારને આ અંગેની ઉપયોગી માહિતી પુરી પાડી હતી. હવે સ્થિતી એ છે કે એજ સુચનાને અમે પૈસા આપીને ખરીદી રહ્યા છીએ.

પૈસા કમાવવાની બાબત તો દુરની છે અમે આ સુચનાનો ઉપયોગ વ્યવસ્થાને સુધારી દેવા માટે પણ કરી રહ્યા નથી. હવે અપરાધના સંબંધમાં સુચનાને જ ધ્યાનમાં લેવામાં આવે તો સમગ્ર દુનિયામાં પોલીસ પોતાના કામકાજ માટે મોટા ભાગે ડેટા પર આધાર રાખે છે. અપરાધ અંગેની તમામ માહિતીને ખુબ સાવધાની પૂર્વક રાખવામાં આવે છે. ખાસ કરીને પોલીસ બજેટ માટેના પૈસા ક્યાં અને કઇ રીતે ખર્ચ થઇ રહ્યા છે તે બાબતને જાણવા માટેના પ્રયાસ થતા રહે છે. આ અંગે માહિતી વૈજ્ઞાનિક રીતે મુલ્યાંકન માટે ધ્યાન આપવામાં આવે છે. મુલ્યાંકનનુ આ કામ સામાન્ય રીતે બહારની એજન્સી દ્વારા કરવામાં આવે છે. શૈક્ષણિક સંસ્થાઓ અને ખાનગી કંપનીઓ દ્વારા કરવામાં આવે છે. પૈસા આના માટે સરકાર આપે છે. સ્વાભાવિક છે કે ડેટા જમા કરવા અને તેના મુલ્યાંકન માટે જંગી નાણાં ખર્ચ કરવામાં આવે છે. ગુગલ અને ફેબબુક જેવી કંપનીઓ આ કામ માટે જંગી રકમ ખર્ચ કરે છે. અપરાધ સંબંધિત આંકડા એકબાજુ કામકાજને સુધારી દેવામાં ઉપયોગી સાબિત થઇ શકે છે. સાથે સાથે જંગી નફો પણ પહોંચાડે છે. આજના સમયમાં કમાણીના મોટા સાધન તરીકે પણ છે. લોકો આ આંકડા પૈસા આપીને પણ ખરીદે છે. જેમ કે કોઇ ખાસ વિસ્તારમાં મકાન માટે. ભારતમાં આ તમામ આંકડા નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યુરો દ્વારા એકત્રિત કરવામાં આવે છે. દેશના દરેક પોલીસ સ્ટેશનમાંથી આંકડા એકત્રિત કરવા માટે મોટી કવાયત હાથ ધરવામાં આવે છે. બ્યુરો દર વર્ષે ક્રાઇમ ઇન ઇન્ડિયા નામથી પુસ્તક પ્રકાશિત કરે છે. આંકડા કેટલા સાચા અને વિશ્વાસનીય છે તેના પર પ્રશ્નો ઉઠતા રહે છે. પરંતુ મુળભુત બાબત એ છે કે આ માહિતીના આધાર પર કોઇ નક્કર ફાયદા થતા નથી. આજના દોરમાં જ્યારે દુનિયા ભરમાં પોલીસ ડેટાના આધારે પોતાની કામગીરીને સુધારે છે ત્યારે ભારતમાં જુદા તરીકા અકબંધ રહ્યા છે. જો કોઇ શહેરમાં પોલીસને ૫૦ નવી ગાડીઓ અને ૨૦૦ જવાનો આપવામાં આવે છે તો તે અપરાધના મુલ્યાંકનના આધાર પર નહીં બલ્કે જુના અનુભવના આધાર પર આપવામાં આવે છે. વૈજ્ઞાનિક મુલ્યાંકનના આધાર પર ફાળવણી કરવામાં આવતી નથી. આ પ્રકારની પ્રક્રિયામાં માનવીય ભુલની સંભાવના વધારે છે. દાખલા તરીકે કોઇ મહાનગરમાં પોલીસ વડા વિચારે છે કે ચાલતા પેટ્રોલિંગના કારણે અપરાધને રોકવી શકાય છે. જ્યારે કેટલાક પોલીસ વડા માને છે કે મોટરસાઇકલ પર પેટ્રોલિંગ મારફ્તે અપરાધને રોકી શકાય છે. કોઇ અન્ય અધિકારી એમ માને છે કે ગાડીઓમાં પેટ્રોલિંગ મારફ્તે અપરાધને રોકી શકાય છે. પસંદ અને અંદાજના આધાર પર નિર્ણય કરવામાં આવે છે. આવા ફેંસલાની અસર જાનમાલ પર પર પડે છે.



# ફિલ્મો માટે લગ્નનો ત્યાગ: ત્રિશાએ સગાઈ તોડી એક્ટિંગ પસંદ કરી

જ્યારથી તમિલનાડુ રાજ્યમાં મોટી રાજકીય ઉથલપાથલ સાથે અભિનેતા થલાપતિ વિજયની સરકાર સત્તામાં આવી છે ત્યારથી દક્ષિણ ભારતીય અભિનેત્રી ત્રિશા કૃષ્ણનનું નામ ગાજતું થયું છે. થલાપતિ વિજયે મુખ્ય મંત્રી ત્યારે શપથ લીધા ત્યારે યોજાયેલા જાજરમાન સમારોહમાં આ ત્રિશા વિજયનાં માતુશ્રીની સાથે ખૂબ ઉમંગભેર જોડાઇ હતી. વિજય સાથેના તેના સંબંધો છેલ્લા ક્ટલાક સમયથી દક્ષિણી ફિલ્મી જગત અને તમિલનાડુના રાજકારણમાં બહુચર્ચિત થયેલા છે. વિજયની જેમ ત્રિશા સફળ કલાકાર નથી, પણ વિજયની આંગળી પકડીને એ આજકાલ ઘણી લાઇટમાં દેખાઇ રહી છે. અવારનવાર ત્રિશાની નિજી જિંદગીની અવનવી વાતો બહાર આવી રહી છે ને લોકોને એમાં સ્વાભાવિક રસ પણ પડી રહ્યો છે.

થલાપતિ

વિજયની સાથે ત્રિસાનું નામ જોડાયું એના ઘણા સમય પહેલાં ચેન્નાઈના એક જાણીતા ઉદ્યોગપતિ વરુણ મનિયન સાથે એનું નામ જોડાયું હતું. ૨૦૧૫ માં ત્રિશાએ વરુણ સાથે સગાઈની જાહેરાત કરીને બધા ચાહકોને આશ્ચર્યચકિત કરી દીધા હતા, પરંતુ ટૂંક સમયમાં જ આ સંબંધ નાટકીયઢબે ફંટાઇ ગયા હતા.

ત્રિશા અને વરુણ ક્યારે અને ક્યાં મળ્યા તે અંગે ચોક્કસ વિગતો અસ્પષ્ટ છે, પરંતુ કેટલાક અહેવાલો સૂચવે છે કે તેઓએ સારી મિત્રતા વિકસાવી હતી. ત્યારબાદ તેઓએ ડેટિંગ કરવાનું શરૂ કર્યું અને સંબંધ આગળ વધારવાનું નક્કી કર્યું. વરુણ ચેન્નાઈ સ્થિત એક ઉદ્યોગપતિ છે, જે રિયલ એસ્ટેટ અને ફિલ્મ નિર્માણનો વ્યવસાય કરે છે. તે સમયે, ત્રિશા પહેલેથી જ તમિલ અને તેલુગુ સિનેમામાં એક સ્થાપિત અને સફળ અભિનેત્રી હતી.

ધામધૂમથી સગાઈ થઈ

૨૦૧૪ ના છેલ્લા મહિનાઓમાં, ત્રિશા અને વરુણના સંબંધોવી વાતો બહાર આવવા લાગી. ત્યારબાદ, ૯ જાન્યુઆરી, ૨૦૧૫ ના રોજ ત્રિશાએ પોતે તેમની સગાઈની તારીખ જાહેર કરી. ૨૩ જાન્યુઆરી, ૨૦૧૫ ના રોજ, બંનેએ પોતપોતાના પરિવારોની હાજરીમાં એક ખાનગી સમારોહમાં સગાઈ કરી. સગાઈ પછી, ત્રિશાએ સ્પષ્ટ કર્યું કે તે અભિનય ચાલુ રાખશે. તે નવા પ્રોજેક્ટ્સ પર હસ્તાક્ષર કરવા તૈયાર છે.

તો પછી સગાઈ કેમ રદ કરાઈ?

સગાઈના થોડા મહિનામાં જ ગરબડો થવા લાગી. મે ૨૦૧૫ માં તેમના અલગ થવાના સમાચાર આવવા લાગ્યા. ત્રિશાએ પોતે સોશિયલ મીડિયા પર પુષ્ટિ કરી કે એ અને વરુણ અલગ થઈ રહ્યા છે. બાદમાં, એક ઈન્ટરવ્યુમાં, ત્રિશાએ પોતાની સગાઈ તોડવાનું સાચું કારણ જાહેર કર્યું અને કહ્યું કે જે પુરુષ સાથે તે લગ્ન કરવાની હતી તેણે તેને અભિનય છોડી દેવાનું કહ્યું હતું. સગાઇ તૂટવા પાછળનું આ કારણ માનવામાં આવે છે. ત્રિશા વરુણ સાથે લગ્ન કર્યા પછી પણ અભિનય ચાલુ રાખવા માગતી હતી અને કહે છે કે વરુણ તેને લગ્ન બાદ અભિનય ક્ષેત્ર છોડી દેવા કહ્યું હતું. બંને વચ્ચે આ મામલે ડખો થયો હતો.

ત્રિશાએ સ્પષ્ટતા કરી કે તેણે ફિલ્મો ખાતર પોતાની સગાઈ તોડવાનું નક્કી કર્યું. તેનું વલણ એવું છે કે એ તેના છેલ્લા શ્વાસ સુધી અભિનય કરવા માગે છે (અને ગર્ભાવસ્થા દરમિયાન જ તે વિરામ લેશે.)

**સગાઈના થોડા મહિનામાં જ ગરબડો થવા લાગી. મે ૨૦૧૫ માં તેમના અલગ થવાના સમાચાર આવવા લાગ્યા. ત્રિશાએ પોતે સોશિયલ મીડિયા પર પુષ્ટિ કરી કે એ અને વરુણ અલગ થઈ રહ્યા છે.**

# ભયાનક રહસ્યોથી ભરેલી 'વેરિટી' ધમાકા માટે તૈયાર




હોલીવુડની અભિનેત્રીઓ ડાકોટા જોહ્નસન અને એન હેથવે અભિનીત મનોવૈજ્ઞાનિક થ્રિલર ફિલ્મ, 'વેરિટી'નું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. ટ્રેલરમાં સસ્પેન્સ, ડર અને ઘણાં રહસ્યો દર્શાવવામાં આવ્યાં છે. ફિલ્મ માટે ચાહકોમાં એ ઉત્સાહ વધારશે. ડાકોટા જહોન્સન, એન હેથવે અને જોશ હાર્ટનેટ મુખ્ય ભૂમિકામાં છે.

## 'વેરિટી'ની વાર્તા શું છે?

આ ફિલ્મ સંઘર્ષશીલ લેખક લોવેન એશ્લેની આસપાસ ફરે છે, જે ડાકોટા જહોન્સન દ્વારા ભજવવામાં આવી છે. લોવેનને પ્રખ્યાત લેખક 'વેરિટી' ક્રોફોર્ડનાં અધૂરાં પુસ્તકો પૂર્ણ કરવાનું કામ સોંપવામાં આવ્યું છે, જે એક અકસ્માતમાં ઘાયલ થઈ હતી.

આ કાર્ય પૂર્ણ કરવા માટે, લોવેન 'વેરિટી'ના ઘરે પહોંચે છે અને તેના પરિવાર વિશે ચોંકાવનારાં રહસ્યો ધરાવતાં પુસ્તકો શોધે છે. આ રહસ્યોમાં તેના પતિ, જેરેમી ક્રોફોર્ડ અને પરિવારના અન્ય સભ્યો વિશે ઘણી ભયાનક વિગતો સામેલ છે.

## સાચું સત્ય શું છે

લોવેન 'વેરિટી'નાં લખાણો વાંચતી વખતે, તેને તેના પરિવાર વિશે એવી વસ્તુઓ મળે છે જેની તેણીએ ક્યારેય કલ્પના પણ નહોતી કરી. આ રહસ્યોનો ખુલાસો તેના ડરને વધુ ગાઢ બનાવે છે. લોવેન આ રહસ્યોનો સામનો કેવી રીતે કરશે અને 'વેરિટી'ની વાર્તા પાછળનું સાચું સત્ય શું છે તે ફિલ્મ જોયા પછી જ જાણવા મળશે.

## જોશ હાર્ટનેટ પણ દેખાશે

જોશ હાર્ટનેટ પણ આ ફિલ્મમાં ડાકોટા જોહ્ન?સન અને એન હેથવે સાથે મુખ્ય ભૂમિકા ભજવે છે. ટ્રેલરમાં તેની એક ઝલક પણ જોવા મળે છે. એન હેથવે 'વેરિટી' ક્રોફોર્ડનું પાત્ર ભજવશે, અને જોશ હાર્ટનેટ તેના પતિ જેરેમી ક્રોફોર્ડનું પાત્ર ભજવશે. 'વેરિટી'નું દિગ્દર્શન માઈકલ શોવાલ્ટર દ્વારા કરવામાં આવ્યું છે, જેમણે અગાઉ 'ધ બિગ સિક' અને 'સ્પોઈલર એલર્ટ' જેવી ફિલ્મોનું દિગ્દર્શન કર્યું છે. આ ફિલ્મ એક મનોવૈજ્ઞાનિક થ્રિલર તરીકે ઓળખાય છે, જેમાં રહસ્ય અને સસ્પેન્સ વાર્તાનો મુખ્ય ભાગ ભજવે છે.

ડાકોટા જોહ્ન?સન અને એન હેથવેની વાર્તા, "'વેરિટી'," અમેરિકન લેખક કોલીન હૂવરની આ જ નામની લોકપ્રિય નવલકથા પર આધારિત છે. ૨૦૧૮માં પ્રકાશિત, આ નવલકથા તેની સસ્પેન્સફુલ વાર્તા માટે અત્યંત લોકપ્રિય રહી છે.

## ફિલ્મ ક્યારે રિલીઝ થશે

જેની આતુરતાપૂર્વક રાહ જોવાઇ રહી છે એ ફિલ્મ "વેરિટી" આગામી બીજી ઓક્ટોબરે સિનેમાઘરોમાં રિલીઝ થઇ રહી છે. ટ્રેલર પછી, દર્શકો 'વેરિટી'નાં ઘર અને તેનાં પુસ્તકોમાં છુપાયેલાં ભયાનક રહસ્યો વિશે સંપૂર્ણ સત્ય જાણવા માટે ફિલ્મની રિલીઝની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

# 'જો આપણે જોખમ લેવાનાં બંધ કરી દઈશું, તો ખરાબ ફિલ્મો બનાવીશું' : સૌરભ સચદેવા



## સૌરભ સચદેવાએ ફોર્મ્યુલા આધારિત ફિલ્મો અંગે વિચારો વ્યક્ત કર્યા


જ્યારે ફિલ્મ નિર્માતાઓ માટે દર્શકોને શું ગમશે તે નક્કી કરવું વધુને વધુ અનિશ્ચિત બની રહ્યું છે, ત્યારે અભિનેતા સૌરભ સચદેવા માને છે કે આ અનિશ્ચિતતા કદાચ ફિલ્મ માટે સૌથી મોટો સર્જનાત્મક ફાયદો બની શકે છે. 'એનિમલ' અને 'જાને જાન' (૨૦૨૩) જેવી ફિલ્મોમાં પોતાના અભિનય માટે જાણીતા અને તાજેતરમાં 'સતલુજ' તથા 'ઇશ્કનામા'માં જોવા મળેલા અભિનેતાએ કહ્યું, "આપણે ખબર નથી હોતી કે કયા પ્રોજેક્ટમાંથી આપણને કેવા પ્રકારની સફળતા મળશે. કઈ ફિલ્મ ચાલશે અને કઈ નહીં, તે પણ આપણે જાણતા નથી."

તેણે વધુમાં કહ્યું, "હું હંમેશાં માનું છું કે આ જ સૌથી સારી સ્થિતિ છે, કારણ કે અનિશ્ચિતતા સર્જનાત્મકતાની જનની છે. આપણી પાસે જેટલી વધુ અનિશ્ચિતતા હશે, તેટલા જ આપણે વધુ ઉત્સુક રહીશું અને યોગ્ય પ્રોજેક્ટ બનાવવા માટે વધુ સજાગ રહીશું."

સચદેવાના મતે અનિશ્ચિતતાને કારણે ફિલ્મ નિર્માતાઓએ અજમાવેલી અને સફળ ફોર્મ્યુલા તરફ પાછા ફરવાને બદલે પ્રયોગો કરવા જોઈએ. તેણે કહ્યું, "જીવનમાં જો કોઈ અનિશ્ચિતતા ન હોય, તો આપણને ખબર નથી પડતી કે શું કામ કરશે. આપણે અનિશ્ચિત હોઈએ છીએ ત્યારે તે વધુ સારી રીતે કામ કરે છે. મને લાગે છે કે તે વધુ સારું કામ સર્જવામાં મદદ કરે છે. જો આપણે જોખમ લેવાનું બંધ કરી દઈશું, તો કંટાળી જઈશું અને ખરાબ ફિલ્મો બનાવવા લાગીશું, જે થઈ પણ રહ્યું હતું."

તેણે વધુમાં કહ્યું, "આપણે જાણતા નથી કે શું કામ કરશે, તેથી કંઈક નવું કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. આપણે જે ફોર્મ્યુલા અજમાવી રહ્યા છીએ તે કામ કરી રહી નથી, તો કંઈક નવું કરવું વધુ સારું છે. મને લાગે છે કે આ જ યોગ્ય રસ્તો છે."

જોકે, સૌરભ એ વાત પણ સ્વીકારે છે કે સર્જનાત્મકતાને વ્યાવસાયિક પાસાથી અલગ કરી શકાય નહીં. તેણે કહ્યું, "બિઝનેસ અને ક્રિએટિવિટી સાથે મળીને ચાલવા જોઈએ." તેણે સમજાવ્યું કે નિર્માતા જે રોકાણ કરે છે તે આખરે ફિલ્મને દર્શકો સુધી પહોંચાડવા માટે જરૂરી તેના કદ અને સંસાધનો નક્કી કરે છે. સૌરભે ફિલ્મોને માત્ર બોક્સ ઓફિસના આંકડાઓના આધારે માપવા સામે ચેતવણી પણ આપી. તેણે કહ્યું, "આંકડાઓથી ફિલ્મને જજ ન કરી શકાય. ફિલ્મને તેની પોતાની રીતે જજ કરી શકાય, કારણ કે આંકડાઓ ફિલ્મને ખાઈ રહ્યા છે. આપણે માત્ર તેની પાછળ દોડી રહ્યા છીએ. એટલે આપણે કંઈપણ વેચી રહ્યા છીએ—ચાલો આંકડાઓની પાછળ દોડીએ અને કોઈપણ રીતે લોકોને ખોટું કહીએ."



# 'રામાયણ'માં ચેતન હંસરાજ ૭ પાત્રો ભજવશે

૩૦ જુલાઈએ રિલીઝ થયેલું 'રામાયણ'નું ટ્રેલર લગભગ બે અઠવાડિયા બાદ પણ ચર્ચામાં છે. ફિલ્મમાં વિશાળ સ્ટારકાસ્ટ છે, પરંતુ અભિનેતા ચેતન હંસરાજનું યોગદાન ખાસ રસપ્રદ બનવાનું છે. ચેતન ફિલ્મમાં એક-બે નહીં, પરંતુ કુલ ૭ અલગ-અલગ પાત્રો ભજવતો જોવા મળશે.

એક ઈન્ટરવ્યુમાં ૫૪ વર્ષના ચેતન હંસરાજે જણાવ્યું કે ફિલ્મમાં તે રાજા માલીની ભૂમિકા ભજવી રહ્યો છે, જે રાવણ એટલે કે યશના નાના છે. ચેતને કહ્યું, "રાજા માલી એક મહત્વનું પાત્ર છે, જેનો ઈતિહાસમાં ઉલ્લેખ છે. યશ સાથેના મારા સીન બહુ શાનદાર છે. તે સ્ક્રીન પર અદ્ભુત છે અને આ બંને પાત્રો એકબીજાનાં ખૂબ સારી રીતે પૂરક બને છે. મારા માટે આ ઘણી મોટી વાત હતી."

પરંતુ ફિલ્મમાં તેની ભૂમિકા આટલેથી પૂરી થતી નથી. ચેતને જણાવ્યું કે રાજા માલી તરીકેનું શૂટિંગ પૂર્ણ કર્યા બાદ તેને છ વધુ મોશન-કેપ્ચર પાત્રો ભજવવાની ઓફર કરવામાં આવી હતી. તેમાં રાવણના એક ભાઈ અને એક રાક્ષસનું પાત્ર પણ સામેલ છે.

આ રીતે ચેતન હંસરાજ ફિલ્મમાં કુલ સાત પાત્રો ભજવતો જોવા મળશે.

ફિલ્મને લઈને થઈ રહેલી ટીકાઓ અને રામાનંદ સાગરની લોકપ્રિય ટીવી સીરિયલ 'રામાયણ' સાથે થઈ રહેલી સરખામણી અંગે પણ ચેતન હંસરાજે વાત કરી હતી. તેણે કહ્યું, "અમારી પાસે હોલિવૂડ અને બોલિવૂડના શ્રેષ્ઠ એક્શન ડિરેક્ટર્સ અને ટેક્નિશિયન્સ છે, જેમાં ટેરી નોટરી જેવા લોકો પણ સામેલ છે. આજના નિર્માતાઓ દર્શકોને શ્રેષ્ઠ સિનેમેટિક અનુભવ આપવા માગે છે અને આપણે આ દૃષ્ટિકોણને સમજવો જોઈએ. જ્યારે લોકો તેને યોગ્ય માધ્યમ પર જોશે, ત્યારે મને ખાતરી છે કે તેઓ આ બધી સરખામણીઓ ભુલી જશે."

# ગુજરાતીમાં કશુંક નવું જોવાની રાહ જોતાં લોકો માટે આ ફિલ્મ એક જવાબની શરૂઆત ચોક્કસ છે



"હું ૨૦૧૮માં મુંબઈથી અમદાવાદ પાછો આવતો હતો, બાન્દ્રા ટર્મિનસથી ટ્રેન પકડવાની હતી અને મોડું થઈ ગયું હતું. તેથી રિક્શાવાળાને મેં ગલીઓમાંથી ઝડપથી લઈ લેવા કહ્યું, ત્યાં શાંતિમાં એક ગલીમાં મેં એક સ્ત્રીની ચીસોનો અવાજ સંભળાયો. મેં રિક્શાવાળાને રોકવાનું કહ્યું, પણ એ આમાં પડવા નહોતો માગતો. એટલે મેં બહાર ડોકિયું કરીને જોયું તો એક પુરુષ સ્ત્રીને બહુ જ મારતો હતો. તમારું હૃદય બેસી જાય એટલી ચીસો સાંભળી મેં મોટેથી બૂમ પાડી માત્ર, ત્યારે પુરુષ તો કંઈ ન બોલ્યો પણ એ સ્ત્રીએ મને જવાબ આપ્યો, "કુછ નહીં હુઆ સાબ, મેરા મરદ હૈ!" એ વાતે મને હચમચાવી દીધો. આ સ્થિતિ સમાજના દરેક વર્ગમાં છે, એવી તે કઈ બાબત છે, જે સ્ત્રીઓને આ સ્થિતિમાં જીવવા મજબુર કરે છે. આપણે ક્યા પ્રકારના પુરુષો છીએ એ પણ જોવાની જરૂર છે. આ જ વાતથી મેં આ ફિલ્મ બનાવી." આ ઘટના અભિષેક જૈનની ફિલ્મ 'મારણ' પાછળનું કારણ બની.

તાજેતરમાં જાહેર થયેલા રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ્ઝમાં આ ફિલ્મને શ્રેષ્ઠ ગુજરાતી ફિલ્મનો પુરસ્કાર મળ્યો છે. હવે આ ફિલ્મ રિલીઝ થઈ છે, ત્યારે ડિરેક્ટર અભિષેક જૈન, તેના મુખ્ય કલાકારો દીક્ષા જોશી, યશ સોની અને શ્રુહદ ગોસ્વામી નવગુજરાત સમયના મહેમાન બન્યાં હતાં.

ફિલ્મ રિલીઝ બાબતે ડિરેક્ટર અભિષેક જૈને જણાવ્યું કે, "અમે 'મારણ' માટે ૨૦૨૪માં સેન્સર સર્ટિફિકેટ લીધું હતું, પરંતુ એ વખતે ફંડ ન હોવાથી ફિલ્મ રિલીઝ કરી શક્યા નહીં. નેશનલ એવોર્ડ માટે ફિલ્મ રિલીઝ થયેલી હોય એવું જરૂરી નથી. આ એવોર્ડ પણ ૨૦૨૪ના વર્ષની ફિલ્મો માટે જ છે. અમે જુનમાં નક્કી કર્યું કે કોઈ મોટી ફિલ્મ રિલીઝ થાય એ પહેલાં અમે આ ફિલ્મ રિલીઝ કરી દઈએ. હાલ કોઈ મોટી ગુજરાતી ફિલ્મ નથી ચાલી રહી એટલે અમે અત્યારે જ આ ફિલ્મ રિલીઝ કરવાનું વિચાર્યું."

શૃહદ ગોસ્વામી જણાવે છે, "આ એવી ફિલ્મ છે, જેના પર કમ સે કમ ચર્ચા થઈ છે, સ્ક્રીનિંગ વખતે પણ લોકો માટે આ નવો અનુભવ હતો." તો આ ફિલ્મ વિશે દીક્ષા જોશી કહે છે, "મને વ્યક્તિગત રીતે અસહજ કરી દે એવી ફિલ્મ કરવી વધુ ગમે છે. જે મારામાં કંઈ બદલી નાખે કે મને કોઈ અલગ દૃષ્ટિકોણ આપે." તો યશ સોની કહે છે, "ચાર વર્ષ પહેલાં આ ફિલ્મ શૂટ કરી છે, એટલે ઘણું ભુલાઈ ગયું હતું. હાલ હું એક લવસ્ટોરી ફિલ્મ 'ગોળધાણા' કરીને આવેલો. લોકોમાં આ ફિલ્મ જોઈને મારા માટેનો અભિગમ ચોક્કસ બદલાયો છે."

આ ફિલ્મના વિષય વિશે વાત કરતાં અભિષેક જૈને જણાવ્યું, "આ ફિલ્મ મારા જીવનમાં એવા તબક્કે આવી છે, જ્યારે હું પોતે પણ એક વ્યક્તિ તરીકે બદલાયો છું. હું એક ઘણા પિતૃસત્તાક માહોલમાંથી આવું છું. જ્યાં હંમેશા એવું જ લાગે કે એક સ્ત્રીને સમજવામાં આખું જીવન ઓછું પડે. પરંતુ તમારી અંદર રહેલી નારીને તમે જ્યારે સમજો, તો એ કોઈ કરુણા કે સહાનુભૂતિની વાત નથી એ માત્ર એક સમજ કેળવવાની વાત છે. જ્યારે મેં આ પ્રકારની ફિલ્મ માટે દિવ્યા ઠાકોરને વાર્તા લખવાનું કહ્યું, એ પહેલાં હું માત્ર એવું જ વિચારતો હતો કે કોઈ સ્ત્રીના ઝઝૂમવાની કે હિંમતની વાત કરીએ. એણે જે રીતે વાર્તા અને સ્ક્રીનપ્લે લખ્યા એણે મને બદલી નાખ્યો. હું સ્ત્રીઓને અલગ રીતે જોવા લાગ્યો. મેં પણ પહેલાં સ્ત્રીઓ સાથે ખરાબ વર્તન કર્યું હશે. આ સ્ક્રિપ્ટે મને એટલી હદે ધક્કો માર્યો કે હું સમગ્ર સમાજને અલગ રીતે જોવા લાગ્યો. આ પહેલાં મારી ફિલ્મોમાં સ્ત્રી પાત્રો માત્ર રાખવા ખાતર જ હતાં પરંતુ હવે એ દૃષ્ટિકોણ બિલકુલ બદલાઈ ગયો. આવું સિનેમા જ કરી શકે. આશા છે કે હું કોઈ નાનું પણ પરિવર્તન લાવી શકું."

અભિષેક જૈને ડિરેક્ટ કરેલી ફિલ્મ 'બે યાર' ૨૦૧૪માં આવી હતી, હવે ૧૨ વર્ષે તેમણે ડિરેક્ટ કરેલી ફિલ્મ 'મારણ' રિલીઝ થઈ છે, ફિલ્મ બનાવવા પ્રેરતી ઘટના વિશે તેમણે વાત કરી. "પારિવારિક, હસતી રમતી, દોસ્તારોની ફિલ્મમાંથી બહાર નીકળવાનો પડકાર મેં મારી સામે જ મુકેલો. મારે કંઈક એવું કહેવું હતું, જે મારા માટે પડકાર હોવાની સાથે સામે લોકોને હું કશુંક આપી શકું. આજની વાર્તા આવતીકાલનો ઈતિહાસ થવાનો છે, તેથી તમે આજે જે કંઈ આજે બનાવો તેની તમારી જવાબદારી હોવી જોઈએ. રતનના પાત્ર જેવું વર્તન કરવાની પણ મેં અને યશે કોશિશ પણ કરેલી. સાથે જ ગુજરાતીઓને એવું ન લાગે કે તેઓ આગળ નીકળી ગયાં છે અને ફિલ્મો પાછળ રહી ગઈ છે, એવું કશુંક આપવું હતું."

યશ રતનના પાત્ર વિશે જણાવે છે, "અમને ફિલ્મથી આ પ્રશ્નોના જવાબ ભલે ન મળ્યા પણ અમે લોકોને આ સવાલ કરતાં તો કરી દીધા છે. હું ફિલ્મની વાર્તા સાંભળતી વખતે ક્યારેય એવું નથી વિચારતો કે ઓડિયન્સ આ ફિલ્મને કઈ રીતે લેશે. હું ક્યારેય નથી સમજી શકવાનો કે એમને શું ગમશે અને શું નહીં ગમે.

# વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓફ લિજેન્ડ્સની સીઝન 3

## વોર્નરની એન્ટ્રી, યુવી, એબીડી અને બ્રાવો જેવા દિગ્ગજો પણ જોવા મળશે

ક્રિકેટ ચાહકો માટે સારા સમાચાર છે. ચાહકોને ફરી એકવાર મેદાન પર ઘણા જૂના દિગ્ગજોને એકસાથે જોવાની તક મળશે. ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન ઓપનર ડેવિડ વોર્નર પણ વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓફ લિજેન્ડ્સ (WCL) ની ત્રીજી સીઝનમાં રમતા જોવા મળશે.

આયોજકોએ સોમવારે આ જાહેરાત કરી. WCL ની ત્રીજી સીઝન ૩ થી ૧૮ ઓક્ટોબર દરમિયાન રમાશે. જોકે, ટુર્નામેન્ટનું સ્થળ હજુ સુધી જાહેર કરવામાં આવ્યું નથી. વોર્નર ઉપરાંત, યુવરાજ સિંહ, એબી ડી વિલિયર્સ, ડ્વેન બ્રાવો, શાહિદ આફ્રિદી અને મોઈન અલી જેવા ભૂતપૂર્વ દિગ્ગજોની હાજરી પણ આ સીઝનમાં નિશ્ચિત છે.

આયોજકો દ્વારા જારી કરાયેલા એક નિવેદન અનુસાર, પહેલાથી જ જાણીતા ઘણા સ્ટાર્સ ત્રીજી સીઝનમાં તેમની ટીમનો ભાગ રહેશે. આમાં યુવરાજ સિંહ, એબી ડી વિલિયર્સ, ડીજે બ્રાવો, શાહિદ આફ્રિદી અને મોઈન અલીનો સમાવેશ થાય છે.આ ઉપરાંત, ડેવિડ વોર્નર અને બાંગ્લાદેશના ભૂતપૂર્વ ઓલરાઉન્ડર મહમુદુલ્લાહ રિયાદ જેવા નવા મોટા નામો પણ ટુર્નામેન્ટમાં જોડાશે. આનાથી ત્રીજી સીઝનનો ઉત્સાહ વધુ વધવાની અપેક્ષા છે.આયોજકોએ જણાવ્યું હતું કે, "સતત બે રેકોર્ડબ્રેક સીઝન પછી, ઠઈક ૨૦૨૬ માં વધુ સ્ટાર પાવર, વધુ ઉત્સાહ, વધુ રાષ્ટ્રીય ગૌરવ અને ઘણી યાદગાર ક્રિકેટ ક્ષણો જોવા મળશે. ત્રીજી સીઝનમાં બાંગ્લાદેશ ચેમ્પિયન્સ લીગ ચેમ્પિયનનો સમાવેશ પણ શામેલ છે."



WCL ની પહેલી સીઝનમાં, ભારતીય ચેમ્પિયન્સે ટાઈટલ જીત્યું હતું. ફાઈનલમાં, ભારતે પાકિસ્તાન ચેમ્પિયન્સને હરાવીને ટ્રોફી જીતી હતી. બીજી સીઝનમાં, દક્ષિણ આફ્રિકન ચેમ્પિયન્સે પાકિસ્તાન ચેમ્પિયન્સને હરાવીને ટાઈટલ જીત્યું હતું.પાકિસ્તાન સતત બે વાર ફાઈનલમાં પહોંચ્યું હતું, પરંતુ બંને વખત હારી ગયું હતું. હવે, ત્રીજી સીઝનમાં બાંગ્લાદેશ ચેમ્પિયન્સના ઉમેરા સાથે, ટુર્નામેન્ટમાં ટીમોની સંખ્યા અને મેચોનો ઉત્સાહ વધવાની અપેક્ષા છે.

# જાડેજા ભારત તરફથી ૪૦૦૦ ટેસ્ટ રન બનાવનાર અને ૩૫૦ વિકેટ લેનાર બીજો ઓલરાઉન્ડર બન્યો

## ભૂતપૂર્વ કેપ્ટન કપિલ દેવની બરાબરી કરી



ભારતીય ટીમના અનુભવી ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ શ્રીલંકા સામેની પ્રથમ ટેસ્ટ મેચ દરમિયાન ૩૫૦ વિકેટ પૂર્ણ કરી. આ સાથે જાડેજાએ ટેસ્ટ ક્રિકેટમાં એક ખાસ રેકોર્ડ બનાવ્યો છે. જાડેજા ભારત તરફથી ૪૦૦૦ ટેસ્ટ રન બનાવનાર અને ૩૫૦ વિકેટ લેનાર બીજા ઓલરાઉન્ડર છે. તેણે આ બાબતમાં ભૂતપૂર્વ કેપ્ટન કપિલ દેવની બરાબરી કરી છે.

ગોલેમાં શ્રીલંકા સામેની પ્રથમ ટેસ્ટના ત્રીજા દિવસે જાડેજાએ આ સિદ્ધિ મેળવી. આ સાથે, જાડેજા અનિલ કુંબલે, રવિચંદ્રન અશ્વિન, કપિલ દેવ અને હરભજન સિંહની સાથે ૩૫૦ ટેસ્ટ વિકેટ લેનાર માત્ર પાંચમો ભારતીય બન્યો.

જાડેજાએ આ ટેસ્ટની શરૂઆત ૮૯ મેચમાં ૪,૦૯૫ રન અને ૩૪૮ વિકેટ સાથે કરી હતી, એટલે કે આ સીમાચિહ્ન સુધી પહોંચવા માટે તેને ફક્ત બે વિકેટની જરૂર હતી. તેની ૩૫૦મી વિકેટ ત્યારે આવી જ્યારે કેસરા નુવંથાએ બોલ દૂર ખસેડીને ઓફ સાઈડ તરફ શોટ રમવાનો પ્રયાસ કર્યો, અને શુભમન ગિલે કેચ પકડ્યો, જેનાથી જાડેજાની ઈનિંગનો અંત આવ્યો.

આ સિદ્ધિ સાથે, જાડેજાએ કપિલ દેવની બરાબરી કરી, જેમણે ૫,૨૪૮ રન અને ૪૩૪ વિકેટ સાથે પોતાની ટેસ્ટ કારકિર્દી પૂરી કરી. આ પહેલા, ફક્ત ત્રણ અન્ય ખેલાડીઓએ ૪૦૦૦ થી વધુ ટેસ્ટ રન બનાવવા અને ૩૫૦ થી વધુ વિકેટ લેવાની સિદ્ધિ હાંસલ કરી છે, જેમાં ઈયાન બોથમ (૫,૨૦૦ રન અને ૩૮૩ વિકેટ), ડેનિયલ વેટ્ટોરી (૪,૫૩૧ રન, ૩૬૨ વિકેટ) અને કપિલ દેવનો સમાવેશ થાય છે.જાડેજા ટેસ્ટ ઈતિહાસમાં રેડ-બોલ ફોર્મેટમાં ૩૫૦ કે તેથી વધુ વિકેટ લેનાર ત્રીજો ડાબોડી સ્પિનર છે. તે શ્રીલંકાના દિગ્ગજ ખેલાડી રંગના હેરાથ (૪૩૩) અને ન્યુઝીલેન્ડના મહાન ડેનિયલ વેટ્ટોરી (૩૬૨) સાથે જોડાઈને આ સિદ્ધિ મેળવનાર એકમાત્ર ડાબોડી સ્પિનર છે. જાડેજાનો સ્ટ્રાઈક રેટ ૫૮.૧ છે, જે ઓછામાં ઓછી ૧૨૫ ટેસ્ટ વિકેટ લેનારા ડાબોડી સ્પિનરોમાં ફક્ત કેશવ મહારાજને પાછળ છોડી દે છે.

# ઓલિમ્પિક ૨૦૨૮ : વિમ્બલ્ડનના 3 દિવસ પછી શરૂ થશે ઓલિમ્પિક; ખેલાડીઓ બોલ્યાં, આટલા ઓછા સમયમાં કેવી રીતે રમીએ

## ૧૬ જુલાઈના રોજ રમાશે વિમ્બલ્ડનની પુરુષ સિંગલ્સ ફાઇનલ : ઓલિમ્પિકમાં ટેનિસ સ્પર્ધાઓ ૧૯ જુલાઈથી શરૂ થશે

લોસ એન્જિલિસ ઓલિમ્પિક ૨૦૨૮ શરૂ થવામાં હજુ બે વર્ષનો લાંબો સમય છે, પરંતુ ટોચનાં ટેનિસ ખેલાડીઓ અત્યારથી જ ચિંતામાં મુકાઈ ગયા છે. ઓલિમ્પિક ૨૦૨૮ની ટેનિસ સ્પર્ધાના શિડ્યુલને લઈને આર્યના સબાલેન્કા, એલેના રિબાકિના, ડેનિલ મેદવેદેવ જેવા અનેક ટોચનાં ખેલાડીઓએ સવાલો ઉઠાવ્યાં છે.

હકીકતમાં, વિમ્બલ્ડન ૨૦૨૮ અને લોસ એન્જિલિસ ઓલિમ્પિકની ટેનિસ સ્પર્ધા વચ્ચે માત્ર ત્રણ દિવસનું અંતર છે. ઉલ્લેખનીય છે કે ત્યારે વિમ્બલ્ડન ફાઈનલ ૧૬ જુલાઈના રોજ રમાશે, જ્યારે ઓલિમ્પિકમાં ટેનિસની મેચો ૧૯ જુલાઈથી શરૂ થઈ જશે.

૨૦૨૪ પેરિસ ઓલિમ્પિકની ટેનિસ ટૂર્નામેન્ટ વિમ્બલ્ડન પૂર્ણ થયાનાં લગભગ ૧૩ દિવસ પછી શરૂ થઈ હતી. તેનાથી વિપરીત, ૨૦૨૮માં આ અંતર ઘટીને માત્ર ત્રણ દિવસ જ રહી જશે. આની સૌથી મોટી અસર એ ખેલાડીઓ પર પડી શકે છે જેઓ વિમ્બલ્ડનના અંતિમ રાઉન્ડ સુધી પહોંચશે. તેમને તાત્કાલિક યુરોપથી અમેરિકાની લાંબી યાત્રા કરવી પડશે અને ગ્રાસ કોર્ટથી હાર્ડ કોર્ટની પરિસ્થિતિઓમાં ઢળવું પડશે.

વર્લ્ડ નંબર વન મહિલા સિંગલ્સ ખેલાડી આર્યના સબાલેન્કાએ કહ્યું કે વિમ્બલ્ડન મેન્સ ફાઈનલના માત્ર ત્રણ દિવસ પછી ઓલિમ્પિક શરૂ થવું ખૂબ જ મુશ્કેલ



છે. ઓલિમ્પિક ચાર વર્ષમાં એક વાર આવે છે અને ખેલાડીઓને તેની તૈયારી માટે પૂરતો સમય મળવો જોઈએ. હું આ વ્યસ્ત શિડ્યુલથી ખૂબ જ નારાજ છું.

કઝાકિસ્તાનની રિબાકિનાએ કહ્યું કે, આ પાગલપન છે કે વિમ્બલ્ડનના થોડા જ દિવસો પછી ઓલિમ્પિક છે. રિબાકિનાએ આશા વ્યક્ત કરી કે શિડ્યુલમાં ફેરફાર કરી શકાય છે, જેથી ખેલાડીઓ માટે પરિસ્થિતિ વધુ અનુકૂળ બને. તેમણે કહ્યું કે, ભૂતકાળમાં પણ કાર્યક્રમમાં ફેરફારો થયા છે.

પોલેન્ડની સ્ટાર ઈગા શ્વિઓંતેકે પણ તેને ખૂબ જ પડકારજનક ગણાવ્યું હતું. શ્વિઓંતેકે કહ્યું કે, આ ખેલાડીઓના હિતમાં નથી. શ્વિઓંતેકે ઉમેર્યું કે ટેનિસનું આખું કેલેન્ડર જ લાંબા સમયથી ખેલાડીઓ માટે ખૂબ વ્યસ્ત રહ્યું છે અને ખેલાડીઓના હિતોને પૂરતી પ્રાથમિકતા આપવામાં આવી રહી નથી.ડેનિલ મેદવેદેવે પણ શિડ્યુલમાં ફેરફારની જરૂરિયાત જણાવી હતી. તેમણે કહ્યું કે ત્રણ દિવસને બદલે ઓછામાં ઓછો છ દિવસનો તફાવત હોવો જોઈએ, જોકે તેમના મતે છ દિવસ પણ પૂરતાં નહીં રહે. તેમણે સાત દિવસથી વધુનો તફાવત રાખવાનો પ્રયાસ કરવાની વાત કરી હતી.

# બરોડા ડિસ્ટ્રિક્ટ રોલર સ્કેટિંગ એસો.ના ખેલાડીઓનો ડંકો



ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા ૧૨મી ઓગસ્ટે ગાંધીનગર ખાતે રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની વિશેષ ઉપસ્થિતિમાં 'શક્તિદૂત ૨.૦' એવોર્ડ સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રતિષ્ઠિત સમારોહમાં ધ બરોડા ડિસ્ટ્રિક્ટ રોલર સ્કેટિંગ એસોસિયેશનના ખેલાડીઓએ અલગ અલગ એવોર્ડ્સ પ્રાપ્ત કરીને વડોદરા શહેર અને તેમના કોચનું નામ સમગ્ર રાજ્યમાં રોશન કર્યું છે.

રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા વડોદરાના આ તમામ પ્રતિભાશાળી સ્કેટર્સને સરદાર પટેલ એવોર્ડ અને જયદીપસિંહજી બારીયા એવોર્ડ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. વડોદરા શહેરની ગોત્રી, વાઘોડિયા અને બરોડા હાઈસ્કૂલ, ઓ.એન.જી.સી સ્કેટિંગ રિંકમાં પ્રશિક્ષણ લઈ રહેલા ૧૫ ખેલાડીઓએ મેળવ્યા ૧૬ રમત ગમતના રાજ્યકક્ષાના સર્વોચ્ચ સમ્માન. જેમાં રુત્વા પંડ્યા (જુનિયર સરદાર પટેલ એવોર્ડ), પ્રણવ તડવી (સિનિયર જયદીપસિંહજી એવોર્ડ), વીર પંચાલ ( સિનિયર જયદીપસિંહજી એવોર્ડ), જસ્વિ જયસ્વાલ ( જુનિયર સરદાર પટેલ એવોર્ડ), જલધિ પરમાર ( જુનિયર જયદીપસિંહજી એવોર્ડ), વેદાંતી પટેલ (જુનિયર સરદાર પટેલ એવોર્ડ), જીત પટેલ (જુનિયર જયદીપસિંહજી એવોર્ડ), કેયા પટેલ (જુનિયર જયદીપસિંહજી એવોર્ડ), દિવ્યતા પંડ્યા (જુનિયર સરદાર પટેલ એવોર્ડ તથા જુનિયર જયદીપસિંહજી એવોર્ડ (બે એવોર્ડ), અનુષ્કા શાહ (સિનિયર જયદીપસિંહજી એવોર્ડ), નંદિની ઝવેરી ( જુનિયર જયદીપસિંહજી એવોર્ડ), ખુશનુમા પઠાણ (જુનિયર જયદીપસિંહજી એવોર્ડ), કનિષ્ક પરીખ (જુનિયર જયદીપસિંહજી એવોર્ડ), ભવ્યા શાહ (જુનિયર જયદીપસિંહજી એવોર્ડ), વિયોના જૈન (જુનિયર જયદીપસિંહજી એવોર્ડ)નો સમાવેશ થાય છે. ઉપરોક્ત તમામ ખેલાડીઓ કોચ વિનોદ ઠાકોર, કેદાર કુલકર્ણી, કૃતિ કુલકર્ણી તેમજ દીપક જાધવ પાસે છેલ્લા ઘણા વર્ષોથી પ્રશિક્ષણ લઈ રહ્યા છે. ધ બરોડા ડિસ્ટ્રિક્ટ રોલર સ્કેટિંગ એસોસિયેશન અને તમામ કોચ દ્વારા આ યુવા ખેલાડીઓની સખત મહેનત, શિસ્ત અને રમત પ્રત્યેના સમર્પણને બિરદાવવામાં આવ્યું હતું.

# આત્મવિશ્વાસથી ભરેલી ભારતીય હોકી ટીમ આજે દ. આફ્રિકા સામે ટકરાશે



ઓલિમ્પિક્સ સિલ્વર મેડાલિસ્ટ અને વિશ્વની ચોથા ક્રમની ટીમ ચીન સામે ડ્રો રમીને ઉત્સાહિત બનેલી ભારતીય મહિલા હોકી ટીમ મંગળવારે અહીં વિમેન્સ હોકી વર્લ્ડ કપ ૨૦૨૬ની પોતાની બીજી મેચમાં સાઉથ આફ્રિકા સામે ટકરાશે ત્યારે પુલ D માં પ્રથમ બે સ્થાન મેળવવાની પોતાની દાવેદારી મજબૂત કરવાનો પ્રયાસ કરશે. વિશ્વમાં નવમો ક્રમ ધરાવતી ભારતીય ટીમે પોતાની પ્રથમ મેચમાં મજબૂત ચીની ટીમ સામે શિસ્તબદ્ધ પ્રદર્શન કરીને ૨-૨થી ડ્રો કરવામાં સફળતા હાંસલ કરી હતી. આ પરિણામે તેને એક મૂલ્યવાન પોઈન્ટ આપ્યો હતો અને બીજા રાઉન્ડ માટે ક્વોલિફાય થવાની સારી સ્થિતિમાં મૂકી દીધી હતી.

ઈંગ્લેન્ડની ટીમ સાઉથ આફ્રિકા સામે ૪-૦થી વિજય મેળવ્યા બાદ હાલમાં પુલ ૬ માં ટોચ પર છે, જ્યારે ચીન અને ભારત ત્યાર પછીના સ્થાને છે, જ્યારે સાઉથ આફ્રિકા ચોથા ક્રમે છે.સેમિફાઈનલની રેસ માટે દરેક પુલમાંથી ટોચની બે ટીમને ચાર-ચાર ટીમોના બે જૂથો (E અને F)માં વિભાજિત કરવામાં આવશે. દરેક ટીમ એવા હરીફ સામે મેચ રમશે જેનો સામનો તેણે પ્રથમ રાઉન્ડમાં કર્યો નથી. પ્રથમ રાઉન્ડમાં પોતાના પુલમાંથી આગળ વધનારી ટીમ સામે મેળવેલું પરિણામ બીજા રાઉન્ડમાં આગળ ધપાવવામાં આવશે. તેનો અર્થ એ છે કે જો ભારત અને ચીન બીજા રાઉન્ડમાં પહોંચશે તો તેઓ એક બીજા સામે નહીં રમે અને ડ્રોથી મળેલો તેમનો એક-એક પોઈન્ટ આગળ ગણવામાં આવશે.

તેથી જ ભારત માટે મંગળવારની મેચ ક્વોલિફિકેશનની આશાઓ પર પોતાનું સંપૂર્ણ નિયંત્રણ સ્થાપિત કરવાની એક તક છે. ૧૮મા ક્રમની સાઉથ આફ્રિકા સામેની જીત માત્ર ટોપ-ટુમાં સ્થાન મેળવવાની તકોમાં વધારો કરશે નહીં પરંતુ ભારતને તેની અંતિમ પુલ મેચ અગાઉ ટીમને વેગ પણ આપશે.ચીન સામેની મેચ પછી કોચ સોજોર્ડ મેરિજાને જણાવ્યું હતું કે, "આપણે બીજી ટીમોના સ્થાન વિશે ચિંતા કરવાની જરૂર નથી પરંતુ અમારે આત્મસંતોષથી બચીને આગામી મેચોમાં આ વેગ જાળવી રાખવાની જરૂર છે."ભારતે તેની પ્રથમ મેચમાં ઘણી આશાસ્પદ રમત દાખવી હતી. ડ્રેગ-ફ્લિકર દીપિકાએ પેનલ્ટી કોર્નરને ગોલમાં ફેરવ્યો હતો અને અન્ય એક પેનલ્ટી કોર્નર પણ મેળવ્યો હતો, જ્યારે વર્લ્ડ કપમાં પદાર્પણ કરી રહેલી સુનેલિતા ટોપ્પો, ઈશિકા અને શિલ્પી ડાબાસે તેમના અનુભવને આધારે શાનદાર સંયમ દર્શાવ્યો હતો.વર્લ્ડ કપ ક્વોલિફાયર્સમાં પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ તરીકે જાહેર કરાયેલી નવનીત કૌરે પણ આ ટુર્નામેન્ટમાં પોતાનું પ્રભાવશાળી ફોર્મ જાળવી રાખ્યું છે અને તે ભારત માટે મુખ્ય એટેકિંગ પ્લેયર રહેશે. જોકે, મેરિજાન જાણે છે કે ખાસ કરીને બોલ પર અંકુશ રાખવા અને બોલને પોતાની પાસે જાળવી રાખવાની બાબતમાં હજી સુધારાને અવકાશ છે. ભારતે પ્રથમ ક્વાર્ટરમાં નિયંત્રણ જાળવી રાખ્યું હતું અને હાફ ટાઈમ સુધી ૨-૧ની સરસાઈ મેળવી લીધી હતી પરંતુ બ્રેક બાદ ખેલાડીઓની તીવ્રતા ઘટી ગઈ હતી. તેઓ ત્રીજા ક્વાર્ટરમાં રક્ષણાત્મક વલણ અપનાવી બેઠા હતા, જેનાથી ચીનને નિયંત્રણ મેળવવાની અને અંતે સ્કોર સરભર કરવાનો મોકો મળ્યો હતો.

# ભારતના આયુષ શેટ્ટીએ વર્લ્ડ ચેમ્પિયનને હરાવ્યા

## બેડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયનશિપમાં 3 ગેમમાં ધૂળ ચટાડી, પીવી સિંધુ પણ જીતી

ભારતના યુવા બેડમિન્ટન સ્ટાર આયુષ શેટ્ટીએ બેડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયનશિપના પહેલા રાઉન્ડમાં વર્લ્ડ ચેમ્પિયન અને વર્લ્ડ નંબર-૧ ચીનના શી યુ ચીને હરાવ્યા.નવી દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ડોર સ્ટેડિયમમાં સોમવારથી શરૂ થયેલી આ ટુર્નામેન્ટમાં દુનિયામાં ૨૨મા નંબરના ખેલાડી આયુષે મેન્સ સિંગલ્સનો આ મુકાબલો ૨૧-૧૪, ૧૩-૨૧, ૨૧-૧૯થી જીત્યો.આયુષ શેટ્ટીએ ૨૦૨૩માં વર્લ્ડ જુનિયર ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ જીતીને પોતાની ઓળખ બનાવી. તેમને સૌથી મોટી સફળતા ૨૦૨૫ યુએસ ઓપનમાં મળી. તેમણે ફાઈનલમાં કેનેડાના બ્રાયન યાંગને ૨૧-૧૮, ૨૧-૧૩થી હરાવીને પોતાનો પહેલો મેઉહ્ન વર્લ્ડ ટૂર ખિતાબ જીત્યો. તેમણે ૨૦૨૬ બેડમિન્ટન એશિયા ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ મેળવ્યો હતો.ભારતની પીવી સિંધુએ પણ જીતથી શરૂઆત કરી. સિંધુએ વુમન્સ સિંગલ્સના પહેલા રાઉન્ડમાં આયર્લેન્ડની સોફિયા નોબલને ૨૯ મિનિટમાં ૨૧-૭, ૨૧-૧૧થી હરાવી. બીજા રાઉન્ડમાં સિંધુનો મુકાબલો કેનેડાની વેન યુ ઝાંગ સામે થશે.વુમન્સ ડબલ્સમાં ત્રિશા જોલી અને ગાયત્રી ગોપીચંદની જોડીએ સ્પેનની પાઉલા લોપેઝ અને એલ રોડ્રિગેઝને ૨૧-૯,



૨૧-૧૩થી હરાવ્યા.મેન્સ ડબલ્સમાં હરિહરન અમસાકરુણન અને એમઆર અર્જુને આયર્લેન્ડના સ્કોટ ગિલ્ડિયા અને પોલ રેનોલ્ડ્સને હરાવ્યા.ભારતીય જોડીએ પ્રથમ ગેમ ૨૧-૧૬થી પોતાના નામે કરી. બીજી ગેમમાં પણ ભારતીય જોડી ૬-૪થી આગળ હતી, ત્યારે આયર્લેન્ડની જોડીએ ઈજાના કારણે મેચમાંથી હટી જવાનો નિર્ણય કર્યો.બેડમિન્ટનમાં રિટાયરમેન્ટનો અર્થ એ છે કે ખેલાડી મેચ શરૂ થયા પછી તેને અધવચ્ચે છોડી દે છે. તેનું સૌથી સામાન્ય કારણ ઈજા અથવા શારીરિક અસ્વસ્થતા હોય છે. સ્નાયુઓમાં ખેંચાણ, સાંધામાં દુખાવો અથવા એવી ઈજા, જેનાથી આગળ રમવું જોખમી હોય, તે તેના મુખ્ય કારણો હોઈ શકે છે.

રિટાયરમેન્ટ થવા પર વિરોધી ખેલાડીને વિજેતા જાહેર કરવામાં આવે છે. આ વોકઓવર અથવા વિડ્રોઅલથી અલગ હોય છે, કારણ કે રિટાયરમેન્ટમાં મેચ શરૂ થઈ ચૂકી હોય છે.ટોપ સીડ તે ખેલાડી અથવા જોડી હોય છે જેને ટુર્નામેન્ટમાં તેની રેન્કિંગના આધારે સૌથી મજબૂત દાવેદાર માનવામાં આવે છે. સીડિંગનો હેતુ મજબૂત ખેલાડીઓને શરૂઆતના રાઉન્ડમાં એકબીજા સામે આવતા રોકવાનો હોય છે.જ્યારે ડિફેન્ડિંગ ચેમ્પિયન તે ખેલાડી હોય છે જેણે છેલ્લી વખત ટુર્નામેન્ટ જીતી હોય અને આ વખતે પોતાના ખિતાબને બચાવવા ઉતર્યો હોય. તેથી આયુષ શેટ્ટી સામે શી યુ ચીનો મુકાબલો ખાસ છે, કારણ કે શી યુ ચી ડિફેન્ડિંગ ચેમ્પિયન છે.ઓલિમ્પિક ચાર વર્ષમાં એકવાર થાય છે અને તેમાં ક્વોલિફિકેશન દ્વારા મર્યાદિત ખેલાડીઓ પહોંચે છે. વર્લ્ડ ચેમ્પિયનશિપ સામાન્ય રીતે દર વર્ષે યોજાય છે, જોકે ઓલિમ્પિક વર્ષમાં તેનું આયોજન થતું નથી.

# ભારત હોકી વર્લ્ડકપમાં ઇંગ્લેન્ડ સામે છઠ્ઠી મેચ હાર્યું

## નિક બંડુરાકે પેનલ્ટી પર ૨ ગોલ કર્યા, ૧૯મીએ પાકિસ્તાન સામે મેચ



ભારતને મેન્સ હોકી વર્લ્ડ કપમાં ઈંગ્લેન્ડ સામે ૪-૨થી હારનો સામનો કરવો પડ્યો છે. ભારતીય ટીમ ઈંગ્લેન્ડ સામે આ ટુર્નામેન્ટમાં છઠ્ઠી મેચ હારી છે. તેને છેલ્લા ૩૨ વર્ષથી જીતની રાહ છે.

એમ્સટેલવીનના વેગેનર સ્ટેડિયમમાં ભારતીય ટીમ તરફથી કેપ્ટન હરમનપ્રીત સિંહ અને દિલપ્રીત સિંહે ગોલ કર્યા. પરંતુ, આ ગોલ જીત માટે પૂરતા ન હતા.

ઈંગ્લેન્ડ તરફથી નિકોલસ બંડુરાકે પેનલ્ટી પર ૨ ગોલ કર્યા. હેનરી ક્રોફ્ટ અને સ્ટુઅર્ટ રશમેયરે એક-એક ગોલ કર્યા.

ટીમ ઈન્ડિયાની આગામી મેચ ૧૯ ઓગસ્ટે પાકિસ્તાન સામે થશે. ભારતે પ્રથમ મેચમાં વેલ્સને ૩-૧થી હરાવ્યું હતું. જ્યારે, ઈંગ્લેન્ડે પાકિસ્તાનને ૪-૧થી હરાવ્યું હતું.

ભારતને ઈંગ્લેન્ડ સામે ૨-૪થી હારનો સામનો કરવો પડ્યો. બીજા ક્વાર્ટરમાં ભારતે શાનદાર રમત બતાવી અને બે ગોલ કરીને લીડ મેળવી, પરંતુ બીજા હાફમાં ઈંગ્લેન્ડ સંપૂર્ણપણે હાવી રહ્યું. ઈંગ્લેન્ડે ત્રીજા ક્વાર્ટરમાં બે અને ચોથા ક્વાર્ટરમાં એક ગોલ કરીને મેચ પોતાના નામે કરી લીધી.

આ હાર પછી ભારત માટે આગામી મેચમાં પાકિસ્તાન સામે જીત જરૂરી બની ગઈ છે, જેથી તે રાઉન્ડ-૨ માટે સીધા ક્વોલિફાય કરી શકે. જોકે, જો વેલ્સની ટીમ ઈંગ્લેન્ડને હરાવી શકતી નથી તો પાકિસ્તાન સામે ડ્રો પણ ભારત માટે પૂરતું રહેશે.

૫૪મી મિનિટે બંડુરાકે ઈંગ્લેન્ડને પેનલ્ટી કોર્નર અપાવ્યો. તેણે સુમિતના પગ પર બોલ માર્યો. આ તક પર બંડુરાકે ગોલ કર્યો. તેણે પેનલ્ટી પર બીજો ગોલ કર્યો છે.

૫૧મી મિનિટે અભિષેકે એરિયલ બોલને કંટ્રોલ કર્યો અને શાનદાર મૂવ બનાવતા ટોમહોક શોટ માર્યો, પરંતુ બોલ ગોલની ખૂબ નજીકથી બહાર નીકળી ગયો. અહીં ભારત પાસે બરાબરી કરવાની શ્રેષ્ઠ તક હતી.ત્રીજો ક્વાર્ટર સમાપ્ત થતાં સુધીમાં ભારત ૨-૩થી પાછળ થઈ ગયું છે. ૪૪મી મિનિટે કોનોર વિલિયમસનને ગ્રીન કાર્ડ બતાવવામાં આવ્યું છે.જોકે, ઈંગ્લેન્ડ પાસે બોલ હોવાને કારણે તે ભારતને તેના ડિફેન્સિવ થર્ડમાં જવાથી રોકવાનો પ્રયાસ કરે છે. ઈંગ્લેન્ડે ત્રીજા ક્વાર્ટરની છેલ્લી મિનિટમાં ભારતને તેના ડિફેન્સિવ એરિયાથી દૂર રાખવામાં સફળતા મેળવી.૩૯મી મિનિટે સ્ટુઅર્ટ રશમેયરે બોક્સની અંદર ઝડપી બોલને શાનદાર ફ્લિકથી ડિફ્લેક્ટ કરીને ગોલ કર્યો. અહીં ઈંગ્લેન્ડે સ્કોર ૨-૨થી બરાબર કર્યો.૪૪મી મિનિટે રશમેયરે જમણી બાજુથી એક વધુ શાનદાર ફ્લિકથી મૂવ બનાવ્યો. બોલ ગોલની બરાબર બહાર હેનરી ક્રોફ્ટ પાસે પહોંચ્યો, ક્રોફ્ટે જોરદાર હિટ લગાવીને ગોલ પોસ્ટના નીચેના ખૂણામાં પહોંચાડી દીધો.

# સંસદના મોન્સૂન સત્ર બાબતે સુરતમાં કેન્દ્રીય મંત્રીની પ્રેસ કોંફરન્સ યોજાઈ

## કેન્દ્રીય જળ મંત્રી શ્રી સી.આર.પાટીલ તેમજ બારડોલી સાંસદ પ્રભુભાઈ વસાવાએ કર્યું સંબોધન

સુરત, તા.૧૮

ગત દિવસોમાં લોકશાહીનું મંદિર ગણાતા લોકસભા ખાતે મોન્સુન સત્રમાં કરવામાં આવેલી કામગીરીનો અહેવાલ સોમવારે સુરત ખાતે આયોજિત પત્રકાર પરિષદમાં મીડિયા સમક્ષ કેન્દ્રીય જળ મંત્રી શ્રી સી. આર.પાટીલ અને બારડોલી સાંસદ શ્રી પ્રભુભાઈ વસાવાએ રજૂ કર્યો હતો.



પત્રકાર પરિષદના પ્રારંભમાં બારડોલી સાંસદ શ્રી પ્રભુભાઈ વસાવાએ જણાવ્યું હતું કે વિપક્ષોના હંગામા વચ્ચે આ સત્ર ખૂબ ટૂંકું ચાલનારૂ સત્ર હતું.વિપક્ષ દ્વારા આ સત્રને ચાલવા દેવામાં આવ્યું ન હતુ.પ્રજાના ટેક્સના કરોડો રૂપિયાનો ખર્ચો આ સત્રમાં થતો હોય છે પણ વિપક્ષના કારણે સત્ર ખૂબ ઓછું ચાલ્યું બારડોલી સાંસદ શ્રી પ્રભુભાઈ વસાવાએ જણાવ્યું હતુ કે તાજેતરમાં દક્ષિણ ગુજરાત ખાતે સર્જાયેલી પૂરની પરિસ્થિતિ અંગેના પ્રશ્નો પણ સંસદમાં પૂછવાની તક પણ વિપક્ષના કારણે મળી ન હતી.સત્ર નિર્ણાયક બિલ પાસ કરવાનું માધ્યમ છે પરંતુ વિપક્ષે સંસદને બાનમા લઈ પોલીટીકલ સ્ટંટનું માધ્યમ બનાવ્યું હતું. વિપક્ષે લોકશાહીની ગરીમાનું હનન કર્યું છે.વિપક્ષને સ્પીકર દ્વારા તેમજ કેન્દ્ર સરકાર દ્વારા સત્ર ચાલવા દેવામા આવે તેવી વારંવાર વિનંતી કરવામાં આવી હતી.તેમ છતાં કોંગ્રેસ સહિત વિપક્ષ દ્વારા લોકશાહીની ગરિમા ન જાળવીને સદનની કામગીરીને ખોરંભે ચડાવી હતી.વિપક્ષે સકારાત્મક અને રાષ્ટ્ર માટેના મહત્ત્વના બિલોમાં ભાગ લીધો નહી.૧૨ જેટલા બિલો સંસદમાં રજૂ કરવામાં આવ્યા હતા વિપક્ષે ખોટી રીતે દોરવણી કરીને ઝેનજીને ગેરમાર્ગે દોર્યા.વિદ્યાર્થીઓના હિતના બિલ બાબતે પણ વિશેષ ચર્ચા કરવાની હતી પણ વિપક્ષે આ બિલમાં પણ ભાગ લીધો.વંદે માતરમના અપમાનને લઈ કાર્યવાહીનું બિલ હતું તે પણ ન થઈ શક્યું.સુપ્રીમ કોર્ટના જજ વધારવા બાબતના બિલ બાબતેં પણ વિપક્ષ દ્વારા ચર્ચા કરવામાં ન આવી

બારડોલી સાંસદ શ્રી પ્રભુભાઈ વસાવાએ વધુમાં જણાવ્યું હતું કે દેશ માટે અતિ મહત્વના ઘણા બીલમાં કોંગ્રેસે નકારાત્મકતા દર્શાવી દેશને નુકસાન કરવાનું કાર્ય કર્યું છે.દેશની જનતાએ આ સમગ્ર ગતિવિધિને જોયું છે અને જેના કારણે આગામી દિવસોમાં કોંગ્રેસની સ્થિતિ હજુ પણ બગડવાની છેપેપરલીક જેવા અતિ મહત્વના મુદ્દા પર કડક કાયદા માટે લાવવામાં આવેલા બિલને પણ કોંગ્રેસે સહયોગ ન આપ્યો તે અતિ દુ:ખદ બાબત છે. કોંગ્રેસના શાસિત રાજ્યમાં પેપરલીક થયું ત્યારે પણ કોંગ્રેસ કઈ બોલવા તૈયાર નથી.કોંગ્રેસ કાર્યાલય દિલ્હીમાં વંદે માતરમ ગાન વચ્ચેથી રોકવાનો પ્રયાસ કરીને તેમણે દેશનું અપમાન કર્યું છે.દેશની જનતાએ આ જોયું છે અને જનતા વિપક્ષની દાનતને ઓળખી ગઈ છે.અમુક વિદેશી તાકાત દેશની અર્થ વ્યવસ્થા ખોરવાનો પ્રયાસ ન કરે તે માટેના બીલમાં પણ વિપક્ષે ચર્ચા ન કરી.આ બિલને મોડું કરવાનો પ્રયાસ પણ કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યો.લોકસભા અને રાજ્યસભામાં ચર્ચાના વિષયો હોય છે.હોબાળો કરીને વિપક્ષે સત્રને ચાલવા દીધું નહી.વિપક્ષના આવા વલણ ને કારણે આખું સત્ર ખોરવાઈ ગયું.આ સત્રમાં કરોડોનો ખર્ચ થયો.




**૮૦મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણીના અનુસંધાનમા તા. ૧૬/૮/૨૬ રવિવારના રોજ જીવનભારતી કિશોરભવનમાં શ્રેણી-૪ અને શ્રેણી-૫માં વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં કુલ ૪૭ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો. વિજેતા વિદ્યાર્થીઓ શ્રેણી-૪મા પ્રથમક્રમઃ વિભૂતિ રાણા અને દ્વિતીયક્રમઃ ફોરમ ચપડિયા, શ્રેણી-૫માં પ્રથમક્રમઃ ખેવ્યા પટેલ, દ્વિતીયક્રમઃ યાદવી રાણા અને તૃતીયક્રમઃ શુભમ રાણાને શાળાના આચાર્યાશ્રી ભામિનીબેન રાવલ, નિરીક્ષક શ્રી રાજેશભાઈ પારેખ અને સમગ્ર શાળા પરિવારે ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રી ક્રિષ્ના બેન અને રિયાબેને ફરજ બજાવી હતી.**

# કેવડિયા પરિવારના મોભીનું થયું અંગદાન

સુરત, તા.૧૮

"જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન, સુરત" , પી.પી.માણિયા હોસ્પિટલ અને કેવડિયા પરિવારના સંયુક્ત પ્રયાસો દ્વારા આજ રોજ ૩૪ મું અંગદાન કરાવવામાં આવ્યું. દર્દી અંગદાતા કેવડીયા ચંદુભાઈ મેઘજીભાઈ (ઉ.૬૩ વર્ષ) રહે:- ૨૭, વલ્લભનગર, નીરુ ફાર્મ ની સામે, કતારગામ, સુરત. મુળગામઃ- નવાગામ(લો), તા:- વલ્લભીપુર, જિ:-ભાવનગર. તા.૧૩/૦૮/૨૦૨૬ ના રોજ સાંજના સમયે દર્દી નામે કેવડીયા ચંદુભાઈ એક દુકાને બેઠા હતા ત્યાં અચાનક તેમણે ચક્કર આવતા સાથી મિત્રોએ ચંદુભાઈની પત્ની ઈન્દુબેનને ફોન કરેલ જેઓ સ્થળ પર આવતા દર્દી ઉલ્ટી કરેલ હાલતમાં બાંકડા પર સૂતેલ હતાં તેઓએ તુરંત જ નાના દીકરા



કુંજનભાઈને ફોન દ્વારા બોલાવી તેમની ગાડીમાં નજીકની હોસ્પિટલમાં લઈ ગયેલા હતા જ્યાં ફરજ પરના ડોક્ટર દ્વારા જરૂરી મગજ ના MRI અને CT scan ના રિપોર્ટ કરાવ્યાં હતા,પરંતુ રિપોર્ટ અનુસાર દર્દી ને વધુ સારવાર માટે પી. પી. માણિયા હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતાં. દેશભરમાં સ્વતંત્રતા દિવસની ઉજવણી શરૂ હતી ત્યારેજ ફરજ પરના ડો. આયુષ ગોળકિયા, ડો.હરીન મોદી, ડો.વિવેક માવણી અને ડો. કરણ અણઘણએ દર્દીને બ્રેઈન ડેડ જાહેર કરેલ હતાં.

# સારવાર માટે દાખલ કૂતરી ગુમ થતા હોસ્પિટલને વળતર આપવા હુકમ

## ગ્રાહક કોર્ટે હોસ્પિટલની બેદરકારી અંગે કરેલો આદેશ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૮**

સુરતમાં વેટરનરી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરાયેલી પાલતુ કૂતરી ગુમ થઈ જવાના કિસ્સામાં જિલ્લા ગ્રાહક કોર્ટે હોસ્પિટલની ગંભીર બેદરકારી ઠેરવી મહિલા ગ્રાહકને વ્યાજ સાથે આર્થિક વળતર ચૂકવવાનો હુકમ કર્યો હતો. ગોપીપુરા વિસ્તારમાં રહેતા જાગૃતિ ગોપાલ ઠક્કરે પોતાની ૧૫ વર્ષની પાલતુ કૂતરી 'જમકુડી'ને કાનમાં ઈન્ફેક્શન હોવાથી વર્ષ ૨૦૧૯મા ઘોડદોડ રોડ ખાતે સુરત પાંજરાપોળ ટ્રસ્ટ સંચાલિત નંદિની વેટરનરી હોસ્પિટલ ખાતે સારવાર માટે ઈન્ડોર પેશન્ટ તરીકે દાખલ કરી હતી. હોસ્પિટલે જમકુડી માટે જાગૃતિ ઠક્કર પાસેથી જરૂરી ફી અને ડિપોઝિટ પણ વસૂલ કરી હતી. દરમિયાન તા.૧૧.૧૨.૨૦૧૯ના રોજ સવારે હોસ્પિટલમાંથી જમકુડી ગુમ થઈ ગઈ હોવાની જાણ જાગૃતિ ઠક્કરને કરવામાં આવી હતી. હોસ્પિટલની આવી ગંભીર ક્ષતિ અને બેદરકારી સામે જાગૃતિ ઠક્કરે ઉમરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી અને આશરે ૨૬ દિવસ બાદ પ્રયાસ સંસ્થાના પ્રયત્નોથી જમકુડી ઉધના વિસ્તારમાંથી મળી આવી હતી. જોકે, સતત રખડપાટ અને યોગ્ય કાળજીના અભાવે તેની તબિયત લથડતાં તેનું અવસાન થયું હતું. આ મામલે જાગૃતિ ઠક્કરે એડવોકેટ શ્રેયસ દેસાઈ, પ્રાચી દેસાઈ અને ઈશાન દેસાઈ મારફતે સુરત જિલ્લા ગ્રાહક કમિશન સમક્ષ ફરિયાદ દાખલ કરી હતી. કમિશનના પ્રમુખ પી.પી.મેખીયા અને સભ્ય ડૉ. તીર્થેશ મહેતાએ ફરિયાદ ધ્યાને લેતાં ઠેરવ્યું હતુ કે હોસ્પિટલે પૈસા વસૂલ્યા પછી પ્રાણીની યોગ્ય સંભાળ ન રાખી સેવા ક્ષતિ દર્શાવી છે. કમિશને નંદિની વેટરનરી હોસ્પિટલ અને તેના ટ્રસ્ટીઓને જમકુડીને શોધવા કરેલ ખર્ચ રૂ. ૧૨,૯૦૦ ૮% વ્યાજ સાથે જાગૃતિ ઠક્કરને ચૂકવી આપવા આદેશ કર્યો હતો.

# સુરતમાં ખિદમત એ બશર ફાઉન્ડેશન દ્વારા સ્વતંત્રતા પર્વે ધ્વજારોહણ કાર્યક્રમ યોજાયો



સુરત, તા.૧૮

સુરતમાં 'ખિદમત એ બશર ફાઉન્ડેશન એંડ ચૅરિટેબલ ટ્રસ્ટ' દ્વારા ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ના પવિત્ર અવસરે ભવ્ય ધ્વજારોહણ કાર્યક્રમ યોજાયો હતો. આ ઝંડા વંદન કાર્યક્રમ સવારના સુમારે બડેખા ચકલા હઝરત ખ્વાજા દાના રોડ સ્થિત હાજી દાઉદ મસ્જિદ સામે રોનક કોમ્પ્લેક્સ ખાતે સંસ્થાના પ્રમુખ મૌલાના અસગર અલીની અધ્યક્ષતામાં સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. આ કાર્યક્રમમાં પ્રમુખ મૌલાના અસગર અલી, શેખ આરીફ બાબા, એડવોકેટ આસિફ શેખ, શરીફ શેખ, આસિફ ફ્રુટવાળા મનસુર ચશ્માવાલા અને સોહેલ અલી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# મોઢ વણિક મહિલા મંડળ દ્વારા ભજન સ્પર્ધા યોજાઈ

## સ્પર્ધામાં વીણાબેન શાહ પ્રથમક્રમે વિજેતા

સુરત, તા.૧૮

પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શ્રી સુરતી મોઢ વણિક અડાજણ રાંદેર રોડ મહિલા મંડળ દ્વારા સભ્ય બહેનો માટે ભજન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫૦ થી વધુ સભ્ય બહેનોએ ભાગ લીધો હતો.જેમાં એક થી પાંચ નંબર સુધી ઈનામ આપ્યા હતા તથા દરેક સ્પર્ધક બહેનોને આશ્વાસન ઈનામ પણ આપવામાં આવ્યા હતા . કાર્યક્રમમાં પ્રમુખ ચંદ્રિકાબેન સોપારીવાળા, પૂર્વ પ્રમુખ દક્ષાબેન ગાંધી, કૈલાશબેન મોદી, ઉપપ્રમુખ અરુણાબેન જરીવાલા જયનાબેન સોપારીવાલા,ખજાનચી ઉષા ગાંધી, સ્મિતા મોદી કમિટી સભ્યો રેખાબેન ગાંધી, રમાબેન ભૂતવાલા, ભારતીબેન ગાંધી,અનિષાબેન જરીવાલા,વિરલ આસમાની,હીનાબેન પીપવાલાબીનાબેન લાકડાવાળા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમનું સંચાલન સ્મિતા મોદી દ્વારા કરવામાં આવ્યું હતું. હાજર દરેક સભ્ય બહેનોને ધનહર મસાલા તરફથી ગિફ્ટ આપવામાં આવી હતી. પ્રથમ ઈનામ વીણાબેન શાહ દ્વિતીય ક્રીમી તમાકુવાલા તૃતીય ઈલાબેન લક્ષપતિ ચતુર્થ નીતાબેન ગોદીવાલા પંચમ નિરૂબેન માંજરાવાલા.

અહેસાસ રાખીને પ્રેમ, ભક્તિ અને સ્વીકાર્યતા સાથે જીવવું જ જીવતાં-જીવતાં મુક્તિ છે.

સતગુરુ માતા જીએ માતા સવિંદર જીના જીવનથી પ્રેરણા આપતાં લાઈટ હાઉસનું ઉદાહરણ આપ્યું કે પરિસ્થિતિઓ ગમે તેવી હોય, અંદરની શાંતિ, પ્રેમ અને સકારાત્મકતાની રોશની સદૈવ કાયમ રાખો. સંતોની શિક્ષાઓને માત્ર સાંભળવી નહી, પરંતુ વિચાર, કર્મ અને જીવનમાં ઉતારવી જ વાસ્તવિક સાધના અને મુક્તિનો માર્ગ છે. આ પાવન અવસરે શ્રદ્ધાળુ ભક્તોએ તે મહાન સંત વિભૂતિઓને શ્રદ્ધાપૂર્વક નમન કરીને શ્રદ્ધા-સુમન અર્પિત કર્યા, જેમના ત્યાગ અને સમર્પણે માનવતાને મુક્તિમાર્ગ તરફ અગ્રસર કરી. સાથે જ વિશ્વભરમાં મિશનની વિવિધ શાખાઓમાં પણ 'મુક્તિ પર્વ'ના અવસરે વિશેષ સત્સંગનું આયોજન કરીને આ મહાન સંત વિભૂતિઓને શ્રદ્ધાપૂર્વક સ્મરણ કરવામાં આવ્યું. સુરતઝોનમાં લગભગ ૧૭ સ્થળો પર મુક્તિ પર્વના ઉપલક્ષ્ય માં વિશેષ સત્સંગ સમારોહ નું આયોજન કરવામાં આવ્યું જેમાં સુરત સેક્ટર, નૌગમા સેક્ટર, વલસાડ સેક્ટર, કપરાડા સેક્ટર, ઉમરગામ સેક્ટર, સેલવાસ સેક્ટર, વાપી સેક્ટર વગેરે વિસ્તારોનો સમાવેશ હતો.

**આચાર્યશ્રી**

**પેજ-૨ પાનાનું ચાલુ**

પદવીથી નવાજયા હતા. મહોત્સવમાં વૈવિધ્ય પૂર્ણ કાર્યક્રમોમાં શિબિરો, ભવ્ય અન્નકૂટ, આરતી, શાકોત્સવ, હિંડોળા ઉત્સવ, ભક્તિ નૃત્યો પાટોત્સવ વિધિ, ભક્તિ સંધ્યા, એકતાયાત્રા, ભગવાનને અભિષેક વિગેરે યોજાયા હતા. પરમ પૂજ્ય જ્ઞાનમહોદધિ આચાર્ય સ્વામીશ્રી મહારાજે આશિર્વાદમાં જણાવ્યું હતું કે, જે દેશમાં રહો તે દેશના નિયમોનું પાલન કરવું જોઈએ. મનુષ્ય સેવા, સત્સંગ, સંસ્કારના આભૂષણથી દીપી ઉઠે છે.

ભારત, અમેરિકા, ઓસ્ટ્રેલિયા,નાઈરોબી, દુબઈ, લંડન, બોલ્ટન વિગેરેના દેશોના હરિભક્તો મહોત્સવમાં ઉપસ્થિત રહ્યા હતા. શ્રી સ્વામિનારાયણ સિદ્ધાંત સજીવન મંડળ, ન્યુ જર્સીના સભ્યો, હરિભક્તોએ, બહારથી પધારેલા દેશોના હરિભક્તોએ મહોત્સવ - સેવામાં સહકાર સંપન્ન થયો હતો.

**પાસપોર્ટ ગુમ થયેલ છે**

હું, પ્રિયંકા સંકેતકુમાર પટેલ, રહેવાસી એ૧-૫૦૩, શિખિન વેલી એપાર્ટમેન્ટ, પલ શોપિંગ સામે, અલથાણ કેનાલ રોડ, સુરત-૩૯૫૦૧૭, આથી આપને વિનંતી કરું છું કે મારા તથા મારા પુત્રના પાસપોર્ટ અમારા ઘરેથી ક્યાંક ભૂલથી ગુમ થઈ ગયા છે. ઘણી જગ્યાએ શોધખોળ કરવા છતાં પાસપોર્ટ મળ્યા નથી.
ગુમ થયેલા પાસપોર્ટની વિગતો નીચે મુજબ છેઃ
૧. નામઃ પ્રિયંકા સંકેતકુમાર પટેલ પાસપોર્ટ નંબરઃ N7304979
૧. નામઃ કેયાન સંકેતુમાર પટેલ (પુત્ર) પાસપોર્ટ નંબર-U9470878
અમને શંકા છે કે પાસપોર્ટ ઘરેથી જ ક્યાંક ભૂલથી ગુમ થઇ ગયા છે. હાલમાં તે અમારી પાસે ઉપલબ્ધ નથી. જે કોઈને મળે તો નીચેના સરનામે અથવા ફોન કરી જાણ કરશો.
લિં. પ્રિયંકા સંકેતકુમાર પટેલ
સરનામું : A1-503, શિખિન વેલી એપાર્ટમેન્ટ, પલ શોપિંગ સામે, અલથાણ કેનાલ રોડ, સુરત-૩૯૫૦૧૭
મોબાઈલ નંબરઃ 9898158441 9408328231

**ઈરાનને ત્રણ**

**પહેલા પાનાનું ચાલુ**

અમેરિકા રાજદ્વારી, આર્થિક અને સૈન્ય એમ ત્રણેય રીતોનો ઉપયોગ કરી રહ્યું છે.અમેરિકી અધિકારીઓનું માનવું છે કે યુદ્ધ ચાલુ રહે તો ઈરાની સરકાર પોતાની આર્થિક મુશ્કેલીઓ માટે યુદ્ધને જવાબદાર ઠેરવી શકે છે. જ્યારે યુદ્ધ નહીં હોય, ત્યારે જનતા અને સરકારને આર્થિક સંકટનો સીધો સામનો કરવો પડશે.

**ચોમાસાની વિદાયના**

**પહેલા પાનાનું ચાલુ**

આ સૂકા પવનોના આગમનને કારણે આવનારા દિવસોમાં પંજાબ, હરિયાણા, દિલ્હી-દ્નઝઇ, રાજસ્થાન અને તેની આસપાસનાં વિસ્તારોમાં વરસાદી પ્રવૃત્તિઓમાં ભારે ઘટાડો નોંધાશે.

ચોમાસાનાં ભેજવાળા પવનો ઘટવાથી છેલ્લા કેટલાક અઠવાડિયાથી લોકોને હેરાન કરતા અસહ્ય બફારામાંથી ચોક્કસપણે રાહત મળશે અને વાતાવરણમાં ઠંડક આવશે. જોકે, આ જ સૂકી હવા વાદળોના નિર્માણને સંપૂર્ણપણે રોકી દેશે, જેના કારણે આ રાજ્યોમાં ચોમાસું લગભગ નિષ્ક્રિય થઈ જશે.

વરસાદની આ અછત દેશનાં ખેતીપ્રધાન રાજ્યો માટે અત્યંત ચિંતાજનક બાબત બની રહી છે, કારણ કે ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, કર્ણાટક અને ઉત્તર-પૂર્વના કેટલાક રાજ્યોમાં ઓછો વરસાદ થવાને કારણે પાકની સ્થિતિ અને જમીનમાં ભેજની અછત પર ગંભીર અસરો પડી શકે છે.

હવે જો બંગાળની ખાડીમાં કોઈ નવું લો-પ્રેશર સર્જાય અને તે આગળ વધીને દેશના આંતરિક ભાગો સુધી ભેજ ખેંચી લાવે, તો જ ઉત્તર અને પશ્ચિમ ભારતમાં વરસાદનો નવો દોર શરૂ થઈ શકે છે.

**કુલ**

**પહેલા પાનાનું ચાલુ**

દાખલ કરી હતી તેમાં સાંસદો-ધારાસભ્યો સામેના કેસ ફાસ્ટટ્રેક કોર્ટમાં ચલાવવાની માંગ કરવામાં આવી હતી. આ કેસ અંતર્ગત જનપ્રતિનિધિઓ સામેના અપરાધીક કેસોનો ખુલાસો થયો છે.

રિપોર્ટમાં એમ કહેવાયુ છે કે વર્ષ ૨૦૧૮થી સાંસદો-ધારાસભ્યો સામેના પેન્ડીંગ કેસો લગભગ સમાન સ્થિતિએ છે. હાઈકોર્ટોમાંથી મળેલા આંકડા મુજબ ૨૦૨૫માં ૧૨૪૩ કેસોનો નિવેડો આવ્યો હતો. પરંતુ ૧૦૫૦ નવા કેસો નોંધાયા હતા. એપિકસ કયુરીએ એવી ભલામણ કરી છે કે સાંસદો-ધારાસભ્યો માટે ડેઝીગ્નેટેડ અદાલતોમાં તેમના વિરુદ્ધના પેન્ડીંગ કેસો ચલાવવાની જરૂર છે.દેશમાં ૨૮માંથી ૧૪ રાજયોના મુખ્યમંત્રીઓ સામે કેસ છે. તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડી વિરુદ્ધ સૌથી વધુ ૮૯ કેસ છે. જયારે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારી સામે ૨૯ કેસ છે. કર્ણાટકના મુખ્યમંત્રી ડી.કે.શિવકુમાર વિરુદ્ધ ૧૯ કેસ છે. એમિકસ કયુરીએ પેન્ડીંગ કેસોના વ્હેલા નિકાલ માટે સુપ્રિમ કોર્ટના મોનીટરીંગની પણ ભલામણ કરી છે.

**ભીંડ**

**પહેલા પાનાનું ચાલુ**

ઘરે પહોંચે તે પહેલા જ આ માર્ગ અકસ્માતે તેમના પરિવારના માળખાં વિખેરી નાખ્યા છે.

ઘટનાની જાણ થતાં જ ગોહદ ચોરાહા થાણા પોલીસ ટીમ તાબડતોબ સ્થળ પર પહોંચી ગઈ હતી. સ્થાનિક ગ્રામજનોની મદદથી અકસ્માતગ્રસ્ત વાહનમાંથી ઈજાગ્રસ્તોને બહાર કાઢીને તાત્કાલિક ગોહદ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

જ્યાં પ્રાથમિક સારવાર બાદ ગંભીર રીતે ઘવાયેલા શ્રમિકોને વધુ સારવાર અર્થે ગ્વાલિયર રેફર કરવામાં આવ્યા છે. હાલમાં તમામ ૮ મૃતકોના શબને મોર્ચરીમાં રાખીને તેમની ઓળખ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**હવે જુના ગ્રાહકોને**

**પહેલા પાનાનું ચાલુ**

પ્રીમિયમ) માં ફેરફાર ત્યારે જ થશે, જયારે ગ્રાહકની ક્રેડિટ પ્રોફાઈલમાં કોઈ મોટો ફેરફાર આવ્યો હોય. આ સિવાય, વ્યાજદરના અન્ય ભાગોને લોન મળ્યાના અથવા છેલ્લી વાર વ્યાજ બદલાયાના ત્રણ વર્ષ પછી જ વધારી શકાશે.જોકે, જૂના ગ્રાહકોને જાળવી રાખવા માટે બેંકો પોતાની તરફથી વ્યાજદરો ઘટાડી શકે છે, શરત એ છે કે તેઓ કોઈની સાથે ભેદભાવ ન કરે. કોઈ પણ લોન નક્કી કરેલા બેન્ચમાર્ક રેટ કરતાં સસ્તી આપી શકાશે નહીં.

કમર્શિયલ બેંકો માટે, પર્સનલ અને ખજખઊ લોન પહેલાંની જેમ જ એક્સટર્નલ બેન્ચમાર્ક (જેમ કે રેપો રેટ અથવા ટ્રેઝરી બિલ) સાથે જોડાયેલી રહેશે. બેંકો આના માટે રેપો રેટ અથવા સરકારી સંસ્થાઓ (FBIL) દ્વારા જારી કરાયેલા દરોનો ઉપયોગ કરી શકે છે.બેંકોના પોતાના આંતરિક બેન્ચમાર્ક (જેમ કે MCLR) માટે હવે વધુ કડક નિયમો હશે. MCLR ની ગણતરી છેલ્લા ત્રણ મહિનામાં બેંક દ્વારા જમા કરવામાં આવેલી રકમ અને લીધેલી લોનની સરેરાશ પડતરના આધારે કરવામાં આવશે. આ આખી પ્રક્રિયા કોમ્પ્યુટર (સિસ્ટમ) દ્વારા થશે જેથી તેની યોગ્ય રીતે ચકાસણી કરી શકાય.

NBFCs, કો-ઓપરેટિવ બેંક અને ગ્રામીણ બેંકો માટે પોતાની લોનને એક્સટર્નલ બેન્ચમાર્ક સાથે જોડવી ફરજિયાત રહેશે નહી. તેઓ તેને પોતાની મરજીથી આંતરિક કે બાહ્ય કોઈપણ રેટ સાથે જોડી શકે છે.નાના શહેરોની બેંકો અને સંસ્થાઓને કેટલીક છૂટ પણ આપવામાં આવી છે. જે કો-ઓપરેટિવ બેંકો પાસે ૧,૦૦૦ કરોડ રૂપિયા સુધીની થાપણો છે અથવા નાની ગઈ્ઋઈત છે, તેમના માટે ત્રણ મહિના વાળી સમીક્ષા અને ત્રણ વર્ષ સુધી વ્યાજદર સ્થિર રાખવા જેવા નિયમો ફરજિયાત રહેશે નહીં.બેંકોએ હવે એ પણ જણાવવું પડશે કે તેઓ પોતાનો ઈન્ટરનલ બેન્ચમાર્ક કેવી રીતે નક્કી કરે છે. લોનના દસ્તાવેજોમાં બેન્ચમાર્ક રેટ, બદલાવાનો સમય અને તારીખ સ્પષ્ટપણે લખવી પડશે.

**ભારતમાં ૧૩.૮**

**પેજ-૨ પાનાનું ચાલુ**

કિડની રોગ સાથે જીવી રહ્યા છે અને ચીન પછી ભારત વિશ્વમાં બીજા ક્રમે છે. વિવિધ અભ્યાસો મુજબ દેશમાં પુખ્ત વયના લોકોમાં આ બીમારીનું પ્રમાણ ૧૩%થી ૧૭% વચ્ચે છે. દેશમાં દર વર્ષે અંદાજે ૨,૨૦,૦૦૦ નવા દર્દીઓ એન્ડ-સ્ટેજ કિડની ફેલ્યોર સુધી પહોંચે છે, જેમને ડાયાલિસિસ અથવા કિડની ટ્રાન્સપ્લાન્ટની જરૂર પડે છે. કિડની બગડવાના ૪૦%થી ૬૦% કેસો માટે માત્ર ડાયાબિટીસ અને હાઈ બ્લડ પ્રેશર જવાબદાર છે." દેશના ચોક્કસ ગ્રામીણ વિસ્તારોમાં ક્રોનિક કિડની ડિસીઝનું ચિંતાજનક પ્રમાણ જોવા મળે છે. ઉદાહરણ તરીકે, આંધ્રપ્રદેશના દરિયાકાંઠાના ઉદ્દાનમ વિસ્તારમાં આ બીમારીનો દર ૧૮% થી ૨૧% જેટલો ઊંચો છે. આ વિસ્તારોમાં કિડની ખરાબ થવા પાછળ ડાયાબિટીસ કે બ્લડ પ્રેશર નહી, પરંતુ અતિશય ગરમી, ભારે ધાતુઓ, દૂષિત પીવાનું પાણી અને જંતુનાશક દવાઓનો સીધો સંપર્ક મુખ્ય કારણભૂત હોવાનું સામે આવ્યું છે.

**આરએમપીએસ**

**પેજ-૨ પાનાનું ચાલુ**

આ ઉજવણી સ્વતંત્રતા દિવસ પર પ્રેરણાદાયી ભાષણ સાથે ચાલુ રહી, ત્યારબાદ શક્તિ, સંતુલન અને શિસ્તને સુંદર રીતે પ્રતિબિંબિત કરતું પ્રભાવશાળી કલાત્મક યોગ પ્રદર્શન રજૂ થયું. એક ભાવનાત્મક દેશભક્તિ ગીતે સભાને રાષ્ટ્રીય ગૌરવથી વધુ ભરી દીધી. કાર્યક્રમની એક ખાસિયત ૨૦૨૫-૨૬ ના સ્કૂલ ટોપર્સનું સન્માન હતું, જેમાં તેમની શૈક્ષણિક શ્રેષ્ઠતા અને સખત મહેનતની ઉજવણી કરવામાં આવી હતી. મુખ્ય મહેમાનએ સભાને સંબોધિત કરી, દેશભક્તિ, શિસ્ત, સમર્પણ અને રાષ્ટ્ર પ્રત્યે યુવા પેઢીની જવાબદારીઓ પર પ્રેરણાદાયી વિચારો શેર કર્યા.

**મુક્તિ પર્વમાં**

**પેજ-૨ પાનાનું ચાલુ**

દરેક શ્વાસમાં નિરાકારનો

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ ચુડાસમા રેખા ભરત હતું જે બદલીને નવું નામ ચુડાસમા ત્રિવેણીબહેન ભરતભાઈ રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી. સહી/- ચુડાસમા ત્રિવેણીબહેન ભરતભાઈ સરનામું :૧૦, ખોડીયાર કોલોની, ત્રિકમ નગર -૧ ની પાસે, વસંત ભીખાની વાળી ની પાછળ, કરંજ, સુરત ૩૯૫૦૬

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ પરાજ કરણ દૂધવાલા હતું જે બદલીને નવું નામ પરાજ કરણ દુધવાલા રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી. સહી/- પરાજ કરણ દુધવાલા સરનામું :૪, ડિવાઇન બંગ્લોઝ, રાજહંસ સિનેમાની પાછળ, પીપલોદ, સુરત - ૩૯૫૦૦૭.

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ એમડી જમાલુદ્દીન હતું જે બદલીને નવું નામ એમડી જમાલુદ્દીન અબ્દુલ કૈયુમ શેખ રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી. સહી/- એમડી જમાલુદ્દીન અબ્દુલ કૈયુમ શેખ સરનામું :ફ્લેટ નંબર-૫૦૩, રહેમાની પેલેસ, હોડી બંગલો, નવાબ મસ્જિદ પાસે, સુરત-૩૯૫૦૦૩.

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ પરવીનબાનુ મોહતશીમ સૈયદ હતું જે બદલીને નવું નામ પરવીન મોહતસીમ સૈયદ રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી. સહી/- પરવીન મોહતસીમ સૈયદ સરનામું :૩૩૨૫, નતાલી સ્ટ્રીટ, સગરામપુરા, સુરત શહેર, સુરત, ગુજરાત - ૩૯૫૦૦૨.

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ મોહતશીમ સૈયદ યુસુફ સૈયદ હતું જે બદલીને નવું નામ મોહતસીમ સૈયદ યુસુફ સૈયદ રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી. સહી/- મોહતસીમ સૈયદ યુસુફ સૈયદ સરનામું :૩૩૨૫, નતાલી સ્ટ્રીટ, સગરામપુરા, સુરત શહેર, સુરત, ગુજરાત - ૩૯૫૦૦૨.

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ નાઝેમાબેગમ જુનેદ સૈયદ હતું જે બદલીને નવું નામ નાઝેમા બેગમ જુનેદ સૈયદ રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી. સહી/- નાઝેમા બેગમ જુનેદ સૈયદ સરનામું :૩૩૨૫, નતાલી સ્ટ્રીટ, સગરામપુરા, સુરત શહેર, સુરત, ગુજરાત - ૩૯૫૦૦૨.

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ જુનેદ સૈયદ યુસુફ સૈયદ હતું જે બદલીને નવું નામ જુનેદ સૈયદ યુસુફ સૈયદ રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી. સહી/- જુનેદ સૈયદ યુસુફ સૈયદ સરનામું :૩૩૨૫, નતાલી મહોલ્લો, તાપલ બેન્ડ પાસે, સગરામપુરા, સુરત શહેર, સુરત, ગુજરાત, ૩૯૫૦૦૨.

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ બિપીનચંદ્ર સાકરલાલ પારેખ હતું જે બદલીને નવું નામ બિપીનકુમાર સાકરલાલ પારેખ રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી. સહી/- બિપીનકુમાર સાકરલાલ પારેખ સરનામું :બી.નં.ડી-૭૪, કોટયાર્ક નગર, નવયુગ સામે, રાંદેર રોડ, સુરત-૩૯૫૦૦૯.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 299-300/ Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

મંગળવાર, તા.૧૮ ઓગસ્ટ ૨૦૨૬ E-mail : pratap_darpan@yahoo.co.in મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ

# શીતલ રેસ્ટોરન્ટનું પંજાબી શાક ખાવાથી પરિવારને ફૂડ પોઈઝનિંગ થતા બાળકીનું મોત

## વરાછાના રણુજાધામ સોસાયટીમાં રહેતા કળસરિયા પરિવારનું દંપતિ અને બે મોટી દીકરીઓ સદવિચાર હોસ્પિટલમાં સારવાર હેઠળ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૮**

સુરતમાં એક જ પરિવારના પાંચ સભ્યોને ફૂડ પોઈઝનિંગની ગંભીર અસર થઈ છે, જેમાં એક ૫ વર્ષની માસૂમ દીકરીનું મોત નીપજ્યું છે. વરાછા સ્થિત રણુજાધામ સોસાયટીમાં રહેતા અશોકભાઈ કળસરિયાના પરિવારે ૧૫ ઓગસ્ટની રાત્રે 'શીતલ રેસ્ટોરન્ટ'માંથી મંગાવેલું કાજુ અને પનીરનું પંજાબી શાક ખાધા બાદ એકબાદ એક તમામની તબિયત લથડી હતી. હોસ્પિટલમાં સારવાર દરમિયાન ૧૭ ઓગસ્ટની રાતે ૫ વર્ષની માસૂમ દીકરી આર્યાનું મોત નીપજ્યું છે, જ્યારે માતા-પિતા અને બે પુત્રી સદવિચાર હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને સ્થિતી ગંભીર છે. આધારભૂત સૂત્રોએ જણાવ્યા મુજબ ૧૫ ઓગસ્ટની રાત્રે અશોકભાઈ ચકુરભાઈ કળસરિયા અને તેમનો પરિવાર રેસ્ટોરન્ટમાંથી લાવેલું પંજાબી શાક જમ્યા હતા. ૧૬ ઓગસ્ટના રોજ વહેલી સવારે ૪ વાગ્યે અશોકભાઈ અને તેમની એક દીકરીને પેટમાં અસહ્ય દુખાવો શરૂ થયો હતો. સવારે ૯ વાગ્યે સ્થાનિક ક્લિનિકમાંથી દવા લીધા બાદ બોટલ ચડાવ્યા છતાં તકલીફ શમી નહોતી અને બપોર પછી પરિવારના અન્ય સભ્યોની તબિયત પણ લથડવા લાગી હતી. પરિવારની તબિયત વધુ બિગડતાં ૫-૭ તબીબોની ટીમ






દ્વારા તેમને તાત્કાલિક સદવિચાર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જોકે, ઈમરજન્સીમાં લાવ્યાના આશરે ૧૫થી ૨૦ મિનિટમાં જ ૫ વર્ષની માસૂમ દીકરી આર્યાનું મોત નીપજ્યું હતું. અશોકભાઈ, તેમનાં પત્ની અને તેમની બે મોટી પુત્રીઓ સદવિચાર હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. હોસ્પિટલમાં દાખલ ચારેય દર્દીઓના તબીબી રિપોર્ટમાં ફૂડ પોઈઝનિંગ હોવાનું સામે આવ્યું છે. હાલ તમામની સારવાર ચાલી છે. મૃતક બાળકીના મૃતદેહને પેનલ પોસ્ટેમોર્ટમ અર્થે મોકલવામાં આવ્યો છે. પીડિત પરિવારે પોલીસ અને ઉચ્ચ અધિકારીઓ સમક્ષ અપીલ કરી છે કે આ સમગ્ર ઘટના અંગે તટસ્થ તપાસ કરવામાં આવે અને ખોરાકની ગુણવત્તામાં બેદરકારી દાખવનાર રેસ્ટોરન્ટ સંચાલકો સામે સખત કાનૂની કાર્યવાહી કરી કળસરિયા પરિવારને યોગ્ય ન્યાય અપાવવામાં આવે.

# પાલીમાં બિલ્ડિંગનો જર્જરીત લોખંડનો ગેટ તૂટી પડતા ૪ વર્ષના બાળકનું મોત

## મહાવીર પેલેસના જર્જરીત ગેટ અંગે વારંવાર રજુઆત કરાઈ હતી : એપાર્ટમેન્ટના કેમેરા પણ બંધ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૮**

સુરત શહેરના સચિન GIDC વિસ્તારમાંથી એક અત્યંત હૃદયદ્રાવક અને દુ:ખદ ઘટના સામે આવી હતી. સચિન GIDCમાં રમતા બાળક પર સોસાયટીનો લોખંડનો ગેટ પડતાં કરૂણ મોત નીપજ્યું હતું.



પાલીગામમાં કાલિમાતા મંદિર પાસે આવેલી મહાવીર પેલેસ સોસાયટીમાં રહેતા શત્રુઘ્ન મહતોનો માસૂમ ૫ વર્ષીય પુત્ર શનિ મહતો ગત તારીખ ૧૭ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ બપોરે આશરે ૧:૦૦ વાગ્યાના સુમારે પોતાની સોસાયટીના ગેટ પાસે રમી રહ્યો હતો. તે જ સમયે અચાનક સોસાયટીનો ભારેખમ લોખંડનો ગેટ બાળક પર ધડાકાભેર ખાબક્યો હતો. ગેટ સીધો માથાના ભાગે પડતાં બાળકને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટના બનતા જ આસપાસના લોકો અને પરિજનો તુરંત દોડી આવ્યા હતા. ગંભીર રીતે ઘવાયેલા શનિને તાત્કાલિક પ્રથમ સારવાર અર્થે સચિન સ્થિત સંજીવની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. ત્યારબાદ વધુ અને તાત્કાલિક સારવારની જરૂરિયાત જણાતાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેને સી.એચ.સી. હોસ્પિટલ મરોલી ખાતે લઈ જવામાં આવ્યો હતો. જોકે, હોસ્પિટલ ખાતે બપોરના અરસામાં પહોંચતાં જ તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. આ બાળકના અચાનક અવસાનથી પરિવારમાં અરેરાટી સાથે ભારે શોકનો માહોલ સર્જાયો હતો.



સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા શ્રાવણ માસ સંદભર્જે ફરાળી રોટ તથા અન્ય ખાધ સામગ્રીઓની તપાસ અર્થે સુરત શહેરના વિવિધ વિસ્તારોની દુકાનોમાં તપાસ હાથ ધરી ફરાળી લોટ ઉપરાંત અન્ય ખાધ સામગ્રીના સેમ્પલો તપાસ માટે મેળવવામાં આવ્યા હતા. તહેવારોના કારણે હરકતમાં આવેલા આરોગ્ય તંત્ર દ્વારા ઠેર ઠેર તપાસ હાથ ધરવામાં આવી છે. (તસવીર : પ્રદીપ ગોહિલ)

# ધરમપુરમાં પ્રેમ સંબંધમાં ભાગી ગયેલા જીજા-સાળીનો આપઘાત

## ૧૫મી ઓગસ્ટથી ગુમ પ્રેમી યુગલના મૃતદેહો ઝાડીમાં લટકતી હાલતમાં મળ્યા

**વલસાડ, તા.૧૮**

વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકા ના ઉકતા ગામ નો એક ચોકાવનાર કિસ્સો સામે આવ્યો. ગત પંદર ઓગસ્ટ ના દિન થી ગુમ થયેલા જીજા સાલી ના પ્રેમ પ્રકરણ ને લઇ પરિવાર જનો દ્વારા શોધખોળ હાથ ઘરી હતી. આ બન્ને પ્રેમી યુગલો ને સમાજ નો અને ઘર પરિવાર નો ડર હતો.એમના આ પ્રેમ સબન્ધ નો સમાજ સ્વીકાર નહીં કરે? એવા ડર થી ઉકતા નજીક આવેલ ઝાડી માં ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યા ની ઘટના બનતા પુરા પંથક માં ચકચાર મચી જવા પામી.અત્રે ઉલ્લેખનીય વાત એવી છે કે? પ્રેમ કરવો, અગર થઈ જવો તો શું એનું પરિણામ મોત જ હોય શકે? એવી લોક ચર્ચા ઓ થતી સાંભળવા મળી.ટૂંક માં પ્રેમી યુગલો એ કરેલી આત્મહત્યા માં પોલીસ દ્વારા ઘટના સ્થળે જઈ મૃતક ની લાશ નો કબ્જો લઇ નજીક ના સરકારી દવાખાને પી એમ માટે લઇ જવામાં આવી. પી એમ રિપોર્ટ બાદજ પ્રેમી યુગલ ના આત્મહત્યા નુ સાચું કારણ બહાર આવી શકે?

# ટીવીનો અવાજ અને સિગારેટના ધુમાડાના મુદ્દે દંપતિ પર હુમલો

## મહિધરપુરા કુંભાર શેરીના એપાર્ટમેન્ટમાં મારામારી થતા દંપતિ ચપ્પુથી ઘાયલ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૮**

સુરતના મહિધરપુરા વિસ્તારમાં ટીવીનો અવાજ વધુ રાખવા અને સિગારેટના ધુમાડાને લઈને થયેલી બોલાચાલીનો બદલો લેવા એક શખ્સે દંપતી પર ચપ્પુ વડે હુમલો કર્યો હોવાની ફરિયાદ નોંધાઈ છે. ઘટનામાં મહિલાને હાથના કોણીના ભાગે જ્યારે તેના પતિને છાતીના ડાબી બાજુ બગલ પાસે ઈજા પહોંચી હતી. બનાવ અંગે મહિધરપુરા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ ફરિયાદ મુજબ તા.૧૬ ઓગસ્ટના રોજ સાંજે ૭:૪૫થી રાત્રે ૮:૩૦ વાગ્યાના અરસામાં મહિધરપુરા હીરા બજાર વિસ્તારમાં કુંભાર શેરી ખાતે આવેલા સાંઈ દર્શન એપાર્ટમેન્ટના પાર્કિંગમાં બનાવ બન્યો હતો. ફરિયાદી શોભના ઉર્ફે સોનાલી ધર્મેશભાઈ પ્રજાપતિ, ઉંમર ૩૭ વર્ષ, રસોઈકામ કરે છે. ફરિયાદ મુજબ એપાર્ટમેન્ટમાં રહેતા મયુર ઈન્દ્રવદન જાદવ પોતાના ઘરમાં ટીવીનો અવાજ ઉંચો રાખતા હતા. ઉપરાંત તેઓ સિગારેટ પીતા હોવાથી તેનો ધુમાડો ફરિયાદીના ઘરમાં આવતો હતો.

ફરિયાદીના પુત્ર યુગને અસ્થમાની બીમારી હોવાથી ટીવીના અવાજ અને સિગારેટના ધુમાડાના કારણે તેને શ્વાસ લેવામાં તેમજ અભ્યાસ કરવામાં તકલીફ પડતી હતી. આ અંગે ફરિયાદી અને તેના પતિ આરોપી મયુરને ટીવીનો અવાજ ઓછો રાખવા તેમજ સિગારેટ ન પીવા સમજાવવા ગયા હતા. આ વાત આરોપીને લાગી આવતા તેણે દંપતી પર મનદુ:ખ રાખી બદલાની ભાવનાથી હુમલો કર્યો હોવાનો આક્ષેપ ફરિયાદમાં કરવામાં આવ્યો છે.

# જીવન નિવાર્ણ નશામુક્તિ કેન્દ્રમાં સારવાર લેતા આધેડનું ભેદી મોત

## દારૂની લતની સારવાર દરમિયાન ૪૫ વર્ષિય સતીષભાઈ બારૈયાને ઉલટી થયા બાદ બેભાન થઈ ગયા હતા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૮**

સુરત જિલ્લાના પલસાણા તાલુકાના તાતીથૈયા ખાતે આવેલા જીવન નિર્માણ નશામુક્તિ કેન્દ્રમાં સારવાર લઈ રહેલા ૪૫ વર્ષીય આધેડનું અચાનક મોત થતાં કડોદરા GIDC પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ ભાવનગર જિલ્લાના માલણકા ગામના સતીશભાઈ બુધાભાઈ બારૈયા ઉંમર વર્ષ ૪૫ નશામુક્તિ કેન્દ્રમાં સારવાર લઈ રહ્યા હતા. તા.૧૬ ઓગસ્ટના રોજ રાત્રે આશરે ૮:૨૦ વાગ્યાના અરસામાં જમ્યા બાદ તેમને અચાનક ઉલ્ટી થવા લાગી હતી અને ત્યારબાદ તેઓ બેભાન થઈ ગયા હતા.તબિયત લથડતાં તેમને તાત્કાલિક રિક્ષા મારફતે હલધરૂ પાટીયા ખાતે આવેલી ક્રિષ્ના હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. જોકે હોસ્પિટલમાં ફરજ પરના તબીબે રાત્રે ૮:૨૦ વાગ્યે સતીશભાઈને મૃત જાહેર કર્યા હતા. ઘટનાની જાણ થતાં તેમના ભાઈ રાજેશભાઈ બુધાભાઈ બારૈયાએ પોલીસને જાણ કરી હતી.આ બનાવ અંગે કડોદરા GIDC પોલીસ સ્ટેશનમાં અ.મોત નં.૧૧૨/૨૦૨૬ હેઠળ BNSSની કલમ ૧૯૪ મુજબ નોંધ કરવામાં આવી છે. પોલીસ દ્વારા આધેડના મોતનું ચોક્કસ કારણ જાણવા માટે જરૂરી તપાસ હાથ ધરવામાં આવી છે. નશામુક્તિ કેન્દ્રમાં સારવાર દરમિયાન અચાનક તબિયત બગડી મોત થતાં પોલીસ દ્વારા સમગ્ર ઘટનાની વિગતો અને સંજોગોની તપાસ કરવામાં આવી રહી છે.

# પ્રભુનગરમાં કલ્પેશ પારઘીની હત્યા ત્રણને ઝડપી પાડતી લાલગેટ પોલીસ

## ગુનામાં ઉપયોગ કરાયેલો છરો અને બાઈક પણ કબજે કરતી પોલીસ




**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૮**

કતારગામ પ્રભુનગર-૦૧ના ગેટ પાસે બેસેલા બુટલેગર કલ્પેશ પારઘીની હત્યા કેસમાં પોલીસે ૩ હત્યારાઓને પોલીસે ઝડપી પાડ્યા હતા.

આ કેસની વિગત એવી છે કે, ગત ૧૬ ઓગસ્ટની રાત્રિના આશરે પોણા અગિયાર વાગ્યાના સુમારે કતારગામ પ્રભુનગર-૦૧ના ગેટ પાસે સાર્વજનિક જગ્યા પર બેસેલા ૩૬ વર્ષીય કલ્પેશ જીવણ પારઘી નામના યુવક પર બાઈક પર આવેલા ત્રણ અજાણ્યા ઈસમોએ તીક્ષ્ણ હથિયાર વડે કમર અને સાથળના ભાગે ગંભીર ઘા ઝીંકી હત્યા કરી નાસી છૂટ્યા હતા. ઘટના અંગે મૃતકના ભાઈની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ ઉચ્ચ પોલીસ અધિકારીઓની સૂચનાથી ચોકબજાર સર્વેલન્સ ટીમે સીસીટીવી ફૂટેજ, ટેકનિકલ એનાલિસિસ અને બાતમીદારોની મદદથી ગણતરીના કલાકોમાં જ મુખ્ય આરોપી ડેનિશ ઉર્ફે ડેનીયો ઘોઘારી (ઉં.વ. ૨૪), ભગીરથ ઉર્ફે ભગી મકવાણા (ઉં.વ. ૨૨) અને સુરેશ ઉર્ફે એસ.કે. બાવળિયા (ઉં.વ. ૨૩)ને ગુનામાં ઉપયોગમાં લેવાયેલ છરા અને મોટરસાયકલ સાથે પકડી પાડ્યા હતા. પોલીસ પૂછપરછમાં ખુલાસો થયો છે કે મૃતક કલ્પેશ અને મુખ્ય આરોપી ડેનિશ વચ્ચે અગાઉ થયેલી ગાળાગાળી અને ઝઘડાની અદાવત રાખી આ હત્યાને અંજામ આપવામાં આવ્યો હતો. પકડાયેલા આરોપીઓમાંથી ડેનિશ અને ભગીરથ અગાઉ પણ ચોરી અને મારામારી જેવા ગુનાઓમાં સંડોવાયેલા હોવાનું સામે આવ્યું છે. પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સુરત, તાપી, નવસારી, વલસાડ અને ડાંગમાં છૂટો છવાયો વરસાદ

## નવસારી-ડાંગમાં એક-એક અને વલસાડમાં દોઢ ઈંચ વરસાદ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૮**

દક્ષિણ ગુજરાતમાં વરસાદી માહોલ યથાવત રહ્યો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન સુરત, તાપી, નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ નોંધાયો છે. તાપી જિલ્લામાં સોનગઢમાં સૌથી વધુ ૨૩ મિમી વરસાદ નોંધાયો હતો. નિઝરમાં ૧૪ મિમી, ઉચ્છલમાં ૩ મિમી, વ્યારામાં ૧૧ મિમી, વાલોડમાં ૧૮ મિમી, કુકરમુંડામાં ૮ મિમી, ડોરવાડમાં ૧૧ મિમી અને ઉકાઈમાં ૧૩ મિમી વરસાદ નોંધાયો હતો.સુરત જિલ્લામાં પણ કેટલાક તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. ઉમરપાડામાં ૨૬ મિમી, મહુવામાં ૮ મિમી, અરેઠમાં ૮ મિમી, અંબિકા ખાતે ૧૨ મિમી અને બારડોલીમાં ૨૦ મિમી વરસાદ નોંધાયો છે. ખાસ કરીને ઉમરપાડામાં નોંધાયેલા ૨૬ મિમી વરસાદને કારણે સ્થાનિક વિસ્તારોમાં વરસાદી માહોલ જોવા મળ્યો હતો.નવસારી જિલ્લામાં નવસારીમાં ૧૧ મિમી, જલાલપોરમાં ૫ મિમી, ચીખલીમાં ૬ મિમી, વાંસદામાં ૧૫ મિમી અને ખેરગામમાં ૨૭ મિમી વરસાદ નોંધાયો હતો. ખેરગામમાં જિલ્લામાં સૌથી વધુ ૨૭ મિમી વરસાદ નોંધાયો હતો. વલસાડ જિલ્લામાં વરસાદનું પ્રમાણ વધુ રહ્યું હતું. ધરમપુરમાં સૌથી વધુ ૪૦ મિમી વરસાદ નોંધાયો હતો, જ્યારે પારડીમાં ૩૪ મિમી, કપરાડામાં ૨૩ મિમી, નાના પોઢામાં ૨૪ મિમી, વાપીમાં ૧૪ મિમી, ઉમરગામમાં ૧૦ મિમી અને વલસાડમાં ૯ મિમી વરસાદ નોંધાયો હતો.ડાંગ જિલ્લામાં પણ વરસાદી માહોલ રહ્યો હતો. આહવામાં ૨૪ મિમી, સાપુતારામાં ૨૬ મિમી, વઘઈમાં ૧૪ મિમી અને સુબીરમાં ૨૯ મિમી વરસાદ નોંધાયો હતો. સુબીરમાં ૨૯ મિમી વરસાદ સાથે ડાંગ જિલ્લામાં નોંધપાત્ર વરસાદ થયો હતો.દક્ષિણ ગુજરાતના વિવિધ વિસ્તારોમાં વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. આગામી સમયમાં પણ વરસાદી માહોલ યથાવત રહેવાની શક્યતા વચ્ચે તંત્ર દ્વારા નદી-નાળા તથા નીચાણવાળા વિસ્તારો પર નજર રાખવામાં આવી રહી છે.

# બારડોલી સુગરની ચૂંટણીમાં ઈશ્વર પરમાર, ભાવેશ બાબેનનો પરાજય

દક્ષિણ ગુજરાતની સૌથી મોટી સુગર ફેક્ટરી બારડોલી ખાંડ મંડળીની વ્યવસ્થાપક બોર્ડની ચૂંટણીમાં કિશન પરિવર્તન પેનલનો ભવ્ય વિજય થયો હોવાનું જાણવા મળે છે. તાજેતરમાં યોજાયેલી બારડોલી ખાંડ સહકારી મંડળી લિ.ની ચૂંટણીની મતગણના આજે સવારે હાથ ધરવામાં આવી હતી. આજે બપોર સુધીમાં બિનસત્તાવાર રીતે જાહેર થયેલા પરિણામમાં કિશન પરિવર્તન પેનલનો ભવ્ય વિજય થયો હતો. જ્યારે સહકાર પેનલના મહારથી ગણાતા ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમાર અને ભાવેશ બાબેનનો કારમો પરાજય થતા દક્ષિણ ગુજરાતના સહકારી ક્ષેત્રમાં ભારે ખળભળાટ વ્યાપી ગયો છે.

# રૂા.૧.૬૩ કરોડના ગોલ્ડ માઈનિંગ ફ્રોડ કેસમાં આરોપીને જામીન આપતી કોર્ટ

## એડવોકેટ મયૂર આર. પટેલની દલીલો ગ્રાહ્ય રાખતી અદાલત

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૮**

સુરત શહેર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા આશરે રૂ.૧.૬૩ કરોડના કથિત આંતરરાષ્ટ્રીય ગોલ્ડ માઈનિંગ ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડના કેસમાં લાજપોર જેલમાં બંધ આરોપી મોહમ્મદ ઉવેશ મોહમ્મદ નસરુદ્દીનને સુરતની ૭મી એડિશનલ સેશન્સ કોર્ટ દ્વારા નિયમિત જામીન મંજૂર કરવામાં આવ્યા છે. આરોપી તરફથી એડવોકેટ મયૂર આર. પટેલે ધારદાર દલીલો કરી હતી.

બચાવ પક્ષે કોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી કે મૂળ એફઆઈઆરમાં આરોપી મોહમ્મદ ઉવેશનું નામ નહોતું અને ફરિયાદ પણ અજાણ્યા વ્યક્તિઓ વિરુદ્ધ નોંધાઈ હતી. આરોપીનો ફરિયાદી સાથે કોઈ સીધો ટેલિફોનિક સંપર્ક, ચેટિંગ કે રોકાણ માટેની લાલચ આપવાનો બનાવ સામે આવ્યો નથી. ફરિયાદી દ્વારા ગુમાવાયેલી રકમમાંથી પણ આરોપીના ખાતામાં કોઈ સીધી રકમ જમા થયાનું દર્શાવવામાં આવ્યું નથી.

એડવોકેટ મયૂર આર. પટેલે દલીલ કરી હતી કે આરોપી સામાન્ય ઈલેક્ટ્રીશ્યન છે અને મુખ્ય સૂત્રધારોની વાતોમાં આવી અજાણતા આ સમગ્ર ઘટનાનો ભોગ બન્યો હોવાની શક્યતા છે. માત્ર શંકા અથવા ભાડાના બેંક ખાતાના આધારે તેને સમગ્ર કૌભાંડનો માસ્ટરમાઈન્ડ ગણી શકાય નહી. વધુમાં કેસ દસ્તાવેજી તથા ઈલેક્ટ્રોનિક પુરાવા આધારિત હોવાથી પુરાવા સાથે છેડછાડની શક્યતા ઓછી હોવાનું પણ રજૂ કરાયું હતું.

આ ઉપરાંત આ જ કેસના સહઆરોપી મોહમ્મદ સુમૈરના જામીન અગાઉ મંજૂર થયા હોવાથી પેરીટીના આધારે પણ રાહત આપવાની માંગ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટના 'Bail is Rule, Jail is Exception'ના પ્રસ્થાપિત સિદ્ધાંતો ટાંકવામાં આવ્યા હતા. દલીલો અને કેસના સંજોગોને ધ્યાને લઈ સેશન્સ કોર્ટે મોહમ્મદ ઉવેશને રૂ.૫૦,૦૦૦ના વ્યક્તિગત બોન્ડ અને તેટલી જ રકમના એક જામીન પર શરતી નિયમિત જામીન મંજૂર કર્યા છે.

# કેનેડિયન ડોલરના સાટામાં આપેલો ચેક રિટર્ન થતા આરોપીને છ માસની કેદ


## કોલેજની ફી ભરવા માટે કેનેડાથી બેંકમાં ૨૧૭૭૧ ડોલર ટ્રાન્સફર કરાયા હતા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૮**

સુરતમાં કેનેડિયન ડોલર ૨૧,૭૭૧ની રકમના ચેક બાઉન્સ કેસમાં સુરતની નામદાર કોર્ટે આરોપી હાર્દિક દામજીભાઈ બદ્ધુખિયાને દોષિત ઠેરવી છ માસની સાદી કેદની સજા ફટકારી છે. સાથે જ ફરિયાદી નિકુંજ ચંદુભાઈ ધાણાણીને રૂ.૧૪ લાખ વળતર તરીકે ચૂકવવાનો હુકમ કર્યો છે. વળતરની રકમ ચૂકવવામાં કસૂર થાય તો વધુ એક માસની સાદી કેદ ભોગવવાનો આદેશ કરાયો છે.

મળતી વિગતો મુજબ ફરિયાદી નિકુંજ ચંદુભાઈ ધાણાણી અને આરોપી હાર્દિક દામજીભાઈ બદ્ધુખિયા વચ્ચે વર્ષ ૨૦૨૧થી પરિચય હતો. ફરિયાદીએ કેનેડાની UNIVERSITY SOUTHERN ALBERTA INSTITUTE OF TECHNOLOGY, CALGARY ખાતે અભ્યાસ માટે ફી ભરવાની હોવાથી તેના કેનેડિયન બેંક ખાતામાં ૨૧,૭૭૧ કેનેડિયન ડોલર જમા કરાવવાના હતા. આરોપીએ કેનેડિયન ડોલરમાં ફી ભરવાની ખાતરી આપતા ફરિયાદીએ તા.૨૬-૦૯-૨૦૨૩ સુધીમાં તબક્કાવાર રૂ.૧૩,૪૯,૮૦૨ ચૂકવ્યા હતા.જોકે આરોપીએ કેનેડિયન ખાતામાં રકમ જમા ન કરાવતા ફરિયાદીની રકમ પરત આપવા માટે રૂ.૧૩,૪૯,૮૦૨નો સુરત સરથાણા શાખા, કોટક મહિન્દ્રા બેંકનો ચેક આપ્યો હતો. ચેક બેંકમાં રજૂ કરાતા બાઉન્સ થયો હતો. કાયદેસરની નોટિસ બાદ પણ રકમ ચૂકવવામાં ન આવતા ફરિયાદીએ એડવોકેટ રમેશ વી. સોનેપરી મારફતે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટની કલમ ૧૩૮ હેઠળ ફરિયાદ નોંધાવી હતી. પુરાવા અને દસ્તાવેજોના આધારે કોર્ટે આરોપીને દોષિત ઠેરવી તા.૦૫-૦૮-૨૦૨૬ના રોજ સજા સંભળાવી છે.

સાંધ્ય દૈનિક
પ્રતાપ દર્પણ



તાપી જિલ્લા બ્યુરો
અબરાર મુલતાની
મો.૯૮૭૯૯ ૫૮૭૮૬

પ્રેસનોટ, જાહેર ખબર, જાહેર નોટિસો વગેરે આપવા માટે અબરાર મુલતાનીનો સંપર્ક કરવો

૧લો માળ, સર્વોદય હેન્ડલૂમ હાઉસ, જૂના બસ સ્ટેન્ડ પાસે, મુખ્ય રોડ, વ્યારા, જિલ્લો તાપી, ગુજરાત- ૩૯૪૬૫૦